Tuesday 21, July 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૬૪ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## દિલ્હીથી દમણની ફ્લાઈટને હવામાનને કારણે લેન્ડિંગમાં અડચણ



### ખરાબ હવામાનને કારણે અમદાવાદ ડાયવર્ટ કરવી પડી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૦ :** દિલ્હીથી દમણ જતી એલાયન્સ એરની ફ્લાઈટ 9I-811 સોમવારે સવારે ખરાબ હવામાન અને ઓછી દૃશ્યતાને કારણે દમણ એરપોર્ટ પર લેન્ડ કરી શકી ન હતી. પાયલોટે બે વાર સલામત ઉતરાણ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પ્રતિકૂળ હવામાનને કારણે ફ્લાઈટને અમદાવાદ ડાયવર્ટ કરવામાં આવી હતી.

અહેવાલો અનુસાર, ફ્લાઈટ સોમવારે સવારે લગભગ ૬:૩૦ વાગ્યે દિલ્હીથી આશરે ૪૦ મુસાફરો સાથે રવાના થઈ હતી. વિમાન સવારે લગભગ ૯:૦૦ વાગ્યે દમણ પહોંચ્યું હતું, પરંતુ ખરાબ હવામાન અને ઓછી દૃશ્યતાને કારણે સલામત ઉતરાણ થઈ શક્યું ન હતું. પાઈલટે સલામતીને પ્રાથમિકતા આપતા ફ્લાઈટને અમદાવાદ ડાયવર્ટ કરી હતી. અમદાવાદ પહોંચ્યા પછી, મુસાફરોને નીચે ઉતારવામાં આવ્યા હતા અને ફ્લાઈટ રદ કરવામાં આવી હતી. નોંધનીય છે કે દમણ અને દિલ્હી વચ્ચે સીધી હવાઈ સેવા તાજેતરમાં શરૂ કરવામાં આવી હતી. ખરાબ હવામાનને કારણે થયેલા વિક્ષેપને કારણે મુસાફરોને અસુવિધાનો સામનો કરવો પડ્યો હતો.

## વલસાડ જિલ્લામાં વરસાદનું રેડ એલર્ટ

### દિવસભર જિલ્લામાં ભારે વરસાદને પગલે નદી-નાળા, કોઝવે અને કોતરો છલકાયા : વલસાડ અને પારડીમાં ૪ ઈંચ વરસાદ : હજુ સુધી જિલ્લામાં સિઝનનો કુલ વરસાદ ૧૦૪૨ મી.મી. થયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૦ :** ભારતીય હવામાન વિભાગ દ્વારા વલસાડ જિલ્લામાં સોમવારે દિવસ દરમિયાન ભારે વરસાદને કારણે રેડ એલર્ટની આગાહી આપવામાં આવી હતી. જેને પગલે સમગ્ર જિલ્લા વહીવટી તંત્ર સતર્ક બન્યું હતું. દિવસભર જિલ્લામાં ભારે વરસાદને પગલે નદી-નાળા, કોઝવે અને કોતરો છલકાયા હતા. વલસાડ અને પારડી તાલુકામાં સવારે



૬ થી સાંજે ૪ વાગ્યા સુધીમાં કુલ ચાર ઈંચ વરસાદ પડ્યો હતો. દરમિયાન વલસાડ તાલુકાના મગોદડુંગરી ગામે સમુદ્ર કાંઠેથી એક અજાણ્યા ઈસમની લાશ પણ મળી આવી હતી. વીતેલા ૨૪ કલાકમાં વરસાદની માહિતી જોઈએ તો, તા. ૧૯ જુલાઈના રોજ સવારે ૬ વાગ્યાથી તા. ૨૦ જુલાઈના રોજ સવારે ૮ વાગ્યા સુધીના જિલ્લામાં સરેરાશ ૭૪.૫૭ મી.મી. વરસાદ વરસ્યો હતો. જે તાલુકાવાર જોઈએ તો, વલસાડમાં ૧૧૧ મી.મી. (મોસમનો કુલ ૧૦૪૨ મી.મી.), ધરમપુરમાં ૭૩ મી.મી. (મોસમનો કુલ ૭૨૦ મી.મી.), પારડીમાં ૧૨૦ મી.મી. (મોસમનો કુલ ૧૦૮૯ મી.મી.), કપરાડામાં ૪૨ મી.મી. (મોસમનો કુલ ૧૧૪૧ મી.મી.), ઉમરગામમાં ૬૪ મી.મી. (મોસમનો કુલ ૧૦૪૮ મી.મી.), વાપીમાં ૫૮ મી.મી. (મોસમનો કુલ ૯૪૬ મી.મી.)અને નાનાપોંઢા તાલુકામાં ૫૪ મી.મી. (મોસમનો કુલ ૮૧૨ મી.મી.) વરસાદ છેલ્લા ૨૪ કલાક દરમિયાન વરસ્યો હતો.

### વલસાડ જિલ્લામાં ૧૫ રસ્તાઓ બંધ, પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

વલસાડ જિલ્લામાં પડી રહેલા ભારે વરસાદને પગલે તા. ૨૦ જુલાઈના રોજ જિલ્લામાં માર્ગ અને મકાન પંચાયત હસ્તકના કુલ ૧૫ રોડ બંધ કરવામાં આવ્યા હતા. જેમાં પારડી તાલુકામાં ૭, નાનાપોંઢામાં એક, ઉમરગામમાં એક અને વલસાડમાં ૬ રસ્તા મળી કુલ ૧૫ રસ્તા બંધ કરાયા છે. આ બંધ કરાયેલા રસ્તા પરથી વાહન ચાલકો કે રાહદારીઓની અવરજવર ન થાય તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

## વાપી-વલસાડમાં ઔદ્યોગિક પ્રદૂષણનો મુદ્દો સંસદમાં ગુંજ્યો

### દમણના સાંસદ ઉમેશ પટેલે દમણગંગા, કોલક અને બિલખાડીના પ્રદુષણનો પ્રશ્ન અને પર્યાવરણીય મંજૂરી અંગે પ્રશ્નો ઉઠાવ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૦ :** દમણ અને દીવ લોકસભા મતવિસ્તારના સાંસદ ઉમેશ પટેલે સોમવારે લોકસભામાં વાપી-વલસાડ ઔદ્યોગિક વિસ્તારમાં વધતા પ્રદૂષણનો મુદ્દો ઉઠાવ્યો હતો. અતારાંકિત પ્રશ્ન નંબર ૧૫૫ દ્વારા, તેમણે સરકાર પાસેથી દમણ ગંગા, કોલક અને બિલખાડી નદીઓ અને દરિયાકાંઠાના વિસ્તારોમાં ફેલાતા ઔદ્યોગિક પ્રદૂષણ અંગે વિગતવાર માહિતી માંગી હતી.સાંસદ પટેલે સરકારને પૂછ્યું કે ૨૦૦૦ થી આજ સુધી નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ અને અન્ય અદાલતોના આદેશોનું ક્યાં સુધી પાલન કરવામાં આવ્યું છે, ૨૦૧૯ પછી શું કાર્યવાહી કરવામાં આવી છે, કેટલા રાસાયણિક અને ફાર્માસ્યુટિકલ ઉદ્યોગોને પર્યાવરણીય મંજૂરી આપવામાં આવી છે અને ક્રિટિકલલી પોલ્યુટેડ એરિયા (CPA/CEPI) તરીકે જાહેર કરવામાં આવ્યા હોવા છતાં નવા ઉદ્યોગોને પરવાનગી આપવા માટે કઈ વધારાની શરતો લાદવામાં આવી છે.

તેના જવાબમાં, સરકારે સ્વીકાર્યું કે વાપી-વલસાડ ઔદ્યોગિક વિસ્તારમાં પ્રદૂષણ અંગે સતત ફરિયાદો મળી રહી છે અને આ મામલો નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ સમક્ષ પેન્ડિંગ છે. સરકારે એમ પણ જણાવ્યું હતું કે



૨૦૧૯ થી વાપી ઔદ્યોગિક વિસ્તારમાં ૮૨ પ્રોજેક્ટ્સને પર્યાવરણીય મંજૂરી આપવામાં આવી છે. તેણે એ પણ પુષ્ટિ આપી કે આ વિસ્તારને ગંભીર રીતે પ્રદૂષિત વિસ્તાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે. સાંસદ ઉમેશ પટેલે જણાવ્યું હતું કે સરકારનો પ્રતિભાવ અનેક મહત્વપૂર્ણ પ્રશ્નો ઉભા કરે છે. જ્યારે વિસ્તાર ગંભીર રીતે પ્રદૂષિત હોય અને ફગ્વએ કડક પર્યાવરણીય સંરક્ષણ માર્ગદર્શિકા જારી કરી હોય ત્યારે પણ પર્યાવરણીય મંજૂરીઓ આપવી એ એક ગંભીર નીતિગત મુદ્દો છે. તેમણે કહ્યું કે ઔદ્યોગિક વિકાસ અને પર્યાવરણીય સંરક્ષણ વચ્ચે સંતુલન જરૂરી છે, પરંતુ સ્થાનિક નાગરિકોના સ્વાસ્થ્ય, નદીઓ, ભૂગર્ભજળ અને દરિયાઈ ઈકોસિસ્ટમના ભોગે વિકાસ સ્વીકાર્ય ન હોઈ શકે.

તેમણે કહ્યું કે આ મુદ્દો ફક્ત સંસદ પૂરતો મર્યાદિત રહેશે નહીં, પરંતુ સંબંધિત મંત્રાલય, કેન્દ્ર અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને અન્ય સક્ષમ અધિકારીઓ સમક્ષ પણ સતત ઉઠાવવામાં આવશે, જેથી દમણગંગા, કોલક અને બિલખાડી નદીઓને પ્રદૂષણથી મુક્ત કરી શકાય અને પર્યાવરણીય કાયદાઓનું કડક પાલન સુનિશ્ચિત કરી શકાય.

શોપીંગમાં દુકાન વેચાણથી આપવાની છે
વાપીમાં
એક દમ વ્યાજબી ભાવથી
સુપરસ્ટોર, કલાસીસ, દવાખાના લાયક
(લાઈટ-પાણીની સુવિધા સાથે)
દુકાન નં. G-1 (542 Sq.tt.), G-2 (542 Sq.tt.), G-3 (542 Sq.tt.), G-5 (542 Sq.tt.)
સ્થળ : લેક પ્લેસ રેસીડેન્સી શોપીંગમાં, ગુરુદ્વારા સામે, લેકચુની બાજુમાં મેઈન રોડ, ડુંગરા-વાપી
સંપર્ક : 7567773331
દલાલોએ તસ્દી લેવી

## ગુંદલાવમાં બેંકે ૧૬ દુકાનો સીલ કરતાં ચકચાર

### બિલ્ડરે દુકાનો વેચ્યા બાદ અન્યના નામે દસ્તાવેજ કરી લાખોની છેતરપિંડી કરી હોવાનો ઘટસ્ફોટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૦ :** વલસાડ તાલુકાના કલવાડાગામે આવેલ સાંઈલીલા કોમ્પ્લેક્ષમાં દુકાનો ખરીદનારા ગ્રાહકો સાથે મોટો વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગુંદલાવના બિલ્ડર અને વેચનારે ગ્રાહકોને કાયદેસર વેચાણ દસ્તાવેજ કરી આપ્યા બાદ, તેમની જાણ બહાર આ દુકાનો અન્ય વ્યક્તિના નામે ટ્રાન્સફર કરી તેના પર કરોડો રૂપિયાની લોન મેળવી લઈ છેતરપિંડી કરતા બેંકે તમામ ૧૬ દુકાનો સીલ કરી દીધી છે.

વલસાડ તાલુકાના ફણસવાડા ગામે રહેતા ભુલાભાઈ દુર્લભભાઈ પટેલ ઉં.વ. ૬૨, તથા અન્ય સાક્ષીઓએ વલસાડ રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે વર્ષ ૨૦૨૨ દરમિયાન કલવાડા સ્થિત 'સાંઈલીલા કોમ્પ્લેક્ષ'માં આવેલી અલગ-અલગ દુકાનો અવિકાસ દીપકભાઈ શ્રીવાસ્તવ (રહે. શક્તિનગર, ગુંદલાવ, વલસાડ) પાસેથી ખરીદી હતી. ખરીદદારોએ સરકાર ના નિયમ મુજબ સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશન ફી ભરીને વલસાડ સબ-રજિસ્ટ્રાર કચેરી ખાતે કાયદેસરના વેચાણ દસ્તાવેજો કરાવી લીધા હતા. દુકાનોના નાણાં ચૂકવીને તેનો કબ્જો મેળવી લીધા બાદ, અચાનક જૂન ૨૦૨૪માં HDFC બેંક સુરત શાખા ના કર્મચારીઓ, વકીલ અને કોર્ટ કમિશનર દુકાનોનો કબ્જો લેવા પહોંચ્યા હતા. બેંકના અધિકારીઓએ દુકાનદારોને જણાવ્યું હતું કે આ તમામ ૧૬ દુકાનો કિશનભાઈ ધરમશીભાઈ વધાસીયા (રહે. સુરત)ના નામે બોલે છે અને તેમણે બેંકમાંથી ૯૦ લાખ ની લોન લીધી છે. લોન અને તેનું વ્યાજ મળીને કુલ ૧,૧૭,૪૦,૫૨૦ ની ભરપાઈ ન થતાં કોર્ટના હુકમથી બેંકે આ દુકાનો સીલ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. તપાસમાં સામે આવ્યું કે, આરોપી અવિકાસ દીપકભાઈ શ્રીવાસ્તવે ખરીદદારોની જાણ બહાર અને બંદ ઈરાદે આ દુકાનોનો દસ્તાવેજ કિશનભાઈ વધાસીયાના નામે કરી આપ્યો હતો. કિશનભાઈએ આ દુકાનો પર HDFC બેંકમાંથી કરોડોની લોન ઉપાડી લીધી હતી.

આરોપી અવિકાસ શ્રીવાસ્તવે ફરિયાદી ભુલાભાઈ પટેલ અને અન્ય સાક્ષીઓ પાસેથી દુકાન વેચાણ પેટે કુલ ૧૭,૯૯,૭૩૮ ની રકમ મેળવી લીધી હોવા છતાં, તેમની સાથે ગુનાહિત વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી હતી.

આ અંગે ભુલાભાઈ પટેલે વલસાડમાં આરોપી અવિકાસ દીપકભાઈ શ્રીવાસ્તવ વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે અને પોતાના ખરીદ દસ્તાવેજો તથા આધાર પૂરાવા પોલીસ સમક્ષ રજૂ કર્યા છે. પોલીસે આ મામલે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 / 9825390301
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

## વાપીમાં ૨ ઇંચ વરસાદ નોંધાયો




### ચલામાં વૃક્ષ-પોલ ધરાશાઈ થતા વીજ પુરવઠો ખોરવાયો, હળવાથી ભારે ઝાપટાથી જનજીવન પ્રભાવિત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** વાપીમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન વરસાદી માહોલ યથાવત રહ્યો છે. દિવસ દરમિયાન સરેરાશ ૨ ઈંચ વરસાદ નોંધાયો હતો. જેના કારણે આ સિઝનનો કુલ વરસાદ ૩૭ ઈંચને પાર પહોંચી ગયો છે. સવારથી જ આકાશમાં વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. દિવસ દરમિયાન હળવાથી ભારે વરસાદી ઝાપટાઓ પડતા રહ્યા. સતત વરસાદના કારણે હાઈવે તેમજ શહેરી વિસ્તારના માર્ગો ઉપર ઠેર ઠેર પાણીના ખાબોચિયા ભરાયા હતા અને રસ્તાઓ પર વાહન વ્યવહાર ધીમો પડ્યો હતો. જેના કારણે લોકોના રોજિંદા કામકાજને અસર થઈ હતી. પવન સાથે પડેલા વરસાદને કારણે ચલા વિસ્તારમાં દોલતનગર સામે સોસાયટીવાળા રોડ પર એક મોટું વૃક્ષ વીજપોલ સાથે ધરાશાઈ થયું હતું. આ ઘટનાને પગલે આસપાસના વિસ્તારનો વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. વીજતંત્રની ટીમ ઘટનાસ્થળે પહોંચીને પોલ અને વૃક્ષ હટાવવાની કામગીરી કરી હતી.સદનશીબે ઘટનામાં કોઈને કોઈ પણ પ્રકારની ઈજા થઈ ન હતી. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં પણ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential
VIDYA DHAM INTERNATIONAL SCHOOL • VAPI •
LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
% Early Bird Discount
Till 31st March
FREE Textbooks
From Nursery to Std 10
Special Concession
On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

શ્રદ્ધાંજલિ/સંયુક્ત બેસણું



સ્વ. ડૉ. પ્રભાતસિંહજી ભગવાનસિંહજી પરમાર
૦૨/૦૬/૧૯૪૭ - ૧૭/૦૭/૨૦૨૬

હે નાથ જોડી હાથ પાયે પ્રેમથી સહુ લાગીએ,
શરણું મળે સાચું તમારું એ હૃદયથી માંગીએ,
જે જીવ આવ્યો આપ પાસે ચરણમાં અપનાવજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.

પરમ કૃપાળુ પરમાત્માના ચરણોમાં લીન થયેલા અમારા પિતાજી/કાકાજી/બનેવી સાહેબશ્રી,
સ્વર્ગસ્થ ડૉ. પ્રભાતસિંહજી ભગવાનસિંહજી પરમાર
ના દિવ્ય આત્મા ની પ્રાર્થના સભા અને સંયુક્ત બેસણું,
ગુરૂવાર, તારીખ ૨૩/૦૭/૨૦૨૬ ના રોજ નિર્ધારીત છે.

સમય: બપોરે ૨:૦૦ થી સાંજે ૫:૦૦ કલાકે
સ્થળ: કલા કેન્દ્ર ભવન, ઓપોઝિટ પોસ્ટ ઓફિસ, સિલવાસા, દાદરા અને નગર હવેલી

શોકાતૂર:
શ્રી જતિનસિંહજી પ્રભાતસિંહજી પરમાર (પુત્ર)
શ્રી વિરેન્દ્રસિંહજી પ્રભાતસિંહજી પરમાર (પુત્ર)
શ્રીમતી તૃપ્તિબા વિરાજસિંહજી માટીએડા (પુત્રી)
શ્રીમતી નમ્રતાબા જતિનસિંહજી પરમાર (પુત્રવધૂ)
શ્રીમતી શીતલબા વિરેન્દ્રસિંહજી પરમાર (પુત્રવધૂ)
શ્રી વિરાજસિંહજી મોતીસિંહજી માટીએડા (જમાઈ સાહેબશ્રી)

શ્રી વિજયસિંહજી ભગવાનસિંહજી પરમાર (ભાઈ શ્રી)
શ્રી પરિમલસિંહજી દૌલતસિંહજી પરમાર (ભત્રીજા)
શ્રી પ્રકાશસિંહજી અમૃતસિંહજી પરમાર (ભત્રીજા)

શ્વસુર પક્ષ:
શ્રી બળવંતસિંહજી મોહનસિંહજી ચૌહાણ
ડૉ. શ્રી છત્રસિંહજી મોહનસિંહજી ચૌહાણ
શ્રી ફતેહસિંહજી મોહનસિંહજી ચૌહાણ
શ્રી રાકેશસિંહજી મોહનસિંહજી ચૌહાણ

તથા સમસ્ત પરમાર અને ચૌહાણ પરિવાર

# માલેગામમાં ટેન્ટ હાઉસનાં સંચાલકોએ નીતિ નિયમોનાં ધજાગરા ઉડાડયા

**ગિરિમથક સાપુતારાની તળેટીમાં માલેગામ ખાતે ત્રણ જેટલા ટેન્ટ હાઉસનાં સંચાલકો દ્વારા પરવાનગી વિના જંગલ ટ્રેકિંગ સહીત એડવેન્ચર પ્રવૃત્તિઓ ચલાવતા પ્રકૃતિ અને પ્રવાસીઓની સુરક્ષા જોખમમાં,તાત્કાલિક તપાસ કરી કાર્યવાહી કરવાની સ્થાનિકોની માંગ**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સાપુતારા, તા. ૨૦ :** ડાંગ જિલ્લાના ગિરિમથક સાપુતારાની તળેટીમાં આવેલા માલેગામ ગામનાં ગામતળમાં આદિવાસી ખેડૂતોની ૭૩AA જમીનોમાં મંજૂરીઓ વિના ત્રણ જેટલા ટેન્ટ હાઉસ ઉભા કરી ગેરકાયદેસર રીતે જંગલ ટ્રેકિંગ સહિત એડવેન્ચર પ્રવૃત્તિઓ ચલાવવામાં આવતી હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ છેલ્લા ઘણા વર્ષોથી ચાલતી હોવા છતાંય જિલ્લા વહીવટી તંત્રનાં અધિકારી કાર્યવાહી કરવાની જગ્યાએ જાણે મુકબધીર બનીને બેઠા હોય તેવુ જોવા મળી રહ્યુ છે. જેથી સ્થાનિકોમાં આ મામલે ભારે રોષ જોવા મળી રહ્યો છે અને સમગ્ર પ્રકરણની ઉચ્ચસ્તરીય તપાસ કરી કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર માલેગામ ગામની ગામતળમાં ત્રણ સ્થળોએ ટેન્ટ હાઉસ કાર્યરત છે. જેમાં (૧) સોમાભાઈ મહાદેભાઈ ગાયકવાડની જમીનમાં રાજુભાઈ મોઢવાડિયા દ્વારા સંચાલિત ટેન્ટ હાઉસ, (૨) સુરેશભાઈ બન્સીભાઈ ભોયેની જમીનમાં ગોપાળભાઈ પાદરીયાનું ટેન્ટ હાઉસ અને (૩) કાશીરામભાઈ સોમાભાઈ ઠાકરેની જમીનમાં ઋષિરાજ મોરીનું ટેન્ટ હાઉસ સામેલ છે. આ આક્ષેપો મુજબ, ત્રણેય ટેન્ટ હાઉસનાં સંચાલકો દ્વારા ગ્રામપંચાયત, નગર નિયોજન,વન વિભાગ અથવા અન્ય સંબંધિત સરકારી સત્તાધિકારીઓ પાસેથી જરૂરી મંજૂરી લેવામાં આવી નથી.સ્થાનિકોના જણાવ્યા મુજબ ટેન્ટ હાઉસનાં સંચાલકો દ્વારા કમાણીનાં લ્હાયમાં કોઈપણ કાયદેસર મંજૂરી અને સલામતીના ધોરણો વિના જંગલ ટ્રેકિંગ અને એડવેન્ચર પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી રહી છે. જો આવી પ્રવૃત્તિ દરમિયાન કોઈ પ્રવાસીઓ ઉપર જંગલી જાનવર હુમલો કરે અથવા અકસ્માત કે જાનહાનિ થાય તો તેની જવાબદારી કોણ લેશે વહીવટી તંત્ર કે ટેન્ટ હાઉસનાં સંચાલકો જે ગંભીર પ્રશ્ન ઊભો થયો છે. હાલમાં સ્થાનિકોમાં માંગ ઉઠી છે કે જિલ્લા વહીવટીતંત્ર, વન વિભાગ, ગ્રામ પંચાયત, પોલીસ, તથા અન્ય સંબંધિત વિભાગો દ્વારા સમગ્ર મામલે તાત્કાલિક તપાસ હાથ ધરી તમામ જરૂરી પરવાનગીઓની ચકાસણી કરવામાં આવે.જો ગેરરીતિ સામે આવે તો જવાબદાર ટેન્ટ હાઉસનાં સંચાલકો અને જમીન માલિકો સામે કાયદેસરની કાર્યવાહી કરી આ ત્રણેય ટેન્ટ રિસોર્ટને સીલ કરવામાં આવે તેમજ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર તાત્કાલિક રોક લગાવવામાં આવે તેવી માંગ ઉઠી છે. નહિતર આ મુદ્દે આવનાર દિવસોમાં સ્થાનિકો દ્વારા મુખ્યમંત્રી સુધી રજુઆતની ચીમકી ઉચ્ચારી છે. અત્રે નોંધનીય છે કે થોડા સમય પહેલા જ ડાંગ જિલ્લાનાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી એચ.બી.પટેલે ડાંગ જિલ્લામાં ચાલતા ગેરકાયદેસર ટેન્ટ હાઉસ,રિસોર્ટસ, હોટલ, હોમ સ્ટે સામે કાયદાકીય પગલા ભરવા અંગે જે તે ગ્રુપ ગ્રામ પંચાયતનાં તલાટીકમ મંત્રીઓને સૂચનો જાહેર કર્યા હતા.ત્યારે ડાંગ જિલ્લાનાં સાપુતારાની તળેટી વિસ્તારમાં આવેલ માલેગામ ગ્રુપ ગ્રામ પંચાયતમાં પરવાનગી વગર ચાલતા આ ત્રણ ટેન્ટ હાઉસ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી સિલ કરાશે કે પછી રહેમ નજર હેઠળ છોડી મુકાશે તે આવનાર દિવસોમાં જ માલુમ પડશે.

# ખેરગામ- વલસાડ રોડ પર કડૈયા પુલ હજુ અધુરો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ખેરગામ, તા. ૨૦ :** વલસાડ ગુદલાવ ખેરગામ રાજ્ય ધોરી માર્ગ ૭૦૧ ઉપર વલસાડ સ્મશાનભૂમિ પાસે ઔરંગા નદી ઉપર જુના નીચા પુલની બાજુમાં નવો ઉંચો પુલ દોઢ વર્ષ પહેલા બનાવવાનો શરૂ કરવામાં આવ્યો હતો મુદત પૂરી થતાં તા. ૧૪-૭-૨૬ના રોજ પ્રજા માટે ખુલ્લો મુકાવાનો હતો.

રૂા.૩૩.૮૬ કરોડની ટેન્ડર રકમથી બની રહેલા આ પુલનું માંડ અડધું કામ પૂરું થયેલું દેખાતાં હજી સંપૂર્ણ કરતા એકાદ વર્ષ નીકળી જશે એવું ચર્ચાય છે. વલસાડ માર્ગ મકાન વિભાગ - રાજ્ય દ્વારા નિર્મિત હાઈ લેવલ મેજર બ્રિજના પ્રારંભમાં ગર્ડર બેસાડવાનુ સ્ટ્રક્ચર ધ્વસ્ત થતાં જ ભારે ચર્ચામાં આવ્યો હતો. ૨૪થ૧૦ મીટરના નવ ગાળાવાળા પિયર બનવાના હતાં. જેમાં હવે બે ત્રણ નો વધારો થતાં ૧૩ થયા છે. હાલમાં એક માત્ર બે ગર્ડર તૈયાર થયા છે.

નવા પુલના પૂર્વ છેડે મુકાયેલું કામની વિગત નું સુધારેલું નવું પાટીયુ મુકાય તો પ્રજાને ખબર પડે કે શું ફેરફાર થયો છે. ૧૭ જુલાઈએ કાર્યરત કરવાનો આ પુલ પ્રજાને માટે હવે પછી ક્યારે તૈયાર કરી ખુલ્લો મુકાશે.

ધારાસભ્ય અને સંસદ સભ્ય આ અંગે તપાસ કરી પ્રજાને જાણ કરે તે જરૂરી છે અને જો આ પુલ કાર્યરત થશે તો પણ સૌથી મોટો અવરોધ વલસાડ શહેરમાં પ્રવેશવા માટે છીપવાડના અંડરપાસ છે, જેમા પાણી ભરાયેલા હશે તો વાહન ચાલકો માટે ચોમાસામાં ઊંચો પુલ નકામો બનશે અને હાઈવે થઈને ફરીથી ચકરાવે વલસાડમાં આવવું પડશે જેથી બંને વિધાનસભ્ય સાંસદ વહેલી તકે છીપવાડ રેલવે ઓવરબ્રિજ પણ નિર્માણ કરાવે તે સમયની માંગ છે અને તે બનાવવા માટે પણ ત્રણ ચાર વર્ષ રાહ જોવી પડશે. જેથી ચારેક ચોમાસા સુધી આ નવા પુલનો ઉપયોગ થઈ શકશે નહીં, નકામો ધોળો હાથી બનશે. ૪૦ ગામડાની પ્રજા હજુ પણ વિકાસની રાહ જોઈ રહી છે. ઓવરબ્રિજની લાલ ટોપી કોંગ્રેસી કેન્દ્રમંત્રીના સમયથી મોગરાવાડી ગુંદલાવ, ખેરગામ તાલુકાની પ્રજા પ્રતિક્ષા કરી રહી છે. ૧૨ વર્ષથી ડબલ એન્જીન શાસન પણ માગ સંતોષી શક્યા નથી.

# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૨૧-૦૭-૨૦૨૬, **વાર :** મંગળવાર **તિથિ :** અષાઢ, આઠમ **સૂર્યોદય :** ૦૬ : ૦૯ **સૂર્યાસ્ત** ૦૭ :૨૨, **ચંદ્રોદય** - ૧૨:૪૧ **ચંદ્રાસ્ત** - ૧૨:૦૬ **ચંદ્ર રાશિ :** તુલા, **નક્ષત્ર** - ચિત્રા

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આર્થિક સ્થિતિ મજબૂત રહેશે, પરંતુ બિનજરૂરી ખર્ચાઓ પર નિયંત્રણ રાખવું. વેપારીઓ માટે દિવસ સારો છે અને પરિવાર સાથે સારો સમય વિતશે.

**વૃષભ(બ.વ.ઉ) :** મંગળનું ગોચર આ રાશિ માટે આર્થિક પ્રગતિ લાવશે. મહેનત રંગ લાવશે, લાંબા સમયથી અટકેલા કામો પૂરા થશે અને ખેડૂતો માટે ઉત્તમ દિવસ છે.

**મિથુન(ક.છ.ઘ) :** નાણાકીય લેવડ-દેવડમાં ખૂબ સાવધાની રાખવી. બિનજરૂરી જોખમ ન લેવું અને અટકેલા સરકારી કામોમાં વિલંબ થઈ શકે.

**કર્ક(ડ.હ) :** સૂર્ય અને ગુરુની કૃપાથી આર્થિક લાભ થશે અને ધનલાભના નવા રસ્તા ખુલશે. કાર્યક્ષેત્રે પ્રભાવ વધશે અને અધિકારીઓનો સહયોગ મળશે.

**સિંહ(મ.ટ.) :** શુક્રની સ્થિતિ તમને સુખ-સુવિધાઓ પાછળ ખર્ચ કરવા પ્રેરશે. ઓફિસમાં સ્પર્ધાત્મક વાતાવરણ રહેશે, જેમાં તમે તમારી ક્ષમતા સાબિત કરી શકશો.

**કન્યા(પ.ઠ.ણ.) :** તમારા કાર્યોમાં ચોકસાઈ રાખવાથી ફાયદો થશે. વિદ્યાર્થીઓ માટે સારો સમય છે અને અટવાયેલા રૂપિયા પાછા મળવાની પૂરી સંભાવના છે.

**તુલા (ર.ત.) :** નવો વેપાર કે ભાગીદારી શરૂ કરવા માટે દિવસ શુભ છે. આર્થિક બજેટનું સુંદર આયોજન થશે અને પારિવારિક જીવનમાં ખુશીઓ આવશે.

**વૃશ્ચિક(ન.ય.) :** આર્થિક મૂંઝવણો ધીમે-ધીમે દૂર થશે અને સુરક્ષિત રોકાણથી લાભ થશે. કોઈપણ પ્રકારના વાદ-વિવાદથી દૂર રહેવું.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** જૂના સંપર્કોથી લાભ થશે અને અટકેલા કાર્યો પૂર્ણ થશે. વેપારમાં પ્રગતિના નવા અવસર મળશે.

**મકર(જ.ખ) :** નાણાકીય રોકાણ માટે દિવસ અનુકૂળ છે. તમારા અધિકારીઓ તમારા કામની પ્રશંસા કરશે. સ્વજનોની મદદથી અટકેલા પ્રશ્નો ઉકેલાશે.

**કુંભ(ગ.શ.સ.) :** બિનજરૂરી વિવાદોથી બચવું. લોન કે ડોક્યુમેન્ટને લગતા કાર્યો સફળતાપૂર્વક પૂર્ણ થશે. જૂની યાદો તાજી થશે અને મન પ્રસન્ન રહેશે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** વેપારીઓ અને ટ્રેડર્સ માટે મોટો આર્થિક નફો થવાની સંભાવના છે. નોકરીમાં આવતી મુશ્કેલીઓ દૂર કરવાનો રસ્તો મળી જશે.

# ખજુરડી અને બામખાડી ઉપર ઉંધા દિશા સૂચક પાટીયાઓથી વાહન ચાલકો પરેશાન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ચીખલી, તા. ૨૦ :** વલસાડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાંથી પસાર થતી નદી અને કોતરો ઉપર વરસાદી પાણી ભરાઈ જાય તે માટે તંત્ર દ્વારા દિશા સૂચક પાટિયાઓ લગાવવામાં આવ્યા છે. ત્યારે ખજૂરડી અને અંદરગોટા ગામને જોડતા બામખાડી ઉપર લગાવેલ દિશા સૂચક પાટીયા ઉંધા લગાવતા વાહન ચાલકોને ભામ ખાડી ઉપરથી પસાર થવું કે નહીં તેની કોઈ જાણ થઈ શકતી નથી.

ગ્રામ્ય વિસ્તારોમાંથી પસાર થતી નદી, નાળા તેમજ કોતરો ઉપરથી વરસાદી પાણી ફરી વળે તે સમયે વાહન ચાલકો તેમજ રાહદારીઓએ પસાર થવું કે નહીં તે માટે તંત્ર દ્વારા દિશા સૂચક પાટીયાઓ લગાવવામાં આવતા હોય છે અને હાલમાં તંત્ર દ્વારા દિશા સૂચક પાટીયાઓ લગાવવામાં આવ્યા છે પરંતુ વલસાડ તાલુકાના ખજુરડી અને અંદરગોટા ગામને જોડતા બામખાડી ઉપર લગાવેલા પાટીયામાં ખજૂરડી તરફથી આવતા વાહન ચાલકોને યોગ્ય રીતે દિશા સૂચક પાટીયા વાંચવા મળી રહ્યા છે. પરંતુ અંદરગોટા તરફથી આવતા વાહન ચાલકો માટે લગાવવામાં આવેલા પાટીયા ઉંધા લગાવવામાં આવ્યા છે. જેથી કરીને વાહન ચાલકોને બામખાડી ઉપરથી પસાર થવું કે નહીં તે જાણી શકાતું નથી ત્યારે તંત્ર દ્વારા લગાવવામાં આવેલા પાટીયા જે અંડરગોટા થી ખજુરડી તરફ જાય ત્યારે યોગ્ય રીતે વાંચી શકાય તે રીતે લગાવવામાં આવે તે જરૂરી બન્યું છે.

# બીલીમોરાના સોમનાથ સંકુલમાં શ્રીમદ દેવી ભાગવત કથામાં ભકતો ઉમટયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા.૨૦ :** બીલીમોરા સોમનાથ મહાદેવ મંદિર પ્રાગણમાં રામીબેન આમલીયન હોલમાં આધ્યાત્મિક ઉર્જાથી ઓતપ્રોત એવા સાત દિવસીય શ્રીમદ્ દેવી ભાગવત કથા મહોત્સવનો બુધવારે પાવન પ્રારંભ થયો હતો. જેમાં રોજ બપોરે ૩ થી ૬ દરમ્યાન ૪૦૦ થી વધુ ભક્તો કથા શ્રાવણ કરી માતાજીનાં પ્રાગટય, મહાત્મ્ય પ્રસંગોનો મર્મ સમજી રહ્યા છે. બીલીમોરા સોમનાથ પ્રાગણમાં અષાઢ મહિનો અને ગુપ્ત નવરાત્રીનાં પાવન અવસરે ખેરગામના કથાકાર જય જોષીનાં કંઠે શ્રીમદ દેવી ભાગવત કથાએ ભક્તોને ઘેલા કર્યા છે. શિવચરણ સોસાયટીમાં ગીતાબેન જીતેન્દ્રભાઈ સોલંકીનાં ઘરેથી બુધવારે વિધિવત પૂજા-અર્ચના



બાદ ભક્તિભાવથી ભરપૂર કળશ પોથી શોભાયાત્રા નીકળી હતી. સોમનાથ દાદાના આશીર્વાદ લઈ કથા સ્થળે પહોંચી હતી. આ પ્રસંગે ખેરગામનાં જાણીતા કથાકાર જયભાઈ જોષી શ્રીમદ દેવી ભાગવતની અમૃતમય કથા દ્વારા ભક્તોને આધ્યાત્મિક માર્ગદર્શન આપી રહ્યા છે.

કથા સંચાલક હાર્દિક ગાંધી અને ટીના ગાંધી ભક્તોની સેવામાં જહેમત ઉઠાવી રહ્યાં છે. સોમનાથ મંદિર ટ્રસ્ટ એ વિનામુલ્યે હોલની સેવા કરી છે. આ પ્રસંગે પાલિકા પ્રમુખ મનીષ પટેલ, નિરવ ટેલર, મુખ્ય અતિથિ જીઆઈડીસી એસો. પ્રમુખ, સોમનાથ મંદિર ટ્રસ્ટીઓ, આચાર્ય જોગીન્દ્ર વ્યાસ, મહાદેવ વ્યાસ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા છે. શ્રીમદ દેવી ભાગવત કથા ભક્તિ, સંસ્કાર અને આધ્યાત્મિક ઉન્નતિનું પવિત્ર કેન્દ્ર બની રહી છે, જ્યાં દરેક ભક્ત આત્મશાંતિનો અનોખો અનુભવ કરી રહ્યો છે.

# દમણ રેડિયો

**102.3 FM**

**મંગળવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

# નવસારીમાં ભાજપ સંગઠન માટે બેઠક યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા.૨૦ :** ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા તેમજ પ્રદેશ મહામંત્રી અને દક્ષિણ ઝોનના પ્રભારી પ્રશાંતભાઈ કોરાટે નવસારી જિલ્લા ભાજપ અધ્યક્ષ ભુરાભાઈ શાહના નિવાસસ્થાને શુક્રવારે શુભેચ્છા મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન પક્ષાના સંગઠનને વધુ મજબૂત બનાવવા, કાર્યકર્તા આધારિત સંગઠનને નવી ગતિ આપવા તથા આગામી સમયમાં યોજાનારા વિવિધ કાર્યક્રમોને સફળ બનાવવા અંગે નેતાઓ વચ્ચે આત્મીય ચર્ચા-વિચારણા થઈ હતી. બેઠકના અંતે સંગઠનની શક્તિ, કાર્યકર્તાઓનું સમર્પણ અને સૌના સહયોગથી સેવા, સંગઠન અને વિકાસના સંકલ્પ સાથે આગળ વધવા માટે હાકલ કરવામાં આવી હતી. નવસારી મહાનગર પાલિકા મેયર અશોક ધોરાજીયા, સાંસદ ધવલ પટેલ,ધારાસભ્ય નરેશ પટેલ અને ધારાસભ્ય રાકેશ દેસાઈ ઉપસ્થિત રહયા હતાં.

# નવસારી જિલ્લામાં ફ્લેગશિપ યોજનાઓ અંગે સમીક્ષા બેઠક યોજાઈ

**નવસારી જિલ્લાને દેશનો મોડલ જિલ્લો બનાવવા માટે મનોમંથન : સ્વચ્છતા, જળ વ્યવસ્થાપન, ગ્રામ વિકાસ અને પંચાયત એડવાન્સ ઈન્ડેકસના વિવિધ વિષયો પર પ્રેઝન્ટેશન રજુ કરાયા**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**નવસારી, તા.૨૦ :** ભારત સરકારના કેન્દ્રીય જળશક્તિ મંત્રી -વ- નવસારીના સાંસદ સી.આર. પાટીલના અધ્યક્ષસ્થાને નવસારી સર્કિટ હાઉસ ખાતે જિલ્લાના સર્વાંગી વિકાસને કેન્દ્રમાં રાખી ફ્લેગશિપ યોજનાઓ, જળ સ્વચ્છતા તથા ગ્રામ વિકાસના વિવિધ વિષયો અંગે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લાના વિકાસલક્ષી કાર્યક્રમોની પ્રગતિ તેમજ ભાવિ આયોજન અંગે વિભાગવાર વિસ્તૃત પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં.

બેઠકમાં કેન્દ્રીય જળશકિત મંત્રીએ નવસારી જિલ્લાને



દેશભરમાં મોડલ જિલ્લો બનાવવા માટે ભારત સરકારના અધિકારીઓ દ્વારા અભ્યાસ કરીને જે ઈન્ડેકસ તૈયાર કરવામાં આવ્યો છે તે મુજબ કામગીરી હાથ ધરવા જણાવ્યું હતું.

તેમણે નવસારી જિલ્લામાં સુકન્યા સમૃધ્ધિ યોજના હેઠળ બાકી રહેલી દીકરીઓના ખાતાઓ ખોલવા, સ્વચ્છતા અભિયાન હેઠળ કચરાનો નિકાલ તથા ગામના મુખ્ય રસ્તાથી ગામ સુધી વૃક્ષારોપણ થાય તે અંગે સૌને માર્ગદર્શન આપ્યું હતું.

બેઠકની શરૂઆતમાં નવસારી જિલ્લા કલેક્ટરમનીષ ગુરવાનીએ નવસારી જિલ્લામાં અમલમાં રહેલી વિવિધ ફ્લેગશિપ યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

બેઠકમાં ભારત સરકારના પંચાયતી રાજ મંત્રાલયના ડિરેક્ટર વિપુલ ઉજ્જવલે નવસારી જિલ્લાને સમગ્ર દેશમાં રોલ મોડેલ બનાવવા માટે જિલ્લાનો સંપુર્ણ ઈન્ડેકસ રજુ કર્યો હતો. અને કયા ક્ષેત્રે આગળ વધી શકાય તે માટેના માર્ગદર્શક સુચનો રજુ કર્યા હતાં.

# નવસારીની સરકારી અનાજની ૯ દુકાનોમાં આકસ્મિક તપાસ હાથ ધરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ગણદેવી, તા. ૨૦ :** નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ જાહેર વિતરણ વ્યવસ્થામાં પારદર્શિતા લાવવા માટે પુરવઠા વિભાગ દ્વારા સરપ્રાઇઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ગુરુવારે જિલ્લાની કુલ ૯ ટીમોએ વિવિધ ૯ વાજબી ભાવની દુકાનો પર આકસ્મિક દરોડા પાડ્યા હતાં. આ તપાસ દરમિયાન મોટાભાગની દુકાનોમાં અનાજના સ્ટોકમાં વ્યાપક વધ-ઘટ અને અનિયમિતતાઓ સામે આવી હતી, જેમાં નવસારી શહેરના ગૌરીશંકર મહોલ્લાની દુકાનમાં મોટા પ્રમાણમાં ઘઉં-ચોખાનો જથ્થો વધુ મળ્યો હતો, જિલ્લા નાગરિક પુરવઠા અધિકારીની અખબારી યાદી મુજબ, આ ગંભીર બેદરકારી બદલ કસૂરવાર વાજબી ભાવની દુકાનના સંચાલકોને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે, અને તેમનો ખુલાસો આવ્યા બાદ કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# ખેરગામ ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં પ્રવેશ શરુ

**ખેરગામ, તા. ૨૦ :** બીજીવાર ની પ્રવેશ જાહેરાત - ૨૦૨૬ માટે આઈટીઆઈ. ખેરગામમાં પ્રવેશ મેળવવા ઓનલાઈન પ્રવેશ ફોર્મ તા.૧૯/૦૭/૨૦૨૬થી ૨૨-૭-૨૬ સુધીમાં ભરવાના છે. જે પ્રવેશ ફોર્મ વિના મૂલ્યે ભરાશે. એક વર્ષવાળા ૬ કૉર્ષમાં ૧૨૮ જગ્યા અને બે વર્ષવાળા ૪ કોર્ષમાં ૪૮ બેઠક ખાલી છે. ધોરણ ૧૦ પછી આઈટીઆઈના ૨ વર્ષના કોર્ષ કરનારને ધોરણ ૧૨ સમકક્ષ ગણી ડિપ્લોમાના ત્રીજા સેમેસ્ટરમાં સીધો પ્રવેશ મળશે.

# બહેજ પ્રા. શાળા રમતોત્સવમાં ઝળકી



**ખેરગામ, તા. ૨૦ :** તા. ૧૮/૦૭/૨૦૨૬ના રોજ ચીમનપાડા મેદાનમાં પાટી ગીતામંદિર હાઈસ્કુલના આચાર્ય રાકેશભાઈના કન્વિનરપદે ખેરગામ તા.કક્ષાનો રમતોત્સવ યોજાયો જેમાં બહેજ પ્રા. શાળાના બાળકોએ વિવિધ રમતોમાં ભાગ લઈ ૨૨માં વિજેતા બન્યા હતા. ૧૩ બાળકો પ્રથમ ક્રમે, ૭ દ્વિતિય ક્રમે તથા ૨ તૃતિય ક્રમે વિજેતા બનતા શાળા તથા બહેજ ગામમાં આનંદની લાગણી છવાઈ હતી. તા.પ્રા. શિક્ષણાધિકારી મનિષભાઈ, શાળાના આચાર્ય સેજલભાઈ પટેલ - સ્ટાફ, સરપંચ ભાનુબેન પટેલ, બીઆરસી. વિજયભાઈ પટેલ, કિરીટ સોલંકી, સંઘ પ્રમુખ દિવ્યેશભાઈ સોલંકી, પ્રશાત પટેલ, ગ્રામજનોએ અભિનંદન આપી ખુશીની લાગણી વ્યક્ત કરી હતી. હવે વિજેતા ૧૦ બાળકો ૧૩ રમતોમા જિલ્લાકક્ષાએ ભાગ લેવા જશે જેઓને મહાનુભાવોએ શુભેચ્છા આશિષ આપ્યા હતાં.

# ડાંગમાં વીજ કરંટ લાગવાથી એક પશુનું મોત

**આહવા, તા. ૨૦ :** ડાંગ જિલ્લાના સુબીર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં વીજ કરંટ લાગવાથી એક ગાયનું મોત નીપજતાં પશુપાલક પરિવારમાં શોકની લાગણી ફેલાઈ છે.

મળતી માહિતી મુજબ, લવચાલી ગ્રામ પંચાયત વિસ્તારના ચીખલી ગામના રહેવાસી પશુપાલક કાશીરામ પવારના ખેતરમાં તા.૧૮ જુલાઈના રોજ સાંજે છ વાગ્યાના સુમારે, એક ગાય વીજ કરંટની ઝપેટમાં આવી જતાં તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. ઘટનાની જાણ થતાં ગ્રામજનો તથા પરિવારજનો સ્થળ પર દોડી આવ્યા હતા.

આ અંગે સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા તાલુકા વિકાસ અધિકારી, સુબીરને લેખિત જાણ કરવામાં આવી છે.

## સુડોકુ નં.૬૩૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 2 | | 6 | | | |
| 8 | | 4 | | | | 7 | | 6 |
| 3 | 6 | | | 1 | | | 8 | 2 |
| | 7 | | | | | | 9 | |
| 4 | | | 3 | | 9 | | | 5 |
| | 1 | | | | | | 6 | |
| 6 | 5 | | | 3 | | | 7 | 8 |
| 7 | | 2 | | | | 6 | | 9 |
| | | | 4 | | 7 | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**સુડોકુ નં.૬૩૧નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 4 | 5 | 1 | 2 | 8 | 7 | 6 | 9 |
| 8 | 6 | 7 | 9 | 4 | 5 | 2 | 1 | 3 |
| 1 | 9 | 2 | 7 | 3 | 6 | 5 | 8 | 4 |
| 2 | 7 | 1 | 6 | 8 | 4 | 9 | 3 | 5 |
| 5 | 8 | 9 | 3 | 7 | 2 | 1 | 4 | 6 |
| 6 | 3 | 4 | 5 | 9 | 1 | 8 | 7 | 2 |
| 9 | 2 | 6 | 4 | 1 | 7 | 3 | 5 | 8 |
| 4 | 1 | 8 | 2 | 5 | 3 | 6 | 9 | 7 |
| 7 | 5 | 3 | 8 | 6 | 9 | 4 | 2 | 1 |

## વાપી શાક માર્કેટમાં ફરી દબાણ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, ૨૦ :** વાપી ટાઉનના શાકભાજી બજાર વિસ્તારમાં મહાનગરપાલિકા દ્વારા ગેરકાયદે દબાણ દૂર કરી માર્ગ ખુલ્લો કરાયા બાદ ફરીથી લારી અને પાથરણાવાળાઓએ રસ્તા પર કબજો જમાવી દીધો હોવાનું સામે આવ્યું છે. જેના કારણેઆ વિસ્તારમાં ફરી ટ્રાફિક જામ અને રાહદારીઓને અવરજવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વાપી ટાઉન ના સરદાર ચોકથી ગિરધારી બિલ્ડિંગ, નાઝાબાઈ રોડ તેમજ કુમાર શાળાથી ફિશ માર્કેટ સુધીના કચ્છી ગામ રોડને મળતા માર્ગ પર છેલ્લા ઘણા વર્ષોથી શાકભાજી વેચતા વેપારીઓએ રસ્તા પર દબાણ કરી દીધું હતું. સ્થાનિક રહેવાસીઓએ ટ્રાફિકની સમસ્યા અને જનતાને પડતી હાલાકી અંગે મહાનગરપાલિકામાં અનેક રજૂઆતો કર્યા બાદ એપ્રિલ મહિનામાં દબાણ હટાવ વિભાગે પોલીસ બંદોબસ્ત સાથે કાર્યવાહી કરી સમગ્ર માર્ગ ખુલ્લો કરાવ્યો હતો. જોકે, છેલ્લા કેટલાક દિવસોથી ફરી શાકભાજીના વેપારીઓ, લારીધારકો અને પાથરણાવાળાઓએ રસ્તા પર કબજો કરી લેતાં અગાઉ જેવી જ સ્થિતિ સર્જાઈ છે. રસ્તો સાંકડો બનતા વાહનચાલકો અને રાહદારીઓને ભારે અગવડનો સામનો કરવો પડી રહ્યો છે અને પીક અવર્સ દરમિયાન ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે.

આ વિસ્તારના રહેવાસીઓએ મહાનગરપાલિકાના વહીવટી તંત્ર અને દબાણ હટાવ વિભાગને ફરીથી અસરકારક કાર્યવાહી કરી કાયમી ઉકેલ લાવવા માંગ કરી છે. સ્થાનિકોનું કહેવું છે કે માત્ર એક વખત દબાણ દૂર કરવાથી સમસ્યાનો ઉકેલ આવતો નથી, પરંતુ નિયમિત દેખરેખ અને કડક અમલવારી જરૂરી છે જેથી જાહેર માર્ગો પર ફરી ગેરકાયદે કબજો ન થઈ શકે અને વાપી શાકભાજી માર્કેટમાં કેટલાક બની બેઠેલા કહેવાતા વેપારી દ્વારા દબાણ કરાઈ રહ્યું છે હોવાની બૂમ ઊઠવા પામી છે આ અંગે ટ્રાફિક પોલીસ દ્વારા તપાસ કરી કાર્યવાહી કરવામાં આવે તેવી માંગો કરાઈ રહી છે

## પારડીની કોલેજમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૦ :** જે. પી. પારડીવાલા આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ કિલ્લા પારડી ખાતે રાષ્ટ્રીય સેવા યોજના ફલ્લ ક્લાયમેટ ચેન્જ સમિતિ અને ઉન્નત ભારત અભિયાન અંતર્ગત સંજીવનની ૨૦૨૬ અતુલ ફાઉન્ડેશન ના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું કાર્યક્રમનો મુખ્ય હેતુ પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો તેમજ વિદ્યાર્થીઓમાં વૃક્ષો પ્રત્યે પ્રેમ અને જવાબદારીની ભાવના વિકસાવવાનો હતો કાર્યક્રમમાં કોલેજના ઇન્ચાર્જ આચર્યા ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈની પ્રેરણાદાયી ઉપસ્થિતિ રહી હતી એનએસએસ કાર્યક્રમ પ્રોગ્રામ ઓફિસર ડૉ. જીતુભાઈ ભોઈ ડૉ. રશ્મિબેન પરમાર તથા ડૉ. વૈશાલીબેન ચાવડાના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક વૃક્ષારોપણ કર્યું હતું કાર્યક્રમમાં કોલેજના અન્ય પ્રાધ્યાપકો, સ્ટાફમિત્રો, ક્લાયમેન્ટ ચેન્જન કોઓર્ડિનેટર ડૉ. હેતલ રાઠોડ અને ઉન્નત ભારત અભિયાનના કોઓર્ડિનેટર ડૉ.વૈશાલી ચાવડાએ પણ સક્રિય સહભાગિતા નોંધાવી અને વિદ્યાર્થીઓને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો

વિદ્યાર્થીઓએ કોલેજ પરિસરમાં વિવિધ પ્રકારના વૃક્ષોના રોપાઓનું વાવેતર કરી તેમની નિયમિત સંભાળ રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સફળતાપૂર્વક સંપન્ન થયો અને સૌએ હરિયાળું, સ્વચ્છ તથા પર્યાવરણમૈત્રી સમાજના નિર્માણ માટે પોતાનું યોગદાન આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમ એનએસએસની સેવાભાવના સામાજિક જવાબદારી અને પર્યાવરણ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ બની રહ્યો હતો.

## વાપીની આર.કે.દેસાઈ કોલેજમાં મોન્સૂન ફેસ્ટ કાર્યક્રમ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** આર. કે. દેસાઈ ગ્રુપ ઑફ કોલેજીસ અંતર્ગત આર. કે. દેસાઈ કોલેજ ઑફ કોમર્સ અને મેનેજમેન્ટ વિભાગ દ્વારા તા. ૧૮ જુલાઈ, ૨૦૨૬ ના રોજ વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા, કલાત્મક અભિવ્યક્તિ અને સાંસ્કૃતિક પ્રતિભાને પ્રોત્સાહન આપવા મોન્સૂન ફેસ્ટ - ૨૦૨૬ ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી.આ પ્રસંગે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, આ સમગ્ર સ્પર્ધાનું આયોજન કલ્ચર કમિટી ના મેમ્બર પ્રો . સ્વેતા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની કલાત્મક, સર્જનાત્મક અને સંગીતમય પ્રતિભાનું મનોહર પ્રદર્શન કર્યું. વેસ્ટ ટુ વન્ડર સ્પર્ધામાં પ્રથમ સ્થાન શિવાની સિંહ એ પ્રાપ્ત કર્યું. અમ્બ્રેલા પેઈન્ટિંગ અને કોટન કેનવાસ ચિત્રકલા સ્પર્ધામાં પ્રથમ સ્થાન શુભી તિવારી, મોહાટો ચાંદની અને રોહન પટેલ એ પ્રાપ્ત કર્યું. મોન્સૂન ફોટોગ્રાફી સ્પર્ધામાં પ્રથમ સ્થાન રિંકલ પટેલ, બીજા સ્થાને ધ્રુવી પટેલ અને ત્રીજા સ્થાને ઓમ સિંહ રહ્યા. જ્યારે રિધમ ઑફ રેઈન અંતર્ગત ડાન્સ અને સિંગિંગની મનમોહક રજૂઆતથી સમગ્ર વાતાવરણ આનંદમય બની ગયું હતું, જેમાં પ્રથમ સ્થાન દેવયાની ભાકરે અને સિદ્ધ પટેલ એ પ્રાપ્ત કર્યું. બોટલ બૂટિક સ્પર્ધામાં પ્રથમ સ્થાન યાદવ મેઘાએ પ્રાપ્ત કર્યું.કાર્યક્રમ દરમિયાન કોલેજના પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર હાજરી આપી અને તમામ સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા. વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો અને ઈનામો અર્પણ કરી તેમની પ્રતિભાને બિરદાવવામાં આવી. મોન્સૂન ફેસ્ટ - ૨૦૨૬ મહાવિદ્યાલયના શૈક્ષણિક અને સાંસ્કૃતિક જીવનમાં એક યાદગાર ઉજવણી તરીકે નોંધાયો.

આ પ્રસંગે ચેરમેન મિલન દેસાઈ, કેમ્પસ ડિરેક્ટર ડૉ. મિત્તલ શાહ, પ્રિન્સિપાલ ડૉ. શીતલ ગાંધી તેમજ વિવિધ વિભાગોના હેડ ડૉ. પ્રિન્સી ઠાકુર, પ્રો. ચિત્રા શેઠ અને ડૉ. અમિત સોનવણે એ વિજેતાઓ, તમામ સ્પર્ધકો, નિર્ણાયકો તેમજ આયોજકોને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

### સોશિયલ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટના કિરણ રાવલ દ્વારા

## વાપી પંથકમાં જરુરીયાતમંદ ૬૨ પરિવારને રાશન કીટનું વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** વાપી સોશિયલ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી અને સમાજસેવક કિરણ રાવલ દ્વારા આ વર્ષે બીજી વખત ગરીબ જરૂરિયાતમંદ પરિવારો માટે રાશન કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. વાપી તથા વલસાડ જિલ્લાના આસપાસના વિસ્તારોમાં કુલ ૬૨ રાશન કીટોનું નિઃસ્વાર્થ ભાવે વિતરણ કરવામાં આવ્યું.સ્થાનિક લોકોએ કિરણ રાવલના આ માનવતાભર્યા સેવાકીય કાર્યની પ્રશંસા કરી હતી.



દરેક રાશન કીટમાં ચોખા, ઘઉંનો લોટ, તુવેર દાળ, ખાદ્ય તેલ, ખાંડ, ચા તથા વિવિધ મસાલાના પેકેટોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. અંદાજે ૧૮ કિલો વજનની આ કીટો પરિવારના સભ્યોની સંખ્યા મુજબ નાની અને મોટી એમ બે પ્રકારમાં તૈયાર કરવામાં આવી હતી.

કિરણ રાવલે જણાવ્યું કે સમાજના મધ્યમવર્ગીય પરિવારોને મુશ્કેલીના સમયમાં સહારો મળે તે હેતુથી આ સેવા કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આ વર્ષે બીજી વખત ગરીબ જરૂરિયાતમંદ પરિવારો માટે રાશન કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

રાશન કીટ મળતાં પરિવારોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ખાસ કરીને નાના બાળકોના ચહેરા પર ખુશીની લાગણી સ્પષ્ટ જોવા મળી હતી. સ્થાનિક લોકોએ કિરણ રાવલના આ માનવતાભર્યા સેવાકીય કાર્યની પ્રશંસા કરી હતી.



## ચલા વોર્ડ ૬માં પ્રજાલક્ષી કાર્યાલયનું ઉદ્ઘાટન કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** વાપી મનપાની ચૂંટણી સંપન થયા બાદ પ્રજાના પ્રશ્નો સાંભળવા સૌ પ્રથમ કાર્યાલય ચલા વોર્ડ નંબર ૬ માં શરૂ કરવામાં આવ્યું. આ પ્રસંગે

કાર્યક્રમમાં ઉપસ્થિત વોર્ડ નંબર ૬ ના ચૂંટાયેલા કોર્પોરેટ મિત્તલ બેન નંદાણયા, ભાવલેશ કોટડીયા, Taslim બેન, ધર્મેશ પટેલે તમામ લોકો, ગણમાન્યો, સમર્થકો અને નાગરિકોનો આભાર વ્યક્ત કરતા જણાવાયું કે સૌના સમર્થનથી આ પ્રસંગ ખરેખર ખાસ બની ગયો.

આ પ્રસંગે વોર્ડ નંબર ૬ ના ચૂંટાયેલા કોરીપોર્ટર સાથેઆ કાર્યાલય માત્ર એક ઓફિસ નથી, પરંતુ વોર્ડ ૬ની જનતાને વધુ સુલભ, વધુ જવાબદાર અને વધુ સમર્પિત સેવા આપવાની આપણી પ્રતિબદ્ધતાનું પ્રતીક છે.

ઉદ્ઘાટન સમારોહમાં સાથી કોર્પોરેટરો અશ્વિન કંસારા, માજી કાઉન્સિલર મનોજ નંદનીયા, આમિર ભાઈ, શિલ્પેશ દેસાઈ, મહાનુભાવો અને વોર્ડના તમામ નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

આ પ્રસંગે એવો પણ સંકલ્પ લેવામાં આવ્યો કે વોર્ડ ૬ને વધુ મજબૂત, વધુ સ્માર્ટ અને વધુ સમૃદ્ધ બનાવવા માટે સૌ સાથે મળીને કામ કરીશું.વોર્ડ ૬ના લોકો માટે કાર્યાલયના દરવાજા હંમેશા ખુલ્લા રહેશે.

## ઉમરગામ રાજસ્થાન સેવા સમિતિ દ્વારા રકતદાન શિબિર યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૦ :** રાજસ્થાન સેવા સમિતિ, ઉમરગામ દ્વારા માનવસેવાના ઉદ્દેશ સાથે સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓએ ઉત્સાહભેર ભાગ લઈ રક્તદાન કરીને માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

શિબિર દરમિયાન લાયન પુરીબેન પોપટ બ્લડ બેન્કના સેવાભાવી ડોક્ટરો અને સ્ટાફે ખડે પગે રહી રક્તસંગ્રહની કામગીરી કરી શિબિરને સફળ બનાવી હતી. આ પ્રસંગે રાજસ્થાન સેવા સમિતિની યુવા પાંખ, સમિતિના પ્રમુખ તેમજ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. તેમણે રક્તદાન કરનાર તમામ દાતાઓનો આભાર વ્યક્ત કરી તેમના સેવાભાવને બિરદાવ્યો હતો.

કાર્યક્રમના અંતે રાજસ્થાન સેવા સમિતિ દ્વારા તમામ રક્તદાતાઓને સ્મૃતિભેટ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આયોજકોએ વધુમાં વધુ લોકો નિયમિત રક્તદાન કરી જરૂરિયાતમંદોના જીવન બચાવવા માટે આગળ આવે તેવી અપીલ કરી હતી. રક્તદાન એ મહાદાન - તમારું એક યુનિટ રક્ત કોઈને નવું જીવન આપી શકે છે.

## ટુકવાડામાં ‘અર્થમંથન’ બિઝનેસ મીટ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** ટુકવાડા અવધ ખાતે MD Realtyના ઉપક્રમે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ માટે ‘અર્થમંથન’ નામની વિશેષ બિઝનેસ મીટનું આયોજન કરવામાં આવ્યું હતું. મેરીગોલ્ડ હોલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં RERA કાયદો, સુરક્ષિત રિયલ એસ્ટેટ રોકાણ, બિઝનેસ ગ્રોથ, મોનેટાઈઝેશન અને કેપિટલ સ્ટ્રક્ચરિંગ જેવા વિષયો પર નિષ્ણાતોએ માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, સલવાવના ટ્રસ્ટી કપિલ સ્વામીજીના આશીર્વચનથી થઈ હતી. તેમણે સેવાભાવ, કરુણા અને સદુપયોગથી સંપત્તિને સ્થિર રાખવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. મુખ્ય વક્તા ડો. લલિત રાઈથાથાએ જણાવ્યું હતું કે રિયલ એસ્ટેટમાં રોકાણ પહેલાં RERA નોંધણી, જમીનનું ટાઈટલ, મંજૂરીઓ અને બિલ્ડરના ટ્રેક રેકોર્ડની તપાસ કરવી જરૂરી છે. RERA કાયદો ખરીદદારોને પારદર્શિતા અને કાયદાકીય સુરક્ષા આપે છે.

ડો. શૈલેશ લુહારે નાના રોકાણોથી લાંબા ગાળે નાણાકીય સ્વતંત્રતા પ્રાપ્ત કરી શકાય તેમ જણાવ્યું હતું. દેવેન ચોક્સીએ યોગ્ય નાણાકીય આયોજન અને કેપિટલ સ્ટ્રક્ચરિંગથી વ્યવસાયને નવી દિશા મળી શકે તેમ જણાવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા MD Realtyના દીપકભાઈ પાટીલ, હેમંતભાઈ પંથ, ગગનભાઈ ચતુર્વેદી, મધુરભાઈ આહીર અને હરદેવસિંહ રાઠોડે જહેમત ઉઠાવી હતી.

## વાપી ભાજપના અગ્રણીએ અંધજન શાળાના બાળકો સાથે જન્મદિવસ ઉજવ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** વાપીના ભાજપના અગ્રણી અને ઉદ્યોગ જગત સાથે સંકળાયેલા સંજયભાઈ સિંદેએ પોતાનો જન્મદિવસ સમાજસેવાના માધ્યમથી અનોખી રીતે ઉજવ્યો. તેમણે પરિવાર સાથે વલસાડ ખાતે આવેલી અંધજન શાળાની મુલાકાત લઈને ત્યાં રહી અભ્યાસ કરતા બાળકો સાથે દિવસ પસાર કર્યો.

સંજયભાઈ અને તેમના પરિવાર - પત્ની, પુત્ર, પુત્રી તથા મિત્રોએ બાળકોને પોતાના હાથે ભોજન પીરસ્યું. આ પ્રસંગે તમામ બાળકોને મીઠાઈ, ચોકલેટ અને વોટરબેગ ભેટમાં આપવામાં આવી. બાળકોમાં રહેલી સંગીત અને કલાની પ્રતિભા જોઈને તેઓ ભાવુક થઈ ગયા હતા. બાળકો સાથે ભજન અને ગરબાની રમઝટ પણ માણી હતી.

કાર્યક્રમમાં અશ્વિની રાણે, ધનાજી જાધવ, અંતેશ્વર બિરાદર, રામચંદ્ર તાટે, હનુમંત રાઉત, પપ્પુ દેવસરકર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## વલસાડ જિલ્લામાં પ્રથમવાર ખાડા પૂરવા માટે કોલ્ડમિક્સ ટેકનોલોજીનો અમલ

(જિજ્ઞેશ સોલંકી દ્વારા)

**વલસાડ, તા. ૨૦ :** ચોમાસા દરમિયાન પાણીના ભરાવાના કારણે વારંવાર રસ્તાઓ બિસ્માર બનવાના કે ખાડા પડવાના બનાવો બને છે. જેનાથી વાહનચાલકોને રાહત મળે તે માટે કેન્દ્ર સરકારની દિલ્હી સ્થિત ઈન્સ્ટીટ્યુટ દ્વારા સંશોધન કરી લોખંડના ભુક્કામાંથી ચોમાસામાં રસ્તાનું પેચવર્ક કરવાનો નવીનતમ વિચાર અપાતા વલસાડ જિલ્લામાં ચાલુ વર્ષે પ્રથમવાર માર્ગોના ખાડાઓનું ઝડપી અને ગુણવત્તાસભર રીપેરીંગ કામ માટે વલસાડ જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગ દ્વારા (ઈકોફિક્સ) કોલ્ડમિક્સ ટેકનોલોજીનો પ્રાયોગિક ધોરણે ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. આ પ્રયોગ અંતર્ગત વિવિધ આબોહવા અને ટ્રાફિકની પરિસ્થિતિઓમાં મટિરિયલની કામગીરી, ટકાઉપણું અને અસરકારકતાનું સમયાંતરે મૂલ્યાંકન કરવામાં આવશે.




આ અંગે વલસાડ પંચાયત માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર ભાવેશ એમ. પટેલે જણાવ્યું કે, દિલ્હીના સેન્ટ્રલ રોડ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ (કાઉન્સિલ ઓફ સાયન્ટીફીક એન્ડ ઈન્ડ્રસ્ટીલ રીસર્ચ) દ્વારા Ramuka Global Services Pvt. Ltd.ના સહયોગથી વિકસાવવામાં આવેલી આ ટેકનોલોજી માર્ગ સમારકામ માટે એક નવીન અને પર્યાવરણ મૈત્રી વિકલ્પ છે. આ ટેકનોલોજીમાં સ્ટીલ ઉદ્યોગની આડપેદાશ એવા પ્રોસેસ્ડ સ્ટીલ સ્લેગ (લોખંડનો ભુક્કો) નો ઉપયોગ કરીને વિશેષ પ્રકારનું કોલ્ડમિક્સ મટિરિયલ તૈયાર કરવામાં આવે છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, આ મિશ્રણમાં પ્રોસેસ્ડ સ્ટીલ સ્લેગ એગ્રીગેટ્સને વિશિષ્ટ પોલિમરિક બાઈન્ડર સાથે સંયોજિત કરવામાં આવે છે, જેના કારણે મટિરિયલ વધુ મજબૂત, પાણી પ્રતિરોધક અને લાંબા સમય સુધી ટકાઉ રહે છે. તેની વિશેષતા એ છે કે, તેને કોઈપણ ગરમી આપ્યા વિના સામાન્ય તાપમાને સીધું જ ઉપયોગમાં લઈ શકાય છે. ઉપરાંત, વરસાદી પરિસ્થિતિમાં પાણી ભરાયેલા ખાડાઓમાં પણ ટેકકોટિંગ વિના અસરકારક રીતે પેચવર્ક કરી શકાય છે. માત્ર ૨૦ મીનીટમાં જ કોલ્ડ મિક્સ ખાડા સાથે સેટ થઈ જાય છે.

આ પ્રાયોગિક અમલના પરિણામોના આધારે ભવિષ્યમાં પંચાયતના માર્ગો પર આ ટેકનોલોજીનો વધુ વ્યાપક ઉપયોગ કરવામાં આવશે, જેથી માર્ગ જાળવણીની કામગીરી વધુ ઝડપી, ગુણવત્તાસભર અને ટકાઉ બની શકે. સાથે જ સ્ટીલ ઉદ્યોગની આડપેદાશનો પુનઃઉપયોગ થવાથી પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ વિકાસને પણ પ્રોત્સાહન મળશે.

## દમણમાં વેક્ટર-બોર્ન રોગો અંગે નોડલ શિક્ષકો માટે તાલીમ કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૦ :** ડેન્ગ્યુ વિરોધી મહિનો કાર્યક્રમના ભાગ રૂપે, દાદરા અને નગર હવેલી, દમણ અને દીવના રાષ્ટ્રીય વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ વિભાગે ૧૭ જુલાઈ, ૨૦૨૬ ના રોજ દમણના કોન્ફરન્સ હોલમાં સરકારી અને ખાનગી શાળાઓના નોડલ શિક્ષકો માટે એક તાલીમ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.



ડો. ગણેશ વર્ણેકરે, રાજ્ય કાર્યક્રમ અધિકારી, રાષ્ટ્રીય વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ, દાદરા અને નગર હવેલી, દમણ અને દીવ, દમણ અને ઉચ્ચ જોખમવાળા વિસ્તારોમાં વેક્ટર-બોર્ન રોગો (ખાસ કરીને મેલેરિયા અને ડેન્ગ્યુ) ની વર્તમાન સ્થિતિ વિશે માહિતી પૂરી પાડી. તેમણે વેક્ટર્સના સંવર્ધન અને વર્તન તેમજ સંકલિત વેક્ટર મેનેજમેન્ટ સહિત તેમના નિયંત્રણ માટેની પદ્ધતિઓ વિશે પણ સમજાવ્યું.

કન્સલ્ટન્ટ વિશાલ દમાલિયાએ શાળા આયોજન અને નોડલ શિક્ષકોની ભૂમિકા સમજાવી. તેમણે શાળા સ્તરે હાથ ધરવામાં આવનાર વિવિધ પ્રવૃત્તિઓ વિશે પણ માહિતી આપી. મેલેરિયા ઈન્સ્પેક્ટર હર્ષદ અને ફાઈલેરિયા ઈન્સ્પેક્ટર મેહુલે મચ્છરના લાર્વા, એડીસ મચ્છર અને ગેમ્બુસિયા માછલીનું પ્રદર્શન કર્યું.

આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય મચ્છરજન્ય રોગો વિશે જનજાગૃતિ વધારવાનો અને મચ્છરમુક્ત શાળા વાતાવરણ સુનિશ્ચિત કરવાનો હતો.

## રાજપુરી જંગલના મુખ્ય માર્ગ પર અસ્ટોલની પાઈપ લાઇનનું પુરાણ ધસી પડ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૦ :** ધરમપુર તાલુકાના રાજપુરી જંગલના મુખ્ય માર્ગથી ગોમતીપાડા તરફ જતા ખોલવહડ પાસે માર્ગની બાજુમાં અસ્ટોલ યોજના દ્વારા અંડરગ્રાઉન્ડ પાણીની પાઈપલાઈન નાખ્યા બાદ કરવામાં આવેલ માટીનું પુરાણ ધસી પડતાં વાહનચાલકો સહિત રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. રસ્તાની બાજુની માટી ધસી પડતાં પાઈપલાઈનનો કેટલોક ભાગ પણ હવે દ્રશ્યમાન થવા પામ્યો છે.




આ માર્ગ પહેલેથી જ સાંકડો હોવાથી રસ્તાની બાજુમાં માટી ધસી પડવાના કારણે સામેથી મોટું વાહન આવે ત્યારે અન્ય વાહનને સાઈડ આપવી મુશ્કેલ બની રહી છે. પરિણામે વાહનચાલકોને જોખમ વચ્ચે પસાર થવાની ફરજ પડી રહી છે. અસ્ટોલ યોજના હેઠળ કરવામાં આવેલા પુરાણ ને લઈ લાલિયાવાડી બહાર આવવા પામી છે.

રાજપુરી જંગલથી ગોમતીપાડા તરફ જતા આ માર્ગ પરથી આવધા, સાપટપાડા, ચીખલપાડા, સિદુંબર સહિતના આસપાસના ગામોના ગ્રામજનો મોટી સંખ્યામાં અવરજવર કરે છે. આ ઉપરાંત ૧૦૮ એમ્બ્યુલન્સ, શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ હાલ ચાલી રહેલી રોપણીની સિઝનને પગલે ખેડૂતો અને નાના-મોટા વાહનો, ટ્રેક્ટર તથા ફોરવ્હીલર વાહનોની પણ સતત અવરજવર થતી હોય છે

રસ્તાની બાજુમાં ધસી પડેલી માટીના કારણે મોટા વાહનોને સાઈડ આપવી શક્ય ન બનતાં રોજિંદી અવરજવરમાં મોટી સમસ્યા ઊભી થઈ રહી છે. ખાસ કરીને ચોમાસાની સિઝનમાં વધુ વરસાદ પડે તો સ્થિતિ વધુ ગંભીર બનવાની ભીતિ ગ્રામજનો વ્યક્ત કરી રહ્યા છે. સ્થાનિક ગ્રામજનો દ્વારા પાણી પુરવઠા અસ્ટોલ યોજનાના જવાબદાર અધિકારીઓ અને તંત્ર આ ગંભીર સમસ્યા તરફ તાત્કાલિક ધ્યાન દોરવામાં આવે તે ઉપરાંત ગ્રામજનોની કહેવુ છે કે રસ્તાની બાજુમાં ધસી પડેલી માટીનું તાત્કાલિક ધોરણે યોગ્ય રીતે પુરાણ કરી માર્ગને અવરજવર માટે કોઈ મુશ્કેલી ન સર્જાય એ રીતે બનાવવામાં આવે હાલે ચોમાસાની સિઝનમાં આદિવાસી વિસ્તારના લોકોને વધુ હાલાકી ભોગવવી ન પડે જે ઉપરોક્ત સમસ્યાનુ ત્વરિત નિવારણ આવે એવી માંગ ઉઠવા પામી છે.

## ઉમરગામ ભાજપ પ્રભારીએ સંગઠનના હોદ્દેદારો સાથે બેઠક યોજી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** નવનિયુક્ત ઉમરગામ શહેર ભાજપ પ્રભારી પરેશભાઈ દેસાઈએ ઉમરગામ શહેરમાં પ્રવાસ કરી શહેર ભાજપ સંગઠન અને ચૂંટાયેલ પ્રતિનિધિ સાથે પરિચય બેઠક કરી તેમજ સંગઠાત્મક બાબતે સૌ ઉપસ્થિત કાર્યકર્તા ઓ સાથે ચર્ચા કરી. આ બેઠકમાં મંડળ પ્રમુખ મયંકભાઈ પ્રેસવાલા, જીલ્લા સંગઠન મંત્રી ભાવનાબેન કારુલકર, જિલ્લા આઈ. ટી કન્વીનર અક્ષય રાવલ, મહામંત્રી વિશ્વકર્મા ભાઈ ટંડેલ, નગરપાલિકા પ્રમુખ ખુશબુબેન જાદવ, ઉપપ્રમુખ યોગેશભાઈ દાંડેકર, કારોબારી અધ્યક્ષ ગૌરવ કોન્ટ્રાકટર તેમજ વિવિધ મોરચા ના પ્રમુખો, હોદેદારો, કોર્પોરેટરઓ અને કાર્યકર્તા મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત





### "ધ ઓડિસી" ફિલ્મે પહેલા દિવસે ૧૭.૪૦ કરોડ કલેક્શન કર્યા

## ભારતીય દર્શકોમાં હોલીવુડની કલાત્મકતાનાં કામણ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૨૦ :** "ઓપેનહાઈમર" જેવી બ્લોકબસ્ટર ફિલ્મો આપનારા પ્રખ્યાત દિગ્દર્શક ક્રિસ્ટોફર નોલાન દ્વારા દિગ્દર્શિત ફિલ્મ "ધ ઓડિસી" આખરે ભારતનાં થિયેટરોમાં રિલીઝ થઈ ગઈ છે અને તેને અપેક્ષિત પ્રતિસાદ પણ મળી રહ્યો છે. હોમરના કાલાતીત ગ્રીક મહાકાવ્ય પર આધારિત, આ ફિલ્મ વર્ષની સૌથી અપેક્ષિત ફિલ્મોમાંની એક રહી છે, જેમાં સ્ટાર-સ્ટડેડ કાસ્ટ, વિશાળ સ્કેલ અને સિનેમાની સીમાઓને આગળ વધારવા માટે નોલાનની પ્રતિષ્ઠા છે. "ધ ઓડિસી"ની ટિકિટો ઊંચા દામે વેચાઇ રહી છે. નિર્માતાઓએ તાજેતરમાં ફિલ્મ વિવેચકો અને ઉદ્યોગના વ્યક્તિઓ માટે "ધ ઓડિસી" નું ખાસ સ્ક્રીનિંગ યોજ્યું હતું. જેને પગલે સોશિયલ મિડીયામાં તેને સારો આવકાર સાંપડી રહ્યો છે. ઘણા દર્શકોએ ક્રિસ્ટોફર નોલાનની ઓસ્કાર-સ્તરની વાર્તા કહેવાની, તેમજ ફિલ્મના સ્કેલ, ભાવનાત્મક ઊંડાણ અને તકનીકી પાસાઓની પ્રશંસા કરી છે. તે ક્રિસ્ટોફર નોલાનની 'ટેન કમાન્ડમેન્ટ્સ' જેવી છે, જેનો અવકાશ અને સ્કેલ ઘણો મોટો છે, છતાં તે વાર્તાની આત્મીયતા જાળવી રાખે છે. તે એક મહાન પૌરાણિક કથા પર



એક પાયાનું, છતાં વિશ્વાસુ સંશોધનવાદી દૃષ્ટિકોણ છે. "ક્રિસ્ટોફર નોલાનનું "ધ ઓડિસી" નું રૂપાંતર અત્યાર સુધીની સૌથી શાનદાર ફિલ્મોમાંની એક છે, જેમાં કેટલાક ખરેખર અદભુત દ્રશ્યો શૂટ કરવામાં આવ્યા છે. નોલાનના ધોરણો પ્રમાણે પણ, આ એક સ્મારક સિદ્ધિ છે. નવા કેમેરાનો ઉપયોગ કરીને શક્ય તેટલા દ્રશ્યને કેમેરામાં કેદ કરવાનો તેમનો પ્રયાસ એક નોંધપાત્ર તકનીકી સિદ્ધિ છે. આ વાર્તા એક માણસની ઘરે પરત ફરવાની યાત્રા, નેતૃત્વની જવાબદારી અને તેના પરિણામો અને મનુષ્યો અને દેવતાઓ વચ્ચેના ક્યારેય ન સમાપ્ત થતા સંઘર્ષ વિશે છે. મેટ ડેમનની શક્તિશાળી સ્ક્રીન હાજરી અને ઓડિસીયસના આત્માની ઝલક આ વિશાળ અને મુશ્કેલ ભૂમિકાને જીવંત બનાવે છે. એન હેથવે અટલ પેનેલોપ જેટલું જ શક્તિશાળી અને ભાવનાત્મક પ્રદર્શન આપે છે. અને ટોમ હોલેન્ડ દ્વારા ટેલિમાકસ તરીકે મોટા થવાની પ્રક્રિયાનું ચિત્રણ, એક મુખ્ય અભિનેતા તરીકેની તેમની કારકિર્દીમાં એક નવા રોમાંચક તબક્કાની શરૂઆત દર્શાવે છે.ભારતીય દર્શકો પણ ફિલ્મના મૂળ સંસ્કરણને થિયેટરોમાં જોઈ શકશે, જે વિશ્વભરમાં રિલીઝ થઈ રહી છે. ભારતમાં રિલીઝ થયેલી ઘણી હોલીવુડ ફિલ્મો સામાન્ય રીતે સેન્સર બોર્ડની સેન્સરશીપનો સામનો કરે છે, જેમ કે તાજેતરની હોરર-થ્રિલર "ઓબ્સેશન" સાથે થયું હતું. જોકે, નોલાનની ફિલ્મને કોઈપણ ફેરફાર વિના મંજૂરી મળવી એ સિનેમા પ્રેમીઓ માટે મહત્વપૂર્ણ સમાચાર છે.

## સેલિના જેટલી સિસ્ટર નિવેદિતાની બાયોપિક સાથે વાપસી કરશે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૨૦ :** સેલિના જેટલીએ આગામી ફિલ્મ 'સિસ્ટર નિવેદિતા' સાથે પોતાની બોલીવૂડ વાપસીની જાહેરાત કરી છે જે તેના જીવનમાં અનેક અંગત સંઘર્ષો પછી એક નવો અધ્યાય બનશે. સેલિનાએ જણાવ્યું કે સિનેમા તેની શક્તિ છે અને તેણે પ્રોજેક્ટને કમબેક નહિ પણ ઘરવાપસી તરીકે ગણાવ્યો તેમજ શુભેચ્છકો પાસેથી સમર્થનની વિનંતી કરી હતી.એક હૃદયસ્પર્શી સંદેશમાં સેલિનાએ પોતાના મુશ્કેલ સમયમાં ટેકો આપનારા પ્રત્યે કૃતજ્ઞાતા વ્યક્ત કરી.તેણે જણાવ્યું કે રામ કમલ મુખરજી દ્વારા દિગ્દર્શિત 'સિસ્ટર નિવેદિતા' ભારતમાં શિક્ષણ અને આધ્યાત્મિક સેવા માટે પોતાનું જીવન સમર્પિત કરનાર આઈરિશ શિક્ષણશાસ્ત્રી માર્ગારેટ એલિઝાબેથ નોબલની અસાધારણ સફરનું ચિત્રણ



કરશે.૨૦૧૧માં ઓસ્ટ્રિયન ઉદ્યોગસાહસિક પીટર હાગ સાથે લગ્ન કરનાર સેલિનાને ચાર બાળકો છે અને તેણે તાજેતરના વર્ષોમાં અનેક પડકારોનો સામનો કર્યો છે. સેલિનાએ ઘરેલુ હિંસાનો આરોપ લગાવ્યો હતો અને તે હાલ પોતાના બાળકોની કસ્ટડી બાબતે કાનૂની વિવાદમાં સંડોવાયેલી છે. અભિનય દ્વારા સેલિના પોતાના જીવનને ફરી ઊભુ કરવા તેમજ પોતાની ધગશ સાથે જોડાવવા ઈચ્છે છે.

## અહાન શેટ્ટી વિક્રમ ભટ્ટની હોરર ફ્રેન્ચાઈસીમાં જોડાયો



**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૨૦:** વિક્રમ ભટ્ટ લાંબા સમયથી ચાલી રહેલી ૧૯૨૦ હોરર ફ્રેન્ચાઈસીની નવી આવૃત્તિ '૧૯૨૦ વિન્ટર ઈઝ કમિંગ'નું દિગ્દર્શન કરશે અને અહાન શેટ્ટી મુખ્ય ભૂમિકા નિભાવશે.આ ફિલ્મનું અંદાજિત બજેટ રૂા. ૧૪ કરોડ છે અને તે અહાનની હોરર શૈલીમાં પ્રથમ ફિલ્મ બનશે. ઓક્ટોબર-નવેમ્બરમાં શિમલામાં શૂટિંગ માટે નિર્ધારીત ફિલ્મ માટે સર્જકો હાલ ફીમેલ લીડ માટે અભિનેત્રીની શોધ કરી રહ્યા છે. 'તડપ'માં ડેબ્યુ અને 'બોર્ડર ટુ'માં કામ કર્યા પછી અહાન હવે ગંભીર ભૂમિકા નિભાવી રહ્યો છે. હિન્દી હોરરમાં નિપુણતા માટે પ્રસિદ્ધ વિક્રમ ભટ્ટ કમર્શિયલ સફળતા બાબતે ઉતારચઢાવ છતાં '૧૯૨૦' ફ્રેન્ચાઈસી પર ભરોસો રાખી રહ્યા છે.૨૦૦૮માં લોન્ચ થયેલી '૧૯૨૦ સીરીઝ' ની કોઈપણ ફિલ્મે સ્થાનિક કલેક્શનમાં રૂા. ૩૧ કરોડનો આંકડો પસાર નથી કર્યો.

## હવે આમિરના ઘરે પણ પોલીસ બંદોબસ્ત

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૨૦ :** બોલીવુડ એક્ટર આમિર ખાનના ત્રીજા લગ્ન બાદ 'લવે જેહાદ'ને પ્રોત્સાહન આપવાનો આરોપ મૂકી લોરેન્સ બિશ્નોઈ ગેંગ તરફથી કથિત ધમકી આપવામાં આવી હતી.આ બાબતની વોઈસ ક્લિપ બહાર આવ્યા બાદ મુંબઈ પોલીસે બાંદ્રા વેસ્ટમાં આવેલા પાલી હિલ સ્થિત તેના નિવાસસ્થાન બહાર સુરક્ષા વધારી પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. જોકે હાલ આમિર ખાન ખુદ વિદેશ પ્રવાસે છે.આ બાબતે પોલીસ સૂત્રોનુસાર હજી સુધી વોઈસ ક્લિપ કે સોશિયલ મીડિયા પોસ્ટની સવિતા બાબતે કોઈ પુષ્ટિ થઈ નથી. મુંબઈના પોલીસ કમિશનર દેવેન ભારતીએ કહ્યું હતું કે અમે સોશિયલ મીડિયા પોસ્ટ અને



વોઈસ ક્લિપની સત્યતાની ચકાસણી કરી રહ્યા છીએ. શનિવારે એવા અહેવાલો સામે આવ્યા હતા કે આમિર ખાનને લોરેન્સ ગેંગ તરફથી કથિત રીતે જાનથી મારી નાંખવાની ધમકીઓ મળી છે. ગૌરી સ્પ્રેટ સાથે પાંચમી જુલાઈના થયેલા તેના લગ્નને 'લવ જેહાદ' તરીકે વર્ણવવામાં આવ્યા છે. લોરેન્સ ગેંગ તરફથી એક પત્ર અને ઓડિયો નોટ સોશિયલ મીડિયા પર રિલીઝ કરવામાં આવ્યો છે. પત્રમાં લખવામાં આવ્યું છે કે 'આમિર ખાન જેવા લોકો આપણા દેશમાં લવ જેહાદને પ્રોત્સાહન આપી રહ્યા છે. અમે તેને સહન કરીશું નહીં. તેની સામે ટૂંક સમયમાં જ બદલો લેવામાં આવશે. આ આપણે સનાતન ધર્મ અને દેશની વિરુધ્ધ છે. સ્ટારડમના નામે આને પ્રોત્સાહન આપનારાઓનો શ્વાસ અમે દબાવી દેશું.' મહારાષ્ટ્રના ગૃહ રાજ્ય મંત્રી યોગેશ કદમે કહ્યું હતું કે સુરક્ષાની સ્થિતિનો તાગ મેળવ્યા બાદ જરૂરત મુજબ આમિર ખાનની સુરક્ષા વધારવામાં આવી છે. જોકે અભિનેતા દ્વારા હજી પોલીસમાં કોઈ ફરિયાદ કરવામાં આવી નથી.ઉલ્લેખનીય છે કે તાજેતરમાં ફિલ્મ નિર્દેશક રોહિત શેટ્ટીના નિવાસસ્થાન બહાર ફાયરિંગ તથા ધમકીઓ બાદ તેના બંગલા બહાર પણ પોલીસ ખડકાઈ છે. એ જ રીતે બાંદ્રામાં સલમાનનાં ગેલેક્સી એપાર્ટમેન્ટ પર ગોળીબાર થયા બાદ ત્યાં પણ કાયમી ધોરણે પોલીસ ખડકી દેવામાં આવી છે.

## શિક્ષકોનું માનવું હતું કે મારે IAS કે IFS બનવું જોઈએ : અર્ચના પૂરન સિંહ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૨૦:** અભિનેત્રી અર્ચના પૂરન સિંહ છેલ્લા કેટલાક સમયથી પોતાના રિયાલિટી શોના કારણે અને યુટ્યુબના કારણે ઘરઘરમાં જાણીતી છે, હવે તે ફરી એક્ટિંગમાં કમબૅક કરે છે, જે સિરીઝમાં એક સ્કૂલની સ્ટોરી છે, ત્યારે તેમણે પોતાનાં શાળાજીવનની યાદો તાજી કરતાં જણાવ્યું કે તેમનાં શિક્ષકોને વિશ્વાસ હતો કે તે ભવિષ્યમાં આઈએએસ અથવા આઈએફએસ અધિકારી બનશે. જોકે, જ્યારે તેમણે અભિનય ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાનો નિર્ણય લીધો ત્યારે તેમનાં શિક્ષકો નિઃરાશ થયાં હતાં.પ્રાઈમ વિડિયોની નવી ઓરિજિનલ વેબ સિરીઝ 'આદર્શ બાલ વિદ્યાલય'ના પ્રીમિયર પહેલાં અર્ચનાએ જણાવ્યું કે તેઓ અભ્યાસમાં હંમેશાં પ્રથમ ક્રમે રહેતાં હતાં અને શિક્ષકોના સૌથી પ્રિય વિદ્યાર્થીઓમાં સામેલ હતાં.અર્ચનાએ કહ્યું, "હું હંમેશાં



વર્ગમાં પ્રથમ આવતી હતી અને શિક્ષકોની ફેવરિટ હતી. તેઓ સતત કહેતા કે મારે આઈએએસ કે આઈએફએસ બનવું જોઈએ. તે સમયે જો કોઈ વિદ્યાર્થી અભ્યાસમાં સારો હોય તો લોકો માની લેતા કે તે સિવિલ સર્વિસમાં જ જશે. મારા શિક્ષકોને પણ મારા માટે એવી જ અપેક્ષા હતી.તેમણે વધુમાં જણાવ્યું, "જ્યારે મેં તેમને કહ્યું કે હું અભિનેત્રી બનવા માંગું છું અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જઈ રહી છું, ત્યારે તેઓ ખરેખર નિઃરાશ થયાં હતાં. તેમને સમજાતું જ નહોતું કે હું એટલું ઉજ્જવળ ભવિષ્ય છોડીને અભિનય કેમ પસંદ કરી રહી છું. એક રીતે હું તેમની સૌથી પ્રિય વિદ્યાર્થી પણ હતી અને સૌથી મોટી નિઃરાશા પણ."'આદર્શ બાલ વિદ્યાલય' એક કોમેડી-ડ્રામા સિરીઝ છે, જે આશા, સંઘર્ષ અને સામૂહિક પ્રયાસોની કહાની રજૂ કરે છે. મર્યાદિત સંસાધનો અને અનેક પડકારો વચ્ચે એક પ્રિન્સિપલ કેવી રીતે શાળાને બદલવાનો પ્રયાસ કરે છે, તે આ સિરીઝનો મુખ્ય વિષય છે.સિરીઝમાં કે કે મેનન મુખ્ય ભૂમિકામાં છે. તેમની સાથે અર્ચના પૂરન સિંહ, અભિમન્યુ સિંહ, નવીન કસ્તુરિયા, પ્રસન્ન બિષ્ત, દેવેન ભોજાણી, અજિતેશ ગુપ્તા, અન્નપૂર્ણા સોની અને પ્રાચી શાહ મહત્વના રોલમાં જોવા મળશે. 'આદર્શ બાલ વિદ્યાલય'નું પ્રીમિયર ૨૪ જુલાઈના રોજ પ્રાઈમ વિડિયો પર હિન્દી ભાષામાં તથા અંગ્રેજી સબટાઈટલ્સ સાથે ભારત સહિત વિશ્વના ૨૪૦થી વધુ દેશો અને પ્રદેશોમાં થશે.

## શ્રેયસ તલપડેએ યાદ કર્યો ૩ વર્ષ કાર્ડિયક અરેસ્ટનો અનુભવ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૨૦ :** બોલિવૂડ અભિનેતા શ્રેયસ તલપડેએ તાજેતરમાં એ સમયને યાદ કર્યો, જ્યારે તેમને કાર્ડિયાક અરેસ્ટ આવ્યો હતો. એક્ટરે જણાવ્યું કે, તેઓ ૧૦ મિનિટ માટે મરી ચૂક્યા હતા, પરંતુ ડોક્ટર્સે તેમને ફરી જીવતા કર્યા. આ ઘટના પછી તેમની જિંદગી સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. બોલિવૂડ એક્ટર શ્રેયસ તલપડે છેલ્લા ૨૦ વર્ષથી પણ વધુ સમયથી ઈન્ડસ્ટ્રીમાં કામ કરી રહ્યા છે. તેમને લોકોનો ઘણો પ્રેમ પણ મળ્યો છે. તાજેતરમાં તેઓ 'વેલકમ ટુ ધ જંગલ' ફિલ્મમાં જોવા મળ્યા હતા, જે બોક્સ ઓફિસ પર હિટ સાબિત થઈ. શ્રેયસનું કામ પણ ફિલ્મમાં બધાને ખૂબ ગમ્યું છે.આ ફિલ્મ શૂટિંગ દરમિયાન શ્રેયસ તલપડે સાથે એક મોટી દુર્ઘટના ઘટી ગઈ હતી. ડિસેમ્બર ૨૦૨૩માં તેમને કાર્ડિયાક અરેસ્ટ આવ્યો હતો, જેના કારણે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. એવું કહેવાય છે કે, શૂટિંગ દરમિયાન તેમની તબિયત થોડી




બગડવા લાગી હતી. તેમની પત્ની તેમને હોસ્પિટલ લઈ જઈ રહી હતી, ત્યારે જ એક્ટર બેહોશ થઈ ગયા. ત્યારબાદ તેમને હોશમાં લાવવામાં આવ્યા અને તેમની સર્જરી કરવામાં આવી. તાજેતરમાં શ્રેયસ તલપડે આ આખી ઘટનાને ફરી એકવાર યાદ કરી છે. એક યુટ્યુબ ચેનલ પર એક્ટરે જણાવ્યું કે, 'આ તેમની બીજી જિંદગી છે, જે તેમને મળી છે. આ અકસ્માત પછી, તેમણે પોતાની લાઈફમાં ઘણા મોટા બદલાવ કર્યા છે. શ્રેયસ તલપડેએ કહ્યું કે 'તે સમય મારા અને મારા પરિવાર માટે ખૂબ જ મુશ્કેલ અને ચોંકાવનારો હતો.' શ્રેયસે આગળ જણાવ્યું કે 'આ ઘટના પછી અમારી જિંદગી ઘણી બદલાઈ ગઈ, પહેલા હું માત્ર કામને મહત્વ આપતો હતો. મારા માટે મારું કામ ખૂબ જ મહત્વનું હતું, હું કહેતો રહેતો હતો કે, મારે કામ કરવું છે, પણ પોતાના પરિવારને પણ ક્વોલિટી ટાઈમ આપવો છે. પરંતુ તે એક પળમાં બધું જ બદલાઈ ગયું, તે ૧૦ મિનિટમાં જ્યારે હું ટેકનિકલી મરી ચૂક્યો હતો. મારા દિલના ધબકારા ૧૦ મિનિટ માટે રોકાઈ ગયા હતા. અને ત્યારબાદ જીવિત કરવા પડ્યા. જે તમે ફિલ્મોમાં જુઓ છો, તેમણે મને સીપીઆર આપ્યો, અને પછી ઈલેક્ટ્રિક શોક આપીને મારા દિલના ધબકારા પાછા લાવવામાં આવ્યા હતા.' શ્રેયસ તલપડેનું કહેવું છે કે, 'મને કાર્ડિયાક અરેસ્ટ મારી ગાડીમાં આવ્યો હતો, મારી પત્નીએ તે દરમિયાન મને સંભાળ્યો અને હોસ્પિટલ લઈને પહોંચ્યા. જ્યારે મને અરેસ્ટ આવ્યો, ત્યારે હું હોસ્પિટલની નજીક જ હતો. ત્યાં મારું તુરંત જ ઓપરેશન કરવામાં આવ્યું.' શ્રેયસ તલપડેએ કહ્યું કે, 'તે એક પળે મને એ અહેસાસ કરાવ્યો કે, કામ જ જિંદગીમાં બધું નથી, પરિવારને સમય આપવો પણ જરૂરી છે'.

## સૈયારા માટે હજુ રોયલ્ટી બાકી હોવાનો તનિષ્ક બાગચીનો આરોપ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૨૦:** સંગીતકાર તનિષ્ક બાગચીએ યશરાજ ફિલ્મ્સ પર જાહેરમાં બ્લોક-બસ્ટર 'સૈયારા'ના ટાઈટલ ટ્રેક માટે અપૂરતી રોયલ્ટી ચૂકવણીનો આરોપ લગાવતા દાવો કર્યો છે કે તે હજી પણ ગીતની ભારે સફળતા છતાં રૂા. આઠ લાખની રોયલ્ટીની રાહ જોઈ રહ્યો છે. બીજી તરફ વાયઆરએફએ કંઈપણ ખોટું થયાનું સ્પષ્ટપણે નકારી દીધું છે અને જણાવ્યું છે કે તમામ પક્ષોને કરાર મુજબ જ ચૂકવણી કરવામાં આવી છે.રદ કરવામાં આવેલી એક સોશિયલ મીડિયા પોસ્ટ પર તનિષ્કે ફહીમ અબ્દુલ્લાહ અને અર્સ્લાન નિઝામી સાથે ગીતની રચના અને નિર્માણમાં કરાયેલા પ્રયાસ વિશે વિગતવાર માહિતી આપી હતી. તેણે જણાવ્યું કે પ્રારંભિક વળતરથી નિર્માણનો ખર્ચ જ માંડ આવરી લેવાયો હતો. અને તેણે ગીતની અસાધારણ લોકપ્રિયતાના પ્રમાણમાં હાલ મળેલી રોયલ્ટી વિશે હતાશા વ્યક્ત કરી.તનિષ્કે માત્ર રકમની જ ચિંતા ન હોવાનું સ્પષ્ટ કરતા



દલીલ કરી કે રચનાત્મક પ્રતિભાને વધુ માન્યતા અને આદર મળવા જોઈતા હતા.વાયઆરએફએ વળતી દલીલમાં સત્તાવાર નિવેદન દ્વારા ત્રણેય સંગીતકારોનો આભાર માન્યો અને સ્પષ્ટતા કરી કે કરાર મુજબ રોયલ્ટી કાયમ સરખા ભાગે વહેંચી નાખવામાં આવી હતી. સ્ટુડિયોએ એવી પણ જાણકારી આપી કે તમામ સહયોગીઓને સહમત થયેલી સમયમર્યાદામાં તેમના વળતર મળી ગયા હતા. મોહિત સુરી દિગ્દર્શિત 'સૈયારા' બ્લોકબસ્ટર બની હતી અને તેના પ્રસિદ્ધ સાઉન્ડ ટ્રેક તેમજ શીર્ષક ગીતે ફિલ્મની સફળતામાં મહત્વની ભૂમિકા નિભાવી હતી.

## નવાઝુદ્દીન ૨૫ વર્ષ બાદ રંગમંચ પર વાપસી કરશે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૨૦ :** રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા અભિનેતા નવાઝુદ્દીન સિદ્દીકી ૨૫ વર્ષના લાંબા વિરામ બાદ ફરી એકવાર રંગમંચ પર વાપસી કરવા જઈ રહ્યા છે. તેઓ 'નકાબ' નામના નાટક દ્વારા થિયેટરમાં કમબેક કરી રહ્યા છે. આ ખાસ નાટક માટે નવાઝુદ્દીન પોતાની પુત્રી શોરા સિદ્દીકી અને નાટકની ટીમ સાથે અમેરિકાના શિકાગો જવા રવાના થયા છે.નવાઝુદ્દીને પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર પ્રવાસની ઝલક શેર કરી હતી. તસવીર પોસ્ટ કરતાં તેણે લખ્યું, "નકાબની ટીમ સાથે શિકાગો તરફ જઈ રહ્યો છું."નવાઝુદ્દીન માટે 'નકાબ' માત્ર એક નાટક નથી, પરંતુ તે તેમની અભિનયયાત્રાની મૂળભૂત શરૂઆત સાથે ફરી જોડાવાનો અવસર છે. ફિલ્મોમાં સફળતા મેળવતા પહેલાં તેમણે વર્ષો સુધી રંગમંચ પર કામ કરીને પોતાની અભિનયકલા ઘડેલી હતી.છેલ્લા બે દાયકામાં નવાઝુદ્દીને ફિલ્મો




અને ઓટીટી પ્લેટફોર્મ પર અનેક યાદગાર પાત્રો ભજવીને પોતાની અલગ ઓળખ ઉભી કરી છે. વાસ્તવિક અભિનય અને પાત્રને જીવંત બનાવવાની તેમની ક્ષમતાને કારણે તેઓ દેશના શ્રેષ્ઠ કલાકારોમાં સ્થાન ધરાવે છે.સ્ક્રીન પર મોટી સફળતા મેળવ્યા બાદ પણ નવાઝુદ્દીનનો રંગમંચ પ્રત્યેનો પ્રેમ આજે પણ અકબંધ છે. ૨૫ વર્ષ બાદ થિયેટરમાં તેમની વાપસી તેમની અભિનય પ્રત્યેની પ્રતિબદ્ધતા અને નવા પડકારો સ્વીકારવાની તૈયારીને દર્શાવે છે. આ ખાસ પ્રવાસને તેમની પુત્રી શોરા સિદ્દીકીની હાજરી વધુ યાદગાર બનાવે છે. નવાઝુદ્દીન હંમેશાં પોતાના બાળકો સાથે ક્વોલિટી ટાઇમ પસાર કરવાનું મહત્વ આપતા આવ્યા છે. સોશિયલ મીડિયા પર તેઓ શોરાની ઝલક ભાગ્યે જ શેર કરે છે, જેને તેમના ચાહકો હંમેશાં પસંદ કરે છે. 'નકાબ'ના શિકાગોમાં યોજાનારા નાટકને લઈને થિયેટરપ્રેમીઓ અને નવાઝુદ્દીન સિદ્દીકીના ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બે દાયકાથી વધુ સમય બાદ તેમને ફરી લાઈવ મંચ પર અભિનય કરતાં જોવા માટે સૌ આતુર છે.

## પરેશ રાવલે રાજકારણ કેમ છોડ્યું તે વિશે ખુલાસો કર્યો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૧૮ :** પરેશ રાવલે અભિનેતા સુશાંત સિંહ રાજપૂતના નિધન બાદ થયેલા મીડિયા કવરેજ અંગે તાજેતરમાં પોતાની નારાજગી વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું કે તે સમય દરમિયાન જે રીતે આ કેસને સતત ટીવી ચેનલો પર રજૂ કરવામાં આવ્યો હતો, તે તેમને બિલકુલ પસંદ નહોતું. સાથે જ તેમણે રાજકારણ છોડવા પાછળનું કારણ પણ વિગતવાર સમજાવ્યું.એક પોડકાસ્ટમાં વાતચીત દરમિયાન પરેશ રાવલે જણાવ્યું કે કોરોના મહામારી દરમિયાન તેમણે સમાચાર ચેનલો જોવાનું લગભગ બંધ કરી દીધું હતું. જયારે તેમને તેનું કારણ પૂછવામાં આવ્યું ત્યારે તેમણે હસતાં કહ્યું, "મારા બ્લડ પ્રેશરને કારણે."ત્યારબાદ સુશાંત સિંહ રાજપૂતના નિધન બાદ મીડિયામાં ચાલેલા સતત કવરેજનો ઉલ્લેખ થતાં પરેશ રાવલે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, "સુશાંત સિંહવાળું જે સર્કસ હતું, તે મને બિલકુલ પસંદ નહોતું." તેમના આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે તેઓ તે સમયની મીડિયા ટ્રાયલથી અસહમત હતા.વાતચીત દરમિયાન પરેશ રાવલે પોતાના રાજકીય જીવન



અંગે પણ ખુલાસો કર્યો હતો. તેઓ વર્ષ ૨૦૧૪માં ભાજપના ઉમેદવાર તરીકે અમદાવાદ પૂર્વ લોકસભા બેઠક પરથી સાંસદ તરીકે ચૂંટાયા હતા. જોકે, બાદમાં તેમણે સક્રિય રાજકારણથી દૂર રહેવાનો નિર્ણય લીધો.તેમણે કહ્યું, "મેં રાજકારણ છોડ્યું કારણ કે એ મારું કામ નહોતું." તેમના જણાવ્યા મુજબ, રાજકારણ એક અત્યંત જવાબદારીભર્યો વ્યવસાય છે અને તેમાં સંપુર્ણ સમર્પણ જરૂરી છે. તેઓ મર્યાદિત હેતુ સાથે રાજકારણમાં જોડાયા હતા, પરંતુ બાદમાં સમજાયું કે તેમનું સાચું ક્ષેત્ર અભિનય જ છે.પરેશ રાવલે જણાવ્યું કે રાજકારણમાં રહીને લોકોને આપેલા દરેક વચન પૂરા કરવાનું શક્ય બનતું નહોતું. સિસ્ટમની મર્યાદાઓને કારણે તેઓ અનેક વખત લોકોની અપેક્ષાઓ પૂર્ણ કરી શકતા નહોતા.તેમણે કહ્યું, "હું વારંવાર કહીશ કે કામ થઈ જશે, થઈ જશે... બે-ત્રણ વખત પછી હું ખોટું બોલવા લાગું. અંદરથી મને લાગવા લાગ્યું કે હું એક ખોટો માણસ બની રહ્યો છું."તેમના મતે, જો તેઓ આ રીતે જીવતા રહ્યા હોત તો તેની અસર તેમના અભિનેતા તરીકેના વ્યક્તિત્વ અને કળા પર પણ પડી હોત. તેથી તેમણે રાજકારણ છોડીને ફરી સંપુર્ણ ધ્યાન અભિનય પર કેન્દ્રિત કરવાનો નિર્ણય લીધો હતો.પરેશ રાવલે અંતે જણાવ્યું કે હવે વર્ષોના અનુભવ બાદ તેમને પોતાના અભિનય પર વધુ વિશ્વાસ અને નિયંત્રણ મળ્યું છે. જો તેમની ફિલ્મોની વાત કરીએ તો તેઓ છેલ્લે 'વેલકમ ટુ ધ જંગલ' ફિલ્મમાં જોવા મળ્યા હતા.


દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

આપનું અખબાર : આપનો અવાજ
DGT
# વલસાડ તાલુકા વિશેષ
VAPI PAGE - 5
Tuesday 21, July 2026
● વલસાડ ●અતુલ ●ગુંદલાવ ● ડુંગરી
પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ (૦૨૬૩૨) ૨૪૪૩૧૦
મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes.com

## સરોધીમાં નવા ઓવરબ્રિજ પર સ્ટ્રીટ લાઈટો ઝળહળી : વાહનચાલકોમાં આનંદ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૦ :** વલસાડ નેશનલ હાઈવે નંબર ૪૮ પરથી પસાર થતાં વાહનચાલકો માટે લાંબા સમયની સમસ્યાનો અંત આવ્યો છે. વલસાડ જિલ્લામાંથી પસાર થતાં આ વ્યસ્ત હાઈવે પર આવેલા સરોધી ગામના નવા ઓવરબ્રિજ પર સ્ટ્રીટ લાઈટો નાંખીને તેને કાર્યરત કરી દેવામાં આવી છે. આ સુવિધા શરૂ થતાં જ રાત્રિના સમયે મુસાફરી કરતા વાહનચાલકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. અગાઉ આ નવો ઓવરબ્રિજ બની ગયા બાદ પણ ત્યાં પૂરતી લાઈટિંગની વ્યવસ્થા ન હોવાને કારણે રાતના સમયે ભારે અંધારું રહેતું હતું. વાહનચાલકોને વળાંક અને બ્રિજની સ્થિતિ સમજવામાં મુશ્કેલી પડતી હતી.

રાત્રિના સમયે નાના-મોટા અકસ્માતો થવાનો ભય સતત રહેતો હતો. સ્થાનિક વાહનચાલકો અને લાંબા અંતરના મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડતી હતી.

હવે બ્રિજ પર આધુનિક સ્ટ્રીટ લાઈટો લાગી જતાં આખો ઓવરબ્રિજ રાત્રે પણ દૂધ જેવા પ્રકાશથી ઝળહળી ઉઠ્યો છે. આ લાઈટો શરૂ થવાથી વિઝિબિલિટી ઘણી સારી થઈ ગઈ છે.

જેનાથી અકસ્માતોનું પ્રમાણ ઘટશે અને વાહનચાલકો સુરક્ષિત રીતે પોતાના ગંતવ્ય સ્થાન સુધી પહોંચી શકશે. NH-૪૮એ ગુજરાત અને મહારાષ્ટ્રને જોડતો અતિ મહત્વનો હાઈવે છે, જ્યાં ચોવીસ કલાક ભારે ટ્રાફિક રહે છે. સરોધી ઓવરબ્રિજ પર લાઈટો ચાલુ થવાના આ સરાહનીય કામ બદલ સ્થાનિક લોકો અને નિયમિત મુસાફરી કરતા વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો છે.

## વલસાડમાં દશામાની મૂર્તિઓ વેચાણ માટે તૈયાર

### દીવાસાના શુભ દિવસે શ્રદ્ધાળુઓ પોતાના ઘરે મા દશામાની મૂર્તિની વિધિવત સ્થાપના કરશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૦ :** આગામી ૧૨ ઓગસ્ટના રોજ દશામાના વ્રત એટલે કે દીવાસાના પવિત્ર પર્વથી મા દશામાની મૂર્તિઓની સ્થાપના કરવાનો શુભ પ્રારંભ થઈ રહ્યો છે. આ પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે વલસાડ શહેરમાં મા દશામાની આકર્ષક અને નાની-મોટી વિવિધ મૂર્તિઓનું વેચાણ પૂરજોશમાં શરૂ થઈ ગયું છે.

આગામી પવિત્ર તહેવારને લઈને ભક્તોમાં ભારે શ્રદ્ધા અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. દીવાસાના શુભ દિવસે શ્રદ્ધાળુઓ પોતાના ઘરે મા દશામાની મૂર્તિની વિધિવત સ્થાપના કરશે. ત્યારબાદ સતત ૧૦ દિવસ સુધી પરિવારજનો સાથે મળી માતાજીની સવાર-સાંજ અર્ચના, આરતી, થાળ કરી ભક્તિભાવપૂર્વક પૂજા-અર્ચના કરશે. દસ દિવસના ભક્તિમય વાતાવરણ બાદ શ્રદ્ધાળુઓ વાજતે-ગાજતે અને જય દશામાના નાદ સાથે માતાજીની મૂર્તિનું નજીકના તળાવ કે નદીમાં ભાવુક હૈયે વિસર્જન કરશે. હાલમાં વલસાડના વિવિધ વિસ્તારોમાં મૂર્તિના સ્ટોલ પર ભક્તો પોતાની પસંદગીની મૂર્તિઓનું આગોતરૂં બુકિંગ અને ખરીદી કરતા નજરે પડી રહ્યા છે.

## વલસાડમાં રખડતાં ઢોરોનો ત્રાસ

### હાઈવે પર અકસ્માતનો ભય, સોસાયટીઓમાં ગંદકીથી રહીશો પરેશાન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૦ :** વલસાડ શહેર અને જિલ્લામાંથી પસાર થતા હાઈવે તેમજ આંતરિક રસ્તાઓ પર રખડતા ઢોરોનો ત્રાસ દિનપ્રતિદિન વધી રહ્યો છે, જે હવે વાહનચાલકો અને સ્થાનિક રહીશો માટે માથાનો દુખાવો બની ગયો છે. હાઈવે પર ગમે ત્યાં આવી જતા પશુઓના કારણે ગંભીર અકસ્માતો સર્જાઈ રહ્યા છે, જેમાં અનેક વાહનચાલકો પોતાના જીવ ગુમાવી ચૂક્યા છે અથવા તો વાહનોને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. આ ગંભીર સમસ્યાને પગલે વલસાડ નગરપાલિકા તેમજ સંબંધિત ગ્રામ પંચાયતો દ્વારા તાકીદે ઢોર પકડવાની કડક ઝુંબેશ ચલાવવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.



ખાસ કરીને ચોમાસાની ઋતુ શરૂ થતાં જ શહેરી અને ગ્રામ્ય વિસ્તારની સોસાયટીઓમાં રખડતા ઢોરોનો જમાવડો જોવા મળી રહ્યો છે. પશુઓના કારણે ઠેર-ઠેર અસહ્ય ગંદકી ફેલાઈ રહી છે, જેનાથી રોગચાળો ફાટી નીકળવાનો ભય પણ સેવાઈ રહ્યો છે. આ ઉપરાંત, સોસાયટીઓમાં પાર્ક કરેલા વાહનો સાથે પશુઓ અવારનવાર અથડાતા હોવાથી અથવા તો અંદરોઅંદર લડતા હોવાથી વાહનોના કચ્ચરઘાણ વળી જાય છે. રાત્રિના સમયે રસ્તા પર બેઠેલા પશુઓ દેખાતા ન હોવાથી વાહનચાલકો માટે જીવનું જોખમ સતત તોળાતું રહે છે.

સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં તંત્રની નિષ્ક્રિયતા સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોની એક જ માંગ છે કે વહીવટી તંત્ર જાગે અને આ રખડતા ઢોરોને પકડીને તાત્કાલિક પાંજરે પૂરવાની નકર કામગીરી હાથ ધરે, જેથી કોઈ નિર્દોષનો જીવ બચી શકે.

## મગોદડુંગરીની શાળાઓમાં સમર્થ શિક્ષણ સંમેલન કાર્યક્રમ યોજાયો



### માધ્યમિક વિભાગના ૭ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના ૯ શિક્ષકોને જિલ્લા આંતરિક ફેરબદલીનો લાભ અપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૨૦ :** વલસાડ તાલુકાના મગોદડુંગરી ગામની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા જિલ્લાના તમામ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો માટે સમર્થ શિક્ષણ સંમેલન ૩.૦નું આયોજન જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. રાજેશ્રી એલ. ટંડેલના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વલસાડ જિલ્લાના તમામ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો અને તમામ વર્ગ-૨ના આચાર્યઓએ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતાં. સંમેલન દરમિયાન જિલ્લાના દરેક શાળાના માર્ચ-૨૦૨૬ની એસ.એસ.સી. તથા એચ.એસ.સી. જાહેર પરીક્ષાના પરિણામોનું વિસ્તૃત વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. સાથે જ આગામી શૈક્ષણિક વર્ષના પરિણામમાં ગુણાત્મક સુધારો લાવવા માટે શાળાઓ દ્વારા હાથ ધરવામાં આવનાર કામગીરીની સમીક્ષા અને આયોજન અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. રાજેશ્રી એલ. ટંડેલ દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ- ૨૦૨૦ (NEP-૨૦૨૦), HPC સહિતના વિવિધ શૈક્ષણિક મુદ્દાઓ પર શિક્ષકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને ઉત્તમ પરિણામ માટે સૌ શિક્ષકોને સમર્પિત ભાવથી કાર્ય કરવાની પ્રેરણા આપી હતી. સાથે જ આગામી શૈક્ષણિક વર્ષ માટે તમામ શિક્ષકોને સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો. સંમેલન દરમિયાન ડ્રોપઆઉટ, બેક ટુ સ્કૂલ અભિયાન, પ્રી-સર્વે અને પોસ્ટ-સર્વે જેવી વિવિધ કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી અને તેના અસરકારક અમલીકરણ અંગે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.આ સાથે જિલ્લા આંતરિક ફેરબદલી કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માધ્યમિક વિભાગના ૭ શિક્ષકો તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના ૯ શિક્ષકોને જિલ્લા આંતરિક ફેરબદલીનો લાભ આપવામાં આવ્યો હતો. શાળાના આચાર્ય તેજલબેન પટેલ દ્વારા સૌનું સ્વાગત કરી કાર્યક્રમના ઉદ્દેશ્યો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે રાકેશભાઈ સુથાર દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક અને સુચારુ રીતે સંપન્ન થયો હતો.

## વલસાડમાં એનડીઆરએફ દ્વારા પોલીસ જવાનોની તાલીમ યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૦ :** કુદરતી કે આકસ્મિક આપત્તિમાં લોકોનો જીવ કેવી રીતે બચાવી શકાય તે માટે વલસાડ પોલીસ હેડક્વાર્ટર્સ ખાતે નવી ભરતી થયેલા ૨૫૦ જેટલા પોલીસ કોન્સ્ટેબલોની તાલીમ આપવામાં આવી રહી છે. આ તાલીમમાં પોલીસ જવાનોને લોકોનો જીવ બચાવવા માટે અનેકવિધ આઈડિયાઓનું પ્રેકટીકલ માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. વડોદરા ખાતે NDRF ૬ બટાલિયન ટીમના ઈન્સ્પેક્ટર વિજય કુમારના નેતૃત્વમાં આ તાલીમ ચાલી રહી છે. જેમાં પોલીસ જવાનોને આપત્તિ વ્યવસ્થાપનનું મહત્વ સમજાવી તાલીમમાં આપત્તિ વ્યવસ્થા વિષેની માહિતી આપવામાં આવી હતી. જેમાં ખાસ કરીને સુનામી કે પૂર આવે તેવા સંજોગોમાં ફાયર બ્રિગ્રેડ સહિતની રાહત ટીમ જલદી આવી ન શકે તેમ હોય તો તે સમયે માનવ નિર્મિત ઘરેલુ ઉપચાર જેમકે, થર્મોકોલ અથવા બોટલ વડે કેવી રીતે લોકોનો જીવ બચાવી શકાય તેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ સિવાય રોડ અકસ્માતમાં વર્ષે હજારો લોકો મોતને ભેટી રહ્યા છે. જેમાં પણ ખાસ કરીને વધુ પડતું લોહી વહી જવાના કારણે મોત થતાં હોય તેમાં લોહીને કેવી રીતે અટકાવી શકાય તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. હાલમાં રાસાયણિક ખાતરના બેફામ ઉપયોગથી બિમારીનું પ્રમાણ વધી રહ્યું છે. જંકફૂડથી મેદસ્વિતાનું પ્રમાણ વધી રહ્યુ છે. લોકો હાર્ટ એટેકના કારણે જીવ ગુમાવી રહ્યા છે ત્યારે આ સંજોગોમાં સીપીઆર આપીને કેવી રીતે કોઈનો જીવ બચાવી શકાય તેની સમજ આપવામાં આવી હતી.



આ સિવાય આગ લાગે ત્યારે નાસભાગ થવા લાગે અને ધુમાડાના કારણે લોકો બેભાન પણ થઈ જતા હોય છે. આ સમયે આગથી બચવા માટેના આઈડીયા પોલીસ જવાનોને તાલીમમાં સમજાવાયા હતાં. ઈન્સ્પેકટર વિજય કુમારે કહ્યુ કે, આગ જમીનથી દોઢ ફૂટ ઉપર હોય છે. ત્યારે નાસભાગ કરવાથી ધુમાડાને કારણે વધુ તકલીફ થાય છે. જેથી નીચેના ભાગે રહેવુ જોઈએ. આ સિવાય ભૂકંપ, ઔદ્યોગિક અકસ્માત, ફાયર સેફટી અને શોધ બચાવ, ઘાયલ વ્યક્તિઓને ઉપાડવાની પદ્ધત્તિ, સમુદાય આધારિત પ્રાથમિક સારવાર અને સીપીઆર જેવા મહત્વના વિષયો ઉપર પણ તાલીમ આપવામાં આવી હતી.

## વલસાડ અને ગ્રામ્ય વિસ્તારમાં ગણેશોત્સવની તૈયારીઓ શરુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૦ :** બે મહિના બાદ આગામી ૧૪ સપ્ટેમ્બરે આવનારા ગણેશ ચતુર્થીના મહાપર્વને લઈને વલસાડ શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અત્યારથી જ ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. શ્રી ગણેશજીના આગમનને આવકારવા માટે ગણેશ મંડળો અને ભક્તો તૈયારીઓમાં જૂટી ગયા છે.

શહેરના મુખ્ય માર્ગો તેમજ ગ્રામીણ વિસ્તારોમાં વિવિધ ગણેશ મંડળો દ્વારા પંડાલો અને મંડપો બાંધવાની પ્રાથમિક તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ સાથે જ, મૂર્તિકારોના કારખાને પહોંચીને ભક્તો અને મંડળના સભ્યો પોતાની પસંદગીની ગણપતિ બાપાની મૂર્તિઓનું એડવાન્સ બુકિંગ કરાવી રહ્યા છે. ત્યારે શ્રીજીની પ્રતિમાઓને સુરક્ષિત અને ભવ્ય રીતે મંડપ સુધી લાવવા માટેના આગમન યાત્રાના રૂટ અને વ્યવસ્થા અંગે પણ મંડળો દ્વારા બેઠકોનો દોર શરૂ થઈ ગયો છે. ગણેશોત્સવને હવે ગણતરીના મહિનાઓ જ બાકી રહ્યા છે. ત્યારે સમગ્ર વલસાડ જિલ્લો ગણપતિ બાપ્પા મોરિયોના નાદથી ગુંજી ઉઠવા માટે થનગની રહ્યો છે.

### બી.આર.સી. કો-ઓર્ડિનેટરે ૨૪૦૦ વૃક્ષારોપણના સંકલ્પ સાથે જન્મદિવવસ ઉજવ્યો

## વલસાડની શાળાઓમાં વૃક્ષારોપણ - ૪૦૦ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૦ :** સામાન્ય રીતે લોકો પોતાના જન્મદિવસની ઉજવણી કેક કાપીને કરતા હોય છે, પરંતુ વલસાડ તાલુકાના બી.આર.સી. કો-ઓર્ડિનેટર તથા ગાયત્રી પરિવાર દક્ષિણ ઝોનના યુવા પ્રમુખ મિતેશકુમાર પટેલ છેલ્લા ૧૦ વર્ષથી પોતાનો જન્મદિવસ સમાજોપયોગી અને પર્યાવરણલક્ષી સેવાકાર્યો સાથે ઉજવી રહ્યા છે.

તેમની અનોખી પરંપરા આજે પણ તેમણે જાળવી હતી. આ વર્ષે જન્મદિવસ તેમણે ૨૪૦૦ વૃક્ષારોપણના સંકલ્પ સાથે ઉજવ્યો હતો.

વલસાડ તાલુકાની ડુંગરી સ્ટેશન પ્રાથમિક શાળા તેમજ મગોદ-ડુંગરી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે




વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ સિવાય આશરે ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટ તથા જીવન ઘડતર માટેના પ્રેરણાદાયી પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ નિમિત્તે NDRFની ટીમ દ્વારા આપત્તિ વ્યવસ્થાપન અંગે જીવંત પ્રદર્શન અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પ્રોબેશનરી IAS અધિકારી પિયુષ ઘટાલા, NDRF ઈન્સ્પેક્ટર વિજયભાઈ, TPEO નીરવભાઈ, ડિઝાસ્ટર DPO જયવિરસિંહ રાઉલ, ગાયત્રી પરિવાર, અતુલ ફાઉન્ડેશનના પ્રતિનિધિઓ, આચાર્ય તેજલબેન, સતીશભાઈ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં. મિતેશકુમાર પટેલની આ પહેલ સમાજસેવા, પર્યાવરણ સંરક્ષણ, શિક્ષણ પ્રોત્સાહન અને આપત્તિ જાગૃતિ માટે પ્રેરણારૂપ બની છે.

### ‘મારું વલસાડ, સુંદર વલસાડ - સ્વચ્છ વલસાડ’

## વલસાડના અન્ય વિસ્તારો અને રસ્તાઓ પણ સફાઈ અભિયાન માંગે છે



મારું વલસાડ સુંદર વલસાડ સ્વચ્છ વલસાડ નામના આ વિશેષ અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લા કલેક્ટર દ્વારા શહેરના ધરમપુર રોડ અબ્રામા વિસ્તારમાં બંને તરફ ગેરકાયદેસર લગાવવામાં આવેલી લારી, મંડપોને તાત્કાલિક પાલિકા દ્વારા હટાવી દેવામાં આવ્યા છે. ત્યાં બીજી તરફ વલસાડ શહેરના એમ. જી. રોડ સ્ટેડિયમ રોડ ખત્રીવાડ શાકભાજી માર્કેટ, ચોક બેચર રોડ, આવાબાઈ રોડ હાલર રોડ વિસ્તારમાં રોડ ઉપર લારીઓ લગાવવામાં આવે છે. જેના કારણે ટ્રાફિક સમસ્યા અને ગંદકી પણ જોવા મળતી હોય છે. આવા શહેરી વિસ્તારમાં પણ જિલ્લા કલેક્ટર દ્વારા પાલિકા ચીફ ઓફિસર, સેનેટરી ઈન્સ્પેકટર સહિત પાલિકાના ઈજનેરો કર્મચારીઓને સૂચના આપી સ્વચ્છતા અભિયાન ચલાવે તેવી માંગણીઓ શહેરીજનો કરી રહ્યા છે. વલસાડ શહેરને વધુ સ્વચ્છ, સુંદર અને સુવ્યવસ્થિત બનાવવાના દ્રઢ સંકલ્પ સાથે વલસાડ નગરપાલિકા દ્વારા એક વિશેષ અને મહત્વપૂર્ણ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. મારું વલસાડ, સુંદર વલસાડ - સ્વચ્છ વલસાડ નામના આ વિશેષ અભિયાન અંતર્ગત શહેરના મુખ્ય માર્ગોને ચમકાવવા માટે સફાઈ અને સુશોભનની યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. મેગા ડ્રાઈવની શરૂઆત વલસાડના વ્યસ્ત એવા અબ્રામા ધરમપુર રોડ પરથી કરવામાં આવી હતી. વર્ષોથી રસ્તાની બંને બાજુએ જમા થયેલો કચરો, ધૂળ-માટીના ઢગલા અને નડતરરૂપ ઝાડ-



**વલસાડનો પત્ર**
**કમલેશ હરિયાવાલા, વલસાડ**

ઝાંખરા સહિતની ગંદકીને દૂર કરવા માટે તંત્ર મોડી રાત્રે મેદાનમાં ઉતર્યું હતું. રાત્રિ દરમિયાન ચાલેલી આ વિશેષ કામગીરીનું વલસાડ નગરપાલિકાના ચીફ ઓફિસર સ્થળ પર રૂબરૂ પહોંચીને નિરીક્ષણ કર્યું હતું. તેમની સાથે સેનેટરી ઈન્સ્પેક્ટર, બાંધકામ વિભાગના એન્જિનિયર અને આરોગ્ય સમિતિના ચેરમેન સહિતના ઉચ્ચ અધિકારીઓ પણ સમીક્ષા માટે ઉપસ્થિત રહ્યા હતાં.

આ ઓપરેશનને સફળ બનાવવા માટે નગરપાલિકાના ૨૫થી વધુ સફાઈ કર્મચારીઓની ફોજ તૈનાત કરવામાં આવી હતી. આ કામગીરીમાં આધુનિક મશીનરીનો પણ ઉપયોગ કરાયો હતો. રસ્તાની આસપાસના કચરા અને ઝાડ-ઝાંખરાના ઝડપી નિકાલ બાદ સફાઈ બાદ રસ્તાઓ પરથી ધૂળ ડામવા અને માર્ગોને ચોખ્ખાચણાક કરવા માટે પાણીનો ભારે છંટકાવ કર્યો હતો. તો બીજી તરફ વલસાડ શહેરના મુખ્ય માર્ગો જેવા કે તિથલ રોડ, બેચર રોડ, શાકભાજી માર્કેટ આઝાદ ચોક એમ.જી. રોડ, ખત્રીવાડ, વિસ્તારમાં રોડ ઉપર લારીઓ , મંડપ, લગાવવામાં આવે છે જેના કારણે ટ્રાફિક સમસ્યા અને ગંદકી પણ જોવા મળતી હોય છે. આવા શહેરી વિસ્તારમાં પણ જિલ્લા કલેક્ટર દ્વારા પાલિકા ચીફ ઓફિસર, સેનેટરી ઈન્સ્પેક્ટર સહિત પાલિકાના ઈજનેરો કર્મચારીઓને સૂચના આપી સ્વચ્છતા અભિયાન ચલાવે તેવી માંગણીઓ શહેરીજનો કરી રહ્યા છે. વલસાડ જિલ્લા કલેકટર દ્વારા આહવાન કરવામાં આવ્યું કે લસાડને એક આધુનિક અને મોડેલ સિટી બનાવવાના આ ભગીરથ કાર્યમાં હવે જોવાનું એ રહેશે કે શહેરના નાગરિકો પોતાની જવાબદારી સમજીને આ સ્વચ્છતા અભિયાનને કેટલો સહયોગ આપે છે. ત્યારે આ સ્વચ્છ વલસાડ સુંદર વલસાડ બનાવવા માટે નગરપાલિકા દ્વારા સફાઈ અભિયાનની ક્યારે શરૂઆત થાય તેની શહેરીજનો રાહ જોઈ રહ્યા છે.

## પારનેરા પારડીમાં પ્રાકૃતિક ખેતી તાલીમ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૦ :** વલસાડ તાલુકાના પારનેરા પારડી ગામમાં પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના તાલુકા પ્રોજેક્ટ મેનેજર શિવાનીબેન ગઢવી, કૃષિ સખી ચંદનબેન કોમ્યુનિટી રિસોર્સ પર્સન ઉત્તમભાઈ અને ગ્રામસેવક હિરલબેન દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની માહિતી આપવામાં આવી હતી. એક દેશી ગાયના છાણ અને ગૌમુત્રથી ૩૦ એકર જમીનમાં પ્રાકૃતિક કૃષિ કરી શકાય છે, જેમાં ઉપયોગી દેશી ગાયના ગોબર, ગૌમૂત્ર સાથે બેસન, ગોળ અને માટીના મિશ્રણથી બનતા જીવામૃત અને ઘન જીવામૃત પ્રમાણમાં ઓછા ખર્ચાળ હોય છે, તેની વિરુદ્ધ રાસાયણિક ખાતરો અને ઝેરી જંતુનાશકોને કારણે ખેતરમાં લાભકારી જીવોનો ક્ષય થાય છે જ્યારે જીવામૃત ઘન જીવામૃત અને આચ્છાદનથી અળસિયા જેવા લાભકારી જીવોની વૃદ્ધિ થાય છે જે કૃષિ પાકને પોષણ આપે છે આ ઉપરાંત વાતાવરણમાંથી નાઈટ્રોજનને જમીનમાં સ્થાપિત કરે છે એવી સમજ ખેડૂતમિત્રોને આપવામાં આવી હતી.

## વલસાડમાં નવરાત્રીના ત્રણ મહિના અગાઉથી દાંડિયા ક્લાસ શરૂ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૦ :** આ વર્ષે નવરાત્રીના પર્વને હજુ ત્રણ મહિના જેટલો સમય બાકી છે, છતાં વલસાડ શહેરમાં અત્યારથી જ ગરબાના તાલ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શહેરના વિવિધ હોલ્સમાં દોઢિયા ક્લાસ ધમધમી રહ્યા છે, જેમાં મોટી સંખ્યામાં ખેલૈયાઓ અલગ અલગ સ્ટેપ શીખી રહ્યા છે.

આગામી ૧૧મી ઓક્ટોબરે શરૂ થનારી નવરાત્રીને ધ્યાનમાં રાખીને વલસાડ શહેરમાં અત્યારથી જ ગરબાના આગોતરા આયોજનો શરૂ થઈ ગયા છે. શહેરના કેટલાક નિયુક્ત હોલ ખાતે સાંજે ૬ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી દોઢિયા ક્લાસનું સફળ સંચાલન કરવામાં આવી રહ્યું છે.

આ દોઢિયા ક્લાસોમાં નગરજનોનો અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડી રહ્યો છે, બાળકો, મહિલાઓ, યુવકો અને યુવતીઓ ઉત્સાહભેર જોડાઈને ગરબાની તાલીમ લઈ રહ્યા છે.આ ક્લાસોમાં મોટા પ્રમાણમાં શાળા અને કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ મોટી સંખ્યામાં જોવા મળી રહ્યા છે. હજુ તહેવારને સમય છે, તેમ છતાં વલસાડના યુવા વર્ગમાં ગરબા પ્રત્યેનો આ અતિ ઉત્સાહ દર્શાવે છે કે આ વર્ષે નવરાત્રી મહોત્સવ દરમિયાન વરસાદ નહીં પડે તો ખેલૈયાઓ રંગત જમાવશે. ખેલૈયાઓ અત્યારથી જ પરફેક્ટ સ્ટેપ્સ શીખીને મંચ પર ધમાકો કરવા સજ્જ બન્યા છે.

## વલસાડમાં શ્રી માહ્યાવંશી શિક્ષણ પ્રચારક સંઘ દ્વારા શૈક્ષણિક સન્માન યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૦ :** શ્રી માહ્યાવંશી શિક્ષણ પ્રચારક સંઘ (વલસાડ શાખા) દ્વારા આગામી સમયમાં ૨૯મો શૈક્ષણિક સન્માન, વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન અને રોકડ પુરસ્કાર વિતરણ સમારંભ - ૨૦૨૬ તારીખ ૨૬-૦૭-૨૦૨૬, રવિવાર ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ‘શિક્ષણ ભવન’ ‘સ્વ. ભગવાનદાસ માર્કર સભાગૃહ’ વશીયર, વલસાડ (ક્લબ રીસોર્ટની બાજુમાં) રાખવામાં આવ્યો છે. આ સમારંભના પ્રમુખસ્થાને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (સુરત)ના નિવૃત પ્રાધ્યાપક મા. પ્રા. ડૉ. કિશોરભાઈ એચ. ચીખલીયા ઉપસ્થિત રહેશે. અતિથિ વિશેષ તરીકે મલાડ, મુંબઈની નગીનદાસ ખાંડવાલા કોલેજના નિવૃત રજિસ્ટ્રાર ગિરિશભાઈ આર. રાઠોડ હાજરી આપશે.

મુખ્ય મહેમાન તરીકે મુંબઈના શિક્ષણ દાતા રીતેશભાઈ અજીતભાઈ સુરતી ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારશે. સંઘના પ્રમુખ ધીરજ કે. હલધર તથા માનદ્ મંત્રી જયેશ ડી. ડાંગ તેમજ હોદ્દેદારો અને કારોબારી સભ્યો દ્વારા સન્માનિત વિદ્યાર્થીઓ, વાલીઓ તથા આમંત્રિત મહેમાનોને કાર્યક્રમમાં સમયસર હાજર રહેવા ભાવભીનું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સ્વરૂચી ભોજનની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે.

દમણગંગા ટાઈમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Tuesday 21, July 2026

## હરિત રેલવે : હાઈડ્રોજન ટ્રેન દ્વારા આત્મનિર્ભરતાની નવી ક્ષિતિજો

વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા હરિયાણાના જીંદથી સોનીપત વચ્ચે દેશની પ્રથમ હાઈડ્રોજન સંચાલિત ટ્રેનને લીલી ઝંડી બતાવવાની ઘટના ભારતીય રેલવેના ઈતિહાસમાં એક સુવર્ણ પ્રકરણ સમાન છે. ૧૯મી સદીના વરાળ એન્જિન અને ૨૦મી સદીનાં ડીઝલ-વીજળી પછી, ૨૧મી સદીની આ હાઈડ્રોજન ટેક્નૉલૉજી વૈશ્વિક સ્તરે હરિત પરિવહન તરફ એક ક્રાંતિકારી છલાંગ છે. 'મેક ઈન ઈન્ડિયા' અભિયાન હેઠળ સંપૂર્ણ સ્વદેશી ડિઝાઈન અને પ્રોટોટાઈપથી નિર્મિત આ ૧૦ કોચની ટ્રેન અને જીંદ ખાતે સ્થાપિત દેશની સૌથી મોટી હાઈડ્રોજન સંગ્રહ સુવિધા ભારતની ઈજનેરી ક્ષમતા અને 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પનું જીવંત ઉદાહરણ છે. વૈશ્વિક સંઘર્ષો વચ્ચે ઊર્જા સુરક્ષા માટે ભારતે અન્ય પર નિર્ભર રહેવાને બદલે પોતાની સ્વનિર્ભરતા સિદ્ધ કરી બતાવી છે. હરિયાણા આ આધુનિક રેલ ક્રાંતિનું અગ્રેસર બન્યું છે. પ્રોટોન એક્સ્ચેન્જ મેમ્બ્રેન ફ્યુઅલ સેલ ટેક્નૉલૉજી આધારિત આ પ્રણાલી હાઈડ્રોજન અને ઑક્સિજન વચ્ચે રાસાયણિક પ્રક્રિયા કરીને વીજળી પેદા કરે છે, જેમાં બાય-પ્રોડક્ટ તરીકે માત્ર પાણીની વરાળ નીકળે છે, જે વાતાવરણને પ્રદૂષણમુક્ત રાખે છે. આ ઝીરો-એમિશન ટેક્નૉલૉજીથી રેલવેની આયાતી ડીઝલ પરની નિર્ભરતા ઘટશે, જેનાથી સ્વાભાવિક રીતે જ અર્થતંત્રને મજબૂતી મળશે. જર્મની, જપાન, ચીન અને અમેરિકા જેવા જૂજ દેશોની હરોળમાં ભારતે સ્થાન મેળવ્યું છે. ભારતની આ ટ્રેન ૩૨૦૦ હોર્સપાવર પ્રોપલ્શન સિસ્ટમ સાથે વિશ્વની સૌથી શક્તિશાળી હાઈડ્રોજન ટ્રેનોમાં સામેલ છે. રેલવે નેટવર્કનું આ આધુનિકીકરણ માત્ર મુસાફરો પૂરતું મર્યાદિત નથી, પરંતુ તેની વ્યાપક અસર દેશના અર્થતંત્ર પર પડશે. ક્લીન કનેક્ટિવિટીને કારણે માલસામાનની હેરફેર ઝડપી બનશે,

લૉજિસ્ટિક્સ ખર્ચ ઘટશે અને ગ્રામીણ વિસ્તારો બજાર સાથે સીધા જોડાશે. કૃષિ પુરવઠા સાંકળ અને કૉલ્ડ-ચેઈન ટ્રાન્સપોર્ટેશન મજબૂત થવાથી ખેડૂતોના પાકનો બગાડ અટકશે અને તેમને યોગ્ય ભાવો મળશે. આ આખી પ્રક્રિયા લાંબા ગાળાના ફુગાવાના દબાણને નિયંત્રિત કરવામાં અને આર્થિક ઉત્પાદકતા વધારવામાં મદદરૂપ સાબિત થશે. જોકે, આ ભગીરથ કાર્ય માત્ર એક શરૂઆત છે, અંતિમ મંજિલ નથી. આ ટેક્નૉલૉજીને મોટા પાયે સફળ બનાવવા માટે સસ્તા ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રશિક્ષિત માનવબળ અનિવાર્ય છે. રેલવેનું આ ગ્રીન ટ્રાન્સફોર્મેશન 'વિકસિત ભારત' અને પર્યાવરણીય સાતત્ય બન્નેને સમાંતર મજબૂતી આપશે.

## દમણગંગા ટાઈમ્સ
### NEWS CORPORATE NEWS

## ટાટા એઆઈએ ગુજરાતમાં ૨૬૫ એજન્ટની નોંધણી

**સુરત, તા. ૧૨ :** ટાટા એઆઈએ લાઈફ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ (ટાટા એઆઈએ) ગર્વભેર જાહેર કરે છે કે તેણે ગુજરાતમાં ૨૬૫ મિલિયન ડોલર રાઉન્ડ ટેબલ (એમડીઆરટી) લાયકાત ધરાવતા એડવાઇઝરની નોંધણી કરીને ફાઇનાન્શિયલ એડવાઇઝરી સર્વિસીસમાં શ્રેષ્ઠતા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા વધુ મજબૂત બનાવી છે. વર્ષ ૨૦૨૬ના ગ્લોબલ એમડીઆરટી રેન્કિંગ મુજબ, કંપનીએ પ્રતિષ્ઠિત એમડીઆરટીના ગૌરવપૂર્ણ સ્થાન માટે સુરતના ૫૬, અમદાવાદના ૭૦ અને ગાંધીનગરના ૨૩ એડવાઇઝર્સની નોંધણી કરી છે.

ટાટા એઆઈએના સમગ્ર નેટવર્કમાં ૧,૩૯૭ એમડીઆરટી લાયકાત ધરાવતા એડવાઇઝર, ૬૯૫ મહિલા એમડીઆરટી સભ્યો, જે કુલ લાયકાત મેળવનારામાં લગભગ ૫૦ ટકા છે. એમડીઆરટી સભ્યોની સંખ્યાના આધારે વૈશ્વિક સ્તરે ૧૩મું સ્થાન. સતત પાંચથી નવ વર્ષ સુધી એમડીઆરટી લાયકાત જાળવી રાખનારા એડવાઇઝરની શ્રેણીમાં ૨૦૭ એડવાઇઝર સાથે ભારતમાં પ્રથમ સ્થાન.

## રામ મંદિર દાન ચોરી કેસમાં સુપ્રીમ કોર્ટનો SITની પુનઃરચનાનો આદેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૦ : અયોધ્યા રામ મંદિરમાં દાનની ચોરીના ચકચારી કેસમાં સુપ્રીમ કોર્ટમાં એક મહત્ત્વની સુનાવણી હાથ ધરવામાં આવી છે. સોમવારે (૨૦ જુલાઈના રોજ) દેશના મુખ્ય ન્યાયાધીશ (CJI) જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી ત્રણ જજોની બેન્ચ સમક્ષ આ મામલાની સુનાવણી થઈ હતી. દેશની સર્વોચ્ચ અદાલતે આ કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કોઈ સિનિયર IPS અધિકારીની આગેવાની હેઠળ ગુનાની તપાસ કરી રહેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)નું પુનર્ગઠન કરવાનો મહત્ત્વનો આદેશ આપ્યો છે. બીજી તરફ, સરકાર પક્ષે હાજર રહેલા સોલિસિટર જનરલ (SG) તુષાર મહેતાએ કોર્ટને માહિતી આપી હતી કે આ મામલે સ્ટેટસ રિપોર્ટ દાખલ કરી દેવામાં આવ્યો છે. તેમણે કોર્ટને વધુમાં જણાવ્યું કે આ કેસની તપાસ ખૂબ જ સક્રિયતાથી ચાલી રહી છે અને અત્યાર સુધીમાં કુલ ૮ આરોપીઓની ધરપકડ પણ કરવામાં આવી ચૂકી છે.

## મમતા બેનરજીને ૪૦૦ કરોડનો ફટકો?

(સંપૂર્ણ સમાચાર સેવા)
કોલકત્તા, તા.૨૦ : પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનરજીને કાનૂની મોરચે મોટો ઝટકો લાગ્યો છે. સોમવારે કલકત્તા હાઈકોર્ટ દ્વારા તેમના ફ્રીઝ કરવામાં આવેલા બેંક ખાતાઓનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, મની લોન્ડરિંગના (PMLA) એક કેસ હેઠળ ઈડી (ED - પ્રવર્તન નિદેશાલય) દ્વારા આ ખાતાઓને ફ્રીઝ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ રાજકીય અને કાનૂની સંકટ એવા સમયે આવ્યું છે જ્યારે તૃણમૂલ કોંગ્રેસ પક્ષ બે જૂથોમાં વહેંચાઈ ચૂક્યો છે અને મમતા બેનરજી પાસેથી પાર્ટીનું નામ તેમજ પ્રતીક ચિહ્ન પણ છીનવાઈ જવાનો ખતરો તોળાઈ રહ્યો છે. કલકત્તા હાઈકોર્ટના જસ્ટિસ કૃષ્ણ રાવે આ મામલે વચગાળાનો આદેશ જાહેર કરીને બેંક ખાતાઓ પરનો પ્રતિબંધ હટાવવાની અરજી ફગાવી દીધી છે. આ સમગ્ર વિવાદ એપ્રિલ ૨૦૨૩થી જૂન ૨૦૨૬ વચ્ચે કેરવેલ એવિએશન ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ અને તેની સાથે જોડાયેલી કંપનીઓ વચ્ચે થયેલા શંકાસ્પદ વ્યવહારો સાથે સંકળાયેલો છે. તપાસ એજન્સીના આરોપ અનુસાર, આ નાણાકીય વ્યવહારો એક લક્ઝરી એમ્બ્રેયર લેગેસી ૬૦૦ વિમાન અને એક અગસ્તા ૧૦૯ ગ્રાન્ડ ન્યૂ હેલિકોપ્ટરની ખરીદી માટે કરવામાં આવ્યા હતા. મીડિયા રિપોર્ટ પ્રમાણે, આ મામલાની શરૂઆત બિધાનનગરના સાયબર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એક એફઆઈઆરના આધારે થઈ હતી.

# નડ્ડા સાથેની બેઠક બાદ નિર્ણય સોનમ વાંગચુકે તોડ્યા ઉપવાસ



### જેપી નડ્ડાને મળ્યા CJPના નેતાઓ, માંગણીઓ અંગે આંતરિક ચર્ચાનું આશ્વાસન : જેપી નડ્ડાની પ્રદર્શનકારીઓને ધરણા સમાપ્ત કરવાની અપીલ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૦ : સામાજિક કાર્યકર સોનમ વાંગચુકે સોમવારે પોતાની ૨૩ દિવસ લાંબી ભૂખ હડતાળ સમાપ્ત કરી છે. કેન્દ્રીય મંત્રી JP નડ્ડાએ CJPના પ્રદર્શનકારીઓ સાથે મુલાકાત કર્યા બાદ તેમણે આ નિર્ણય લીધો હતો. જંતર-મંતર પર ઉપવાસ દરમિયાન વાંગચુકનું સ્વાસ્થ્ય બગડતાં ૧૮ જુલાઈએ તેમને સફદરજંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ડૉક્ટરોએ તેમના શરીરમાં પાણીની ઉણપ (ડિહાઈડ્રેશન), પોટેશિયમનું ખૂબ નીચું સ્તર અને વધેલા કીટોન લેવલ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

વાંગચુક છેલ્લા ૨૩ દિવસથી પોતાની માંગણીઓને લઈને ભૂખ હડતાળ પર હતા. તબિયત બગડતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી હતી. સોમવારે કેન્દ્રીય મંત્રી JP નડ્ડા સાથે થયેલી ચર્ચા બાદ તેમણે પોતાનો ઉપવાસ સમાપ્ત કરવાનો નિર્ણય લીધો હતો.

CJPના પ્રતિનિધિમંડળ સાથે મુલાકાત બાદ JP નડ્ડાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર જણાવ્યું કે વાતચીતની પહેલ પ્રથમ વખત પ્રદર્શનકારીઓ તરફથી કરવામાં આવી હતી. તેમણે લખ્યું કે, 'આજે સવારે પ્રથમ વખત પ્રદર્શનકારીઓ તરફથી સરકાર સાથે વાતચીત કરવાનો પ્રસ્તાવ આવ્યો હતો અને સવારે ૧૧:૫૦ AMથી અમારી ચર્ચા ચાલી રહી છે. ખૂબ જ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં મુલાકાત થઈ છે. તેમના પ્રતિનિધિમંડળ સાથે પહેલા વિસ્તૃત મૌખિક ચર્ચા થઈ અને ત્યારબાદ લગભગ ૪ વાગ્યે તેમણે મને લેખિત અરજી સોંપી હતી. મેં તમામ પ્રદર્શનકારીઓને વિનંતી કરી કે તેઓ પોતાના ધરણા સમાપ્ત કરે અને સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત કરવામાં વહીવટીતંત્રને સહકાર આપે.'

આ દરમિયાન કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સ્થાપક અભિજીત દીપકેએ પણ પોતાનો આમરણ ઉપવાસ સમાપ્ત કરી દીધો છે. દીપકેએ ૧૮ જુલાઈએ સોનમ વાંગચુકને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા બાદ ભૂખ હડતાળ શરૂ કરી હતી.

માહિતી અનુસાર, એક એવા દ્રઈઈ ઉમેદવારના પિતાએ, જેમણે કથિત રીતે આત્મહત્યા કરી હતી, તેમણે દીપકે સાથે મુલાકાત કરીને ઉપવાસ સમાપ્ત કરવાની અપીલ કરી હતી. ત્યારબાદ સોનમ વાંગચુકની અપીલને ધ્યાનમાં રાખીને તેમણે પણ પોતાનો ઉપવાસ સમાપ્ત કર્યો હતો.

જોકે, દીપકેએ સ્પષ્ટ કર્યું કે, તેમનું આંદોલન સમાપ્ત નથી થયું. તેમણે કહ્યું કે શિક્ષણ વ્યવસ્થામાં સુધારણા અને વિદ્યાર્થીઓના હિત સાથે જોડાયેલા મુદ્દાઓ માટે તેમની લડત આગળ પણ ચાલુ રહેશે. બીજી તરફ, સોનમ વાંગચુકના ઉપવાસ સમાપ્ત થતાં હાલ આ તબક્કાનું આંદોલન પૂર્ણ થયું છે. જોકે, તેમણે ઉઠાવેલા મુદ્દાઓ અંગે સરકાર અને આંદોલનકારીઓ વચ્ચે આગળ પણ ચર્ચા ચાલુ રહેવાની શક્યતા છે.

CJP ના સૌરભ દાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું આશુતોષ રાંકા અને હું બપોરે ૧૨ કલાકથી કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડાના નિવાસસ્થાને છીએ. અમે અમારી માંગ તેમની સાથે રાખી છે, જેમાં ધર્મેન્દ્ર પ્રધાનનું તત્કાલ રાજીનામું અને તેમને પદ પરથી હટાવવા સામેલ છે.

તેમણે આગળ જણાવ્યું કે, કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડાએ અમને વિશ્વાસ અપાવ્યો છે કે તેઓ આ મામલા પર યોગ્ય સ્તરે વાતચીત કરશે.

પરંતુ હજુ ખાતરીપૂર્વક વચન આપવામાં આવ્યું નથી. જ્યાં સુધી અમારી માંગ સ્વીકારવામાં આવશે નહીં, ત્યાં સુધી શાંતિપૂર્ણ પ્રદર્શનકારી બેસી જશે નહીં. કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડા અને કોકરોચ જનતા પાર્ટીના પ્રતિનિધિઓ વચ્ચે વાતચીત બાદ સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકે પોતાની ભૂખ હડતાળ ખતમ કરી દીધી છે.

વાંગચુક ૨૮ જૂનથી દિલ્હીમાં જંતર-મંતર પર ભૂખ હડતાળ પર બેઠા હતા. તેમની સાથે અન્ય લોકો પણ હતા, જેમાં AISA ના ત્રણ સભ્ય સામેલ છે. કોકરોજ જનતા પાર્ટીએ જણાવ્યું કે સરકાર તરફથી વાતચીત માટે પહેલ કરાયા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડાએ કોકરોચ જનતા પાર્ટીના પ્રતિનિધિઓ સાથે થયેલી પોતાની મુલાકાત પર કહ્યુ આજે સવારે પ્રથમવાર પ્રદર્શનકારીઓ તરફથી સરકારની સાથે વાતચીત કરવાનો પ્રસ્તાવ આવ્યો અને સવારે ૧૧.૫૦ કલાકથી અમારી વાતચીત જારી છે. શાંતિપૂર્ણ વાતાવરણમાં મુલાકાત થઈ. તેમના ડેલીગેશનની સાથે વિસ્તારથી પહેલા મૌખિક ચર્ચા થઈ અને તેના દ્વારા લગભગ ૪ કલાકે મને લેખિત અરજી આપવામાં આવી. મેં બધા પ્રદર્શનકારીઓને વિનંતી કરી છે કે તે પોતાના ધરણા સમાપ્ત કરે અને સામાન્ય સ્થિતિ બહાલ કરવામાં તંત્રની મદદ કરે. સીજેપી તરફથી ત્રણ માંગ કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડાની સામે રાખવામાં આવી છે. તેમાં ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું, આત્મહત્યા કરનાર વિદ્યાર્થીઓના પરિવારજનોને વળતર અને સોનમ વાંગચુકને તત્કાલ છોડવામાં આવે. સીજેપી પ્રવક્તા સૌરભ દાવ તરફથી કહેવામાં આવ્યું કે મંત્રીએ અમને વિશ્વાસ અપાવ્યો કે આ મુદ્દે યોગ્ય જગ્યાએ વાતચીત થશે. પરંતુ હજુ કોઈ ગેરંટી આપવામાં આવી નથી.

## સંસદ માર્ચમાં વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ થતાં આખું વિપક્ષ ભડક્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૦ : આજે સંસદમાં ચોમાસા સત્રનો પહેલો જ દિવસ છે, ત્યારે જંતર-મંતરથી લઈને સંસદ સુધી ભારે હોબાળો ચાલી રહ્યો છે. નીટ પરીક્ષામાં ધાધલી મામલે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી રહેલા કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સમર્થકોએ સંસદ તરફ માર્ચ શરૂ કરતા જ મામલે ગંભીર બની ગયો છે. દિલ્હી પોલીસે સંસદ તરફ આવી રહેલા દેખાવકારો પર લાઠીઓ વરસાવી છે, જેને લઈને આખો વિપક્ષ ગુસ્સે થયો છે. દેખાવકારો પર લાઠીચાર્જ મામલે સમાજવાદી પાર્ટી, કોંગ્રેસ, આમ આદમી પાર્ટીથી લઈને ટીએમસીના નેતાઓ ગુસ્સે થયા છે. વિપક્ષના નેતાઓએ દેખાવ કરી રહેલા વિદ્યાર્થીઓનું સમર્થન કરવાની સાથે કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે વિદ્યાર્થીઓ પર બળપ્રયોગ કરવા મામલે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, 'અમારા સાંસદોને પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યા છે, જ્યારે બહાર બાળકો પર લાઠીચાર્જ કરવામાં આવી રહ્યો છે. આ કેવી સરકાર છે? તમે બાળકોની વાત સાંભળવા જ નથી માંગતા.'

અખિલેશે નીટ પરીક્ષામાં ધાંધલી મામલે નેતાઓના રાજીનામાની માંગ કરી છે. તેમણે કહ્યું કે, જો નીટ પરીક્ષામાં ધાંધલી થઈ, તો તે માટે જવાબદાર કોણ છે? તમે વિશ્વગુરુ બનવાની આશા રાખીને બેઠા છો અને દાવો કરો છો કે, વિશ્વ અમૃતકાળમાં છે. તેમ છતાં તમે તમારા મંત્રીઓને હટાવી શકતા નથી. તેમણે રોજગાર મામલે સરકારને ઘેરતા કહ્યું કે, 'જો નોકરીઓ અપાઈ હોત તો આજે બાળકો રસ્તા પર ન ઉતર્યા હોત. જ્યારે લોકો વિરોધ કરવા બેઠા હતા, ત્યારે અંગ્રેજોએ પણ તેમની વાત સાંભળી હતી. તેથી જ વિરોધનો રસ્તો દેખાડનાર ગાંધીજીનું આજે વિશ્વભરમાં સન્માન કરવામાં આવે છે. જે રીતે દેખાવકારોને હટાવાઈ રહ્યા છે, તે જોતા લાગી રહ્યું છે કે, સરકારની સન્માનજનક વિદાય ન થઈ જાય. આ સરકાર નહીં, પરંતુ અહંકાર છે.' કોંગ્રેસ નેતા શશિ થરૂરે પણ વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ મામલે આક્રમક પ્રતિક્રિયા આપી છે. તેમણે શાંતિપૂર્વક દેખાવો કરી રહેલા યુવાઓ પર પોલીસની કાર્યવાહીને હિંસા ગણાવી છે. તેમણે કહ્યું કે, 'અહિંસક દેખાવો થઈ રહ્યા હતા, તો લાઠીચાર્જ કરવા પાછળ શું કારણ છે? લાઠીચાર્જ કરવો તે અહિંસાનું કામ નથી. આ એક હિંસક કાર્યવાહી છે.' આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલે વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જની ઘટનાની ટીકા કરી છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું છે કે, અમારા બાળકો પર લાઠીચાર્જ થઈ રહ્યો છે, ટિયર ગેસના સેલ છોડવામાં આવી રહ્યા છે. તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રાએ પણ જંતર-મંતર પરની સ્થિતિ અંગે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, હું આજે સવારે લોકસભા જતા પહેલા જંતર-મંતર ગઈ હતી.

## દિલ્હીમાં પ્રદર્શનકારીઓ પર લાઠીચાર્જ : કેટલાક વિસ્તારોમાં ઈન્ટરનેટ સ્થગિત

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૦ : કેટલાક પ્રદર્શનકારીઓએ કથિત રીતે પથ્થરમારો કર્યો હતો, જેના પછી પોલીસે ભીડને વિખેરવા માટે લાઠીચાર્જ કર્યો હતો અને હળવા બળનો ઉપયોગ કર્યો હતો. પોલીસે પ્રદર્શનકારીઓને આગળ વધતા રોક્યા બાદ કેરળ હાઉસના એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ નજીક પરિસ્થિતિ તંગ બની ગઈ હતી, જેના કારણે સુરક્ષા કર્મચારીઓ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ઘર્ષણ થવા પામ્યું હતું. સુરક્ષા કર્મચારીઓએ પ્રદર્શનકારીઓને સંસદ વિસ્તાર તરફ જતા રોકવા માટે સેન્ટ્રલ દિલ્હીના અનેક માર્ગો પર બેરિકેડ્સ પણ મૂક્યા હતા. આ માર્ચનું આયોજન કોકરોચ જનતા પાર્ટી દ્વારા શિક્ષણ અને યુવા કલ્યાણ સંબંધિત ચિંતાઓને વાચા આપવાના તેના અભિયાનના ભાગરૂપે કરવામાં આવ્યું હતું. સેંકડો વિદ્યાર્થીઓ અને યુવા કાર્યકરો જંતર-મંતર ખાતે એકઠા થયા હતા અને સંસદસભ્યો સમક્ષ પોતાની માંગણીઓ મૂકવા માટે સંસદ તરફ કૂચ કરવાનો પ્રયાસ કર્યો હતો.

CJP નેતાઓએ જણાવ્યું હતું કે આ વિરોધ પ્રદર્શનનો હેતુ શાંતિપૂર્ણ રીતે એવા મુદ્દાઓ તરફ ધ્યાન દોરવાનો હતો જેને તેઓ કેન્દ્ર સરકાર દ્વારા અણદેખા કરવામાં આવ્યા હોવાનો દાવો કરે છે. આ પાર્ટી છેલ્લા કેટલાક અઠવાડિયાથી જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કરી રહી છે, જેમાં સોમવારના રોજ યોજાયેલી માર્ચમાં વિદ્યાર્થીઓ અને યુવાનોની મોટી ભીડ જોવા મળી હતી.

## હવે ડેન્ગ્યુથી છુટકારો, સરકારે જાપાની વેક્સિનને મંજૂરી આપી

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૨૦ : દેશમાં દર વર્ષે ડેન્ગ્યુના કારણે ભારે તબાહી મચે છે. વરસાદ પછી દેશના ઘણા વિસ્તારોમાં ડેન્ગ્યુ ફેલાય છે અને તેના કારણે દર વર્ષે હજારો લોકોના મોત પણ થાય છે. પરંતુ હવે તેના પર બ્રેક લાગશે. સરકારે ડેન્ગ્યુને ખતમ કરવા માટે રસીને મંજૂરી આપી દીધી છે. ડ્રગ રેગ્યુલેટરી સંસ્થા સેન્ટ્રલ ડ્રગ સ્ટાન્ડર્ડ એન્ડ ઓર્ગેનાઈઝેશન CDSCO એ જાપાની રસી ક્યુડેન્ગા QDENGA ને મંજૂરી આપી દીધી છે. ક્યુડેન્ગાને જાપાની દવા કંપની તાકેડા ફાર્માસ્યુટિકલ દ્વારા વિકસાવવામાં આવી છે. આ રસી ટેટ્રાવેલેન્ટ લાઈવ એટેન્યુએટેડ ટેકનોલોજી પર વિકસાવવામાં આવી છે, જેનો અર્થ છે કે આ રસી ડેન્ગ્યુ વાયરસના ચારેય સેરોટાઈપથી સુરક્ષા પ્રદાન કરી શકે છે. જાપાની કંપની અનુસાર, આ રસી એવા લોકોને પણ આપી શકાય છે જેમને પહેલા ડેન્ગ્યુ થઈ ચૂક્યો છે.



બીજી તરફ, જેમને અત્યાર સુધી ડેન્ગ્યુ નથી થયો તે તો લઈ જ શકશે. આ રસી લગાવતા પહેલા ડેન્ગ્યુની તપાસ કરાવવાની જરૂર નથી. કંપનીએ કહ્યું છે કે આ મંજૂરી એવા સમયે મળી છે, જ્યારે ભારતમાં છેલ્લા બે દાયકા દરમિયાન ડેન્ગ્યુના કેસોમાં ૧૧ ગણો વધારો નોંધાયો છે. આ રસી બનાવવા માટે જાપાની કંપની તાકેડા ફાર્માસ્યુટિકલએ ૨૦૨૪ માં ભારતની રસી કંપની બાયોલોજિકલ ઈ સાથે ભાગીદારી કરી હતી. આ કરાર હેઠળ Biological E દર વર્ષે ૫ કરોડ ડોઝ બનાવવાની ક્ષમતા વિકસાવશે. આનાથી તાકેડાને દાયકાના અંત સુધીમાં વિશ્વભરમાં દર વર્ષે ૧૦ કરોડ ડોઝ ઉત્પાદન કરવાના તેના લક્ષ્યને હાંસલ કરવામાં મદદ મળશે.

આપણે બધા જાણીએ છીએ કે ડેન્ગ્યુ મચ્છર કરડવાથી ફેલાય છે. તે મચ્છરની અંદર ડેન્ગ્યુ વાયરસ હાજર હોય છે. ડેન્ગ્યુ તાવ વિશ્વભરમાં એક પડકાર બની રહ્યો છે. વૈશ્વિક સ્તરે ડેન્ગ્યુના કુલ કેસોમાં લગભગ એક તૃતીયાંશ હિસ્સો ભારતનો છે. તાકેડાના ઈન્ટરકોન્ટિનેન્ટલ માર્કેટ્સના વડા મહેન્દ્ર નાયકે કહ્યું, ૨૦૨૨ માં લોન્ચ થયા પછી QDENGA ને ૪૩ દેશોમાં મંજૂરી મળી ચૂકી છે અને વિશ્વભરમાં તેના ૩.૨ કરોડથી વધુ ડોઝ વિતરિત કરવામાં આવ્યા છે.

કંપનીએ એ પણ જણાવ્યું કે લાંબા ગાળાના અભ્યાસમાં QDENGA એ ડેન્ગ્યુ સંક્રમણ અને ડેન્ગ્યુના કારણે હોસ્પિટલમાં દાખલ થવાના જોખમ સામે સતત અસરકારક સુરક્ષા પ્રદાન કરી છે.

## સરકાર માટે બીજી મુશ્કેલી ઉભી થઈ, ખેડૂતો હવે મેદાને પડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૨૦ : સંસદના ચોમાસું સત્ર વચ્ચે દેશની રાજધાની દિલ્હીમાં એકસાથે બે મોટા આંદોલનોને કારણે રાજકીય ગરમાવો આવી ગયો છે અને સુરક્ષા દળો હાઈ એલર્ટ પર છે.

એક તરફ આજે સોમવારે કોકરોચ જનતા પાર્ટી (CJP)ના વિરોધ પ્રદર્શનથી સંસદ ભવન આસપાસ તંગદિગીભર્યો માહોલ બન્યો છે, તો બીજી તરફ પંજાબથી હજારો ખેડૂતોના કાફલા દિલ્હી તરફ રવાના થતાં સરકાર માટે બેવડી સૂરક્ષા અને રાજકીય પડકાર ઉભો થયો છે.

### ભારત-અમેરિકા વેપાર કરારના દસ્તાવેજો જાહેર કરવા માંગ

ખેડૂતોનો કાફલો રાત્રિ રોકાણ અલગ-અલગ સ્થળોએ કરીને ૨૧ જુલાઈના રોજ દિલ્હીના 'કિસાન ઘાટ' ખાતે યોજાનાર મહારેલીમાં ભાગ લેશે. ખેડૂત નેતાઓએ દાવો કર્યો કે ભારતની ડેરી વ્યવસ્થા કરોડો ગ્રામીણ પરિવારોની આજીવિકા સાથે જોડાયેલી છે. એવામાં આ ક્ષેત્ર પર કોઈપણ પ્રકારનું દબાણ ગ્રામીણ અર્થતંત્ર અને રોજગાર પર નકારાત્મક અસર પાડી શકે છે.

દેશ બચાવો મોરચાએ કેન્દ્ર સરકાર પાસે માંગ કરી છે કે ભારત-અમેરિકા વેપાર કરાર સાથે જોડાયેલા તમામ દસ્તાવેજો જાહેર કરવામાં આવે. સાથે જ ખેડૂતો, મજૂરો, ડેરી ઉત્પાદકો અને અન્ય સંબંધિત પક્ષો સાથે વ્યાપક ચર્ચા કર્યા પછી જ કોઈ નિર્ણય લેવામાં આવે.

## ટ્રમ્પની ઈરાનને પ્રચંડ હુમલા કરવાની ધમકી

(સંપૂર્ણ સમાચાર સેવા) વોશિંગ્ટન, તા.૨૦ : અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલો સંઘર્ષ હવે અત્યંત ભયાનક વળાંક પર પહોંચી ગયો છે. ઉત્તરી ઈરાકમાં ઈરાની ડ્રોનના અવિસ્ફોટિત બોમ્બને નિષ્ક્રિય કરતી વખતે થયેલા વિસ્ફોટમાં એક અમેરિકન સૈનિકનું મોત નીપજ્યું છે અને એક જવાન ગંભીર રીતે ઘવાયો છે.

આ ઘટનાથી ક્રોધે ભરાયેલા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ બાદ યુએસ સેનાએ ઈરાનના અનેક મહત્ત્વપૂર્ણ સૈન્ય ઠેકાણા પર ભીષણ હવાઈ હુમલા ઝીંકી દીધા છે.

અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) એ રવિવારે સત્તાવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, ૧૮ જુલાઈના રોજ ઉત્તરી ઈરાકમાં તોડી પાડવામાં આવેલા ઈરાનના 'વન-વે એટેક ડ્રોન'ના વિસ્ફોટક સાધનોને નિયંત્રિત રીતે નષ્ટ કરવાની કામગીરી દરમિયાન આ દુર્ઘટના ઘટી હતી. આ ઘટના સાથે જ છેલ્લા ૫ મહિનાથી ચાલી રહેલા આ યુદ્ધમાં જીવ ગુમાવનારા અમેરિકી સૈનિકોની સંખ્યા વધીને ૧૭ થઈ ગઈ છે. CENTCOM અનુસાર, સૈનિકોની ઓળખ હાલ ગુપ્ત રાખવામાં આવી છે.

બનાવના કલાકોમાં જ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સૈન્ય કાર્યવાહીનો આદેશ આપતાં કહ્યું કે, "અમેરિકાએ આજે રાત્રે ઈરાન પર ખૂબ જ આકરો પ્રહાર કર્યો છે." યુએસ સૈન્યએ સ્ટ્રેટ ઓફ હોર્મુઝ જેવા વ્યસ્ત દરિયાઈ માર્ગોમાં કોમર્શિયલ જહાજો પર હુમલો કરવાની ઈરાનની ક્ષમતાઓને નષ્ટ કરવા આ એરસ્ટ્રાઈક કરી છે. આ હુમલા બાદ દક્ષિણ-પૂર્વ બંદર શહેર ચાબહાર અને ઉત્તર-પશ્ચિમ શહેર તબરીઝમાં જોરદાર વિસ્ફોટ સંભળાયા હતા, જેના પગલે નજીકના કોનાર્કમાં ઈરાને પોતાની એર ડિફેન્સ સિસ્ટમ સક્રિય કરી દીધી છે.

## પેટ્રોલમાં હવે ૨૦ ટકાથી વધુ ઈથેનોલ બ્લેન્ડિંગ કરાશે?

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૨૦ : પેટ્રોલમાં ઈથેનોલના મિશ્રણના અહેવાલોને લઈને વાહનચાલકોની ચિંતા સામે સરકારે એક નવી સ્પષ્ટતા કરી છે. સરકારે પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ વર્તમાન ૨૦ ટકાના સ્તરથી વધુ વધારવાનો હજુ સુધી કોઈ નિર્ણય લીધો નથી. પેટ્રોલિયમ અને નૈસર્ગિક ગેસ રાજ્યમંત્રી સુરેશ ગોપીએ સોમવારે રાજ્યસભામાં આ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ભવિષ્યમાં આ મિશ્રણ વધારવા અંગેનો કોઈ પણ નિર્ણય વૈજ્ઞાનિક અભ્યાસ અને ઉદ્યોગ જગત સાથેની સલાહ-સૂચન બાદ જ લેવામાં આવશે. એક લેખિત જવાબમાં મંત્રીએ જણાવ્યું હતું કે, પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ ૨૦ ટકાથી વધુ વધારવા માટે અત્યાર સુધી સરકાર દ્વારા કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. આ દિશામાં કોઈ પણ પગલું ઓટોમોબાઈલ ઉત્પાદકો, ઓઈલ માર્કેટિંગ કંપનીઓ અને સંશોધન સંસ્થાઓ સહિતના તમામ સંબંધિત હિસ્સેદારો સાથે વિગતવાર વૈજ્ઞાનિક અને તકનીકી અભ્યાસ તેમજ વિચારવિમર્શ પછી જ ભરવામાં આવશે. સુરેશ ગોપીએ જણાવ્યું હતું કે, ભારતે સમયમર્યાદા કરતાં ૫ વર્ષ વહેલાં ૨૦ ટકા મિશ્રણનો ટાર્ગેટ હાંસલ કરી લીધો છે. બે દાયકાથી વધુ સમયના તબક્કાવાર રોલઆઉટ પછી, સરેરાશ મિશ્રણ ૨૦૧૩-૧૪માં લગભગ ૧.૫૩ ટકા હતું, જે વધીને ૨૦૨૫-૨૬ના સપ્લાય યરમાં ૨૦ ટકા થઈ ગયું છે. તેમણે ઉમેર્યું હતું કે, ૨૦૧૪-૧૫ થી આ પ્રોગ્રામ દ્વારા ૧.૯૭ ટ્રિલિયન રૂપિયાથી વધુનું વિદેશી હૂંડિયામણ બચાવવામાં આવ્યું છે. લગભગ ૩૧૬ લાખ ટન ક્રૂડ ઓઈલની ક્ષમતા સ્થાનિક સ્તરે મેળવવામાં આવી છે. આશરે ૯૫૨ લાખ ટન કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન અટકાવવામાં આવ્યું છે. મંત્રીશ્રીએ સ્પષ્ટ કર્યું હતું કે, ઈ૨૦ ઈંધણના કારણે એન્જિન ખરાબ થવા, ફ્યુઅલ પંપની સમસ્યાઓ, કાટ લાગવા કે, પાણી દૂષિત થવા અંગે વાહન ઉત્પાદકો, ઓટોમોબાઈલ એસોસિએશનો કે, ગ્રાહક જૂથો તરફથી સરકારને કોઈ વ્યાપક અથવા પુષ્ટિ થયેલી ફરિયાદો મળી નથી. જોકે, મીડિયા અને સોશિયલ મીડિયા પર ઉઠાવવામાં આવેલી ચિંતાઓની સરકારે નોંધ લીધી છે, અને તેનું વૈજ્ઞાનિક રીતે પરીક્ષણ કર્યું છે.

## ઈમરાનની બહેનના ખુલાસાથી પાક.માં રાજકીય ભૂકંપ

(સંપૂર્ણ સમાચાર સેવા)
ઈસ્લામાબાદ, તા.૨૦ : પાકિસ્તાનના પૂર્વ પ્રધાનમંત્રી ઈમરાન ખાનની બહેન નૌરીન નિયાઝીના એક વિસ્ફોટક ખુલાસાથી પાકિસ્તાનમાં રાજકીય ભૂકંપ આવી ગયો છે. નૌરીએ સ્વીકાર્યું છે કે ગયા વર્ષે ભારતના ઓપરેશન સિંદૂર સામે પાકિસ્તાની સેના સંપૂર્ણપણે બેકફૂટ પર આવી ગઈ હતી અને જો અંતિમ ક્ષણે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હસ્તક્ષેપ ન કર્યો હોત તો ભારતના પ્રચંડ હુમલાથી પાકિસ્તાનનું અસ્તિત્વ જ જોખમમાં આવી ગયું હોત. ૭ મે ૨૦૨૫ની એ રાત જ્યારે ભારતીય સેનાના જવાનોએ સરહદ પાર બેઠેલા આતંકીઓ અને તેમના આકાઓના અહંકારને ચકનાચૂર કરી નાખ્યો હતો. ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય દળોએ પાકિસ્તાનની અંદર ઘૂસીને જે કાર્યવાહી કરી, તે સમગ્ર દુનિયાએ જોયું હતું. પરંતુ સતત મોટી-મોટી ધમકીઓ આપતું પાકિસ્તાન અને તેની સેના ક્યારેય સ્વીકારવા તૈયાર નહોતી કે ભારતીય સેનાએ તેમને બેકફૂટ પર ધકેલી દીધા હતા.

પાકિસ્તાની સેના પોતાની જનતાથી સત્ય છુપાવતી રહી, પરંતુ કહેવાય છે કે સત્ય લાંબા સમય સુધી છુપાવી શકાતું નથી. હવે પાકિસ્તાનના સૌથી મોટા રાજકીય પરિવારમાંથી જ ખુલાસો થયો છે કે ભારત ઈચ્છતું તો એ જ રાત્રે પાકિસ્તાનને ભારે નુકસાન પહોંચાડી શકતું હતું. પાકિસ્તાનના પૂર્વ પ્રધાનમંત્રી ઈમરાન ખાનની બહેન નૌરીન નિયાઝીએ પોતાની જ સેના અને ફીલ્ડ માર્શલ આસિમ મુનીર સામે એવા ગંભીર આરોપો લગાવ્યા છે કે જેના કારણે રાવલપિંડીમાં ખળભળાટ મચી ગયો છે. નૌરીન નિયાઝીએ કહ્યું કે ગયા વર્ષે ભારત દ્વારા ચલાવવામાં આવેલા ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાનની અંદર ભારે અફરાતફરી મચી ગઈ હતી.

નૌરીને સેનાની કામગીરી પર સવાલ ઉઠાવતા આરોપ લગાવ્યો કે મે ૨૦૨૫માં ભારત સાથે થયેલો સૈન્ય સંઘર્ષ દેશસેવા માટે નહીં, પરંતુ જનરલ આસિમ મુનીરની ખરડાયેલી છબી સુધારવા અને તેમને ત્રણેય સેનાના સુપ્રીમ કમાન્ડર એટલે કે ચીફ ઑફ ડિફેન્સ ફોર્સિસ બનાવવાના હેતુથી રચાયેલી વ્યૂહરચનાનો ભાગ હતો. આ ખુલાસામાં શહબાઝ શરીફ અને આસિમ મુનીર સાથે જોડાયેલો વધુ એક મુદ્દો પણ સામે આવ્યો છે. નૌરીન નિયાઝીએ આરોપ લગાવ્યો કે પાકિસ્તાન અને ઈઝરાયેલ વચ્ચે અગાઉથી જ બેકચેનલ સંપર્કો હતા. તેમજ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા જનરલ મુનીરની કરવામાં આવેલી પ્રશંસા પાછળ પાકિસ્તાન અને ઈઝરાયેલ વચ્ચેના સંબંધોને સામાન્ય બનાવવાનો વૈશ્વિક પ્રયાસ હતો.


# વાપી હાઈવે પર આડેધડ પાર્કિંગ કરનારા ૩૦થી વધુ વાહનચાલકો દંડાયા



**વાપી, તા.૨૦ :** વાપીમાં ટ્રાફિક સમસ્યા દૂર કરવા માટે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. હાઈવે અને શહેરના મુખ્ય માર્ગો પર આડેધડ પાર્કિંગ કરતા ૩૦થી વધુ વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી.

પટેલ ટ્રાવેલ્સ સામે હાઈવે પર વાહનોને ગેરકાયદે પાર્ક કરવામાં આવતા હોવાથી વારંવાર ટ્રાફિક જામ સર્જાતો હતો. મુસાફરો અને સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. આ જ રીતે જલારામ મંદિર રોડ પર પણ બંને તરફ વાહનો પાર્ક થતા હોવાથી રસ્તો સાંકડો થઈ જતો હતો અને અકસ્માતનો ભય રહેતો હતો. ટ્રાફિક પોલીસની ટીમે બંને વિસ્તારોમાં સઘન ચેકિંગ કરીને નિયમનો ભંગ કરનારા વાહનચાલકોને દંડ ફટકાર્યો હતો. સાથે જ વાહનોને હટાવીને રસ્તો ખુલ્લો કરાવવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું કે જાહેર રસ્તા પર પાર્કિંગથી અન્ય વાહનચાલકોને તકલીફ થાય છે. હવે આવા સ્થળોએ નિયમિત પેટ્રોલિંગ કરવામાં આવશે. નાગરિકોને પણ નિયત પાર્કિં સ્થળનો જ ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે.

# ડાંગનાં કોટબા ગામે કાર અડફેટે બાઈક સવાર બેના મોત



**સાપુતારા, તા.૨૦ :** ડાંગ કોટબા ગામ નજીક કાર અને સ્કુટર વચ્ચે અકસ્માતમાં બેના મોત નિપજ્યા હતાં. કોટબા ગામની હદમાંથી એક સ્વિફ્ટ કાર નંબર જીજે ૨૧ સીઈ ૯૮૦૮ આહવાથી સુબીર તરફ જઈ રહી હતી.તે દરમિયાન વિરુદ્ધ દિશામાંથી આવતી બાઈક નંબર જીજે૩૦ એફ ૪૯૫૭ પર સવાર થઈને રોહિત સુરેશભાઈ પવાર ( ઉ.વ ૧૯ રહે. માનમોડી તા. આહવા જિલ્લા ડાંગ) અને યોગેશ તુકારામભાઈ ( ઉ.વ ૨૧ રહે. રહે. નીમબારપાડા તા. આહવા જિલ્લા ડાંગ ) આહવા તરફ આવી રહ્યા હતા. કાર અને બાઈક વચ્ચે સામસામે અથડાતા બાઈક ચાલક માનમોડી ગામના યુવક રોહિત પવારનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે બાઈક પર પાછળ સવાર યોગેશ તુકારામભાઈને ૧૦૮માં આહવા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યુ હતુ.

# બલીઠા સબવેમાં હાઈવેથી પ્રવેશ બંધ, પીક અવરમાં ટ્રાફિક નિયમન માટે બેરીકેડ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૨૦ :** વાપીના બલીઠા સબવે વિસ્તારમાં પીક અવર દરમિયાન અતુલનગર સોસાયટી આગળ સાંકડા રોડ પર વધી રહેલા ટ્રાફિકના ભારણને પગલે પોલીસે મહત્વનો નિર્ણય લીધો છે. ટ્રાફિક વ્યવસ્થા સરળ બનાવવા માટે પોલીસ દ્વારા સબવેમાં હાઈવેથી સીધા પ્રવેશને અસ્થાયી રીતે બંધ કરવામાં આવ્યો છે અને સ્થળ પર બેરીકેડ મૂકવામાં આવ્યા છે. રોજિંદા ઓફિસ અવર્સ અને શાળા-કોલેજના સમયે બલીઠા સબવે પાસે વાહનોની ભીડ ખૂબ વધી જતી હતી. સાંકડા રોડ અને હાઈવેથી આવતા-જતા વાહનોના કારણે વારંવાર ટ્રાફિક જામ અને અકસ્માતની શક્યતા પણ રહેતી હતી. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને ટ્રાફિક પોલીસે આ પગલું ભર્યું છે. પોલીસ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે હવે હાઈવેથી સીધા સબવેમાં પ્રવેશ મળશે નહીં. વાહન ચાલકોએ હાઈવેથી સબવે તરફ જવા માટે માધવ જેમ્સ સોસાયટીવાળા રોડનો ઉપયોગ કરવો પડશે. આ વૈકલ્પિક રસ્તા દ્વારા વાહનોને સબવે તરફ ડાયવર્ટ કરવામાં આવશે. ટ્રાફિક પોલીસે નાગરિકોને સહકાર આપવા અને સૂચનાનું પાલન કરવા અપીલ કરી છે. ટ્રાફિક પીઆઈ કાનાણીએ જણાવ્યું કે ટ્રાફિકનું દબાણ ઓછું થયા બાદ સ્થિતિની સમીક્ષા કરીને આગળનો નિર્ણય લેવામાં આવશે.

# બગવાડા ટોલનાકા પર ટોલ ટેક્સમાં વધારો, કારથી લઈને ટ્રક સુધી ૫ થી ૫૦ રૂપિયા મોંઘા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૨૦ :** વાપી-સુરત હાઈવે પર આવેલા બગવાડા ટોલનાકા પરથી પસાર થતા વાહનચાલકોને આજથી ખિસ્સા ઉપર ભારણ પડશે કારણકે નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ટોલ ફીમાં વધારો કરવાની જાહેરાત કરવામાં આવી છે. ને.હાઈવે ઓથોરિટી દ્વારા નવા વધારેલા દર તા ૨૦/૦૭/૨૦૨૬ મધરાત ૧૨ કલાકથી અમલમાં આવશે. નેશન હાઈવે ઓથોરિટી ડેપ્યુટી મેનેજર દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્ર મુજબ તમામ પ્રકારના વાહનો માટે સિંગલ જર્નીના દરમાં ૫ થી લઈ ૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

બોક્ષ. નવા ટોલ દર આ મુજબ રહેશે કાર/જીપ/વાન સિંગલ જર્ની ૧૩૦રૂપિયા,દિવસમાં ૧ થી વધુ ફેરા માટે ૧૯૫ અને માસિક પાસના ૪૩૭૫ રૂપિયા રહેશે, મિની બસ માટે સિંગલ એન્ટ્રી ૨૧૦ રૂપિયા, એકથી વધારે વાર એન્ટ્રી ૩૨૦ અને માસિક પાસના રૂપિયા ૭૦૭૦ રહેશે.૨ એક્સલ ટ્રક/બસ ૪૪૫ રૂપિયા સિંગલ એન્ટ્રી, વધુ એન્ટ્રીના ૬૬૫ અને માસિક પાસના ૧૪૮૮૦. ૩ એક્સલ કોમરિયલ વાહન ૪૮૫, દિવસમાં એક થી વધુ ફેરાના ૭૨૫ રૂપિયા, અને માસિક ૧૬૧૬૫ રૂપિયા રહેશે. ૪-૬ એક્સલવાળા વાહનો HCM/EME: એક વખતની એન્ટ્રી ૬૯૫ રૂપિયા, દિવસમાં એક થી વધુ વખત એન્ટ્રીના ૧૦૪૫ અને માસિક પાસના ૨૩૨૨૫ રૂપિયા રહેશે. ૭ કે તેથી વધુ એક્સલવાળા વાહનોં સિંગલ એન્ટ્રી ૮૫૦ રૂપિયા, એક થી વધુ ફેરાના ૧૨૭૦ અને માસિક પાસના રૂપિયા ૨૮૨૭૦ રહેશે.

આ ઉપરાંત એક જ દિવસમાં મલ્ટિપલ જર્ની, માસિક પાસ અને જિલ્લામાં રજિસ્ટર્ડ કોમર્શિયલ વાહનોના દરમાં પણ વધારો કરવામાં આવ્યો છે. સ્થાનિક નોન-કોમર્શિયલ વાહનો માટે વાર્ષિક પાસ ૩૬૦ રૂપિયા રહેશે.

ટોલ કંપનીના જણાવ્યા મુજબ WPIમાં વધારાને કારણે કોન્ટ્રાક્ટ એગ્રીમેન્ટની કલમ મુજબ દર વર્ષે ટોલમાં વધારો કરવામાં આવે છે.

સોમવાર મધ્ય રાત્રિથી આ વધારેલા નવા દર લાગુ થતા રોજિંદા અપ-ડાઉન કરતા નોકરિયાતો અને માલવાહક વાહનચાલકોના ખર્ચમાં વધારો થશે. આ ભાવ વધારાના નિર્ણયને લઈ ટ્રસપોર્ટરોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

# દાનહ અને દમણ-દીવને 'બેસ્ટ પરર્ફોમિંગ યુનિયન ટેરિટરી'નો રાષ્ટ્રીય એવોર્ડ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**દમણ, તા. ૨૦ :** દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવે ડિજિટલ આરોગ્ય સેવાઓના ક્ષેત્રમાં વધુ એક ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. આયુષ્માન ભારત ડિજિટલ મિશન (ABDM) હેઠળ હેલ્થકેર પ્રોફેશનલ્સ રજિસ્ટ્રી (HPR) અને હેલ્થકેર ફેસિલિટીઝ રજિસ્ટ્રી (HFR) સેચ્યુરેશન શ્રેણીમાં કેન્દ્રશાસિત પ્રદેશને "'બેસ્ટ પરર્ફોમિંગ યુનિયન ટેરિટરી'"નો રાષ્ટ્રીય એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

આ પ્રતિષ્ઠિત સન્માન નેશનલ હેલ્થ ઓથોરિટીના મુખ્ય કાર્યપાલક અધિકારી ડૉ. સુનીલ કુમાર બર્નવાલ અને કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના સચિવ પુણ્ય સલિલા શ્રીવાસ્તવે એનાયત કર્યો હતો. કેન્દ્રશાસિત પ્રદેશ તરફથી આયુષ્માન ભારત ડિજિટલ મિશનના રાજ્ય નોડલ અધિકારી ડૉ. તપન દેસાઈએ આ એવોર્ડ સ્વીકાર્યો હતો.

આ સન્માન આયુષ્માન ભારત ડિજિટલ મિશનના અસરકારક અમલીકરણ, આરોગ્ય સંસ્થાઓ અને આરોગ્ય વ્યવસાયિકો ના વ્યાપક નોંધણી તેમજ ડિજિટલ આરોગ્ય સેવાઓના સફળ વિસ્તરણ બદલ આપવામાં આવ્યું છે.

ડૉ. તપન દેસાઈએ આ સિદ્ધિનો શ્રેય આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની ABDM ટીમના સામૂહિક પ્રયાસો અને સમર્પણને આપ્યો હતો. તેમણે જણાવ્યું કે આ એવોર્ડ સમગ્ર કેન્દ્રશાસિત પ્રદેશ માટે ગૌરવની બાબત છે અને ભવિષ્યમાં પણ નાગરિકોને સુરક્ષિત, સરળ અને ગુણવત્તાસભર ડિજિટલ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવા વિભાગ સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે કાર્ય કરતો રહેશે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે આ સિદ્ધિ બદલ તમામ અધિકારીઓ, કર્મચારીઓ અને સંબંધિત હિતધારકોને અભિનંદન પાઠવતાં વિશ્વાસ વ્યક્ત કર્યો કે દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવ આગામી સમયમાં પણ ડિજિટલ આરોગ્ય ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી જાળવી રાખશે.

**સંઘપ્રદેશ પ્રશાસન, દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ**
**આગ તથા આકસ્મિક સેવા વિભાગ, સેલવાસ,**
**જાહેર હરાજીમાં ભાગ લેવા અંગેનું ક્ષેત્રિય આમંત્રણ**
**વસ્તુની જાહેર હરાજી નોટીસ**

વિગતો માટે સ્કેન કરો
https://dnh.gov.in/notice_catagory/tenders/
0260-2640022

ચાલુ તારીખ : ૦૯/૦૭/૨૦૨૬
લાસ્ટ તારીખ :
૩૧/૦૭/૨૦૨૬ ૧૫:૦૦ સુધી
કોઈપણ અન્ય માહિતી માટે

**સહાયક નિર્દેશક, આગ તથા આકસ્મિ સેવાઓ, સેલવાસ**

No. IP/DMN/2/5/2026-27/330 DATED : 20-07-2026

UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU
Dadra & Nagar Haveli Planning and Development Authority
**NOTICE INVITING REQUEST FOR PROPOSAL (ONLINE)**

Selection of Software Solution Provider for design, development, implementation and deployment of Inter-Departmental Digital Land Query and Report Management System for Dadra & Nagar Haveli Planning & Development Authority (DNHPDA)

No: DNHPDA/102(296)/IDDLQ/2026/2317
Dated: 16/07/2026

For details, please scan https://ddd.gov.in/

| | |
|---|---|
| Pre bid meeting date | : N. A |
| Last date of download | : 30/07/2026 |
| Last date of hard copy submission | : 30/07/2026 |
| Bid opening date | : 31/07/2026 |

Member Secretary, Dadra & Nagar Haveli Planning and Development Authority.

NO.: IP/DMN/2/5/2026-27/331 DATED : 20/07/2026

UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU
Dadra & Nagar Haveli Planning and Development Authority
NOTICE INVITING REQUEST FOR PROPOSAL (ONLINE)
Selection of Software Solution Provider for design, development, implementation and deployment of Inter-Departmental Digital Land Query and Report Management System for Dadra & Nagar Haveli Planning & Development Authority (DNHPDA)
No: DNHPDA/102(296)/IDDLQ/2026/2317
Dated: 16/07/2026
For details, please scan https://ddd.gov.in/
Pre bid meeting date : N. A
Last date of download : 30/07/2026
Last date of hard copy submission : 30/07/2026
Bid opening date : 31/07/2026
Member Secretary, Dadra & Nagar Haveli Planning and Development Authority.
NO.: IP/DMN/2/5/2026-27/331 DATED : 20/07/2026

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ

**જાહેર બાંધકામ વિભાગ - દમણ**
**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

પરિયારી ગ્રામ પંચાયત, મોટી દમણમાં રામકુંડ, પરિયારી તલાવ ખાતે ચેઇનલિંક ફેન્સિંગ પૂરી પાડવી અને ફિક્સિંગ.

| | |
|---|---|
| For details please scan | ટેન્ડર આઇડી નં.:2026_DAMAN_4881_1 |
| https://ddtenders.gov.in | ડાઉનલોડની છેલ્લી તારીખ :27/07/2026 |
| | હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ :27/07/2026 |
| | બિડ ખોલવાની તારીખ :27/07/2026 |

કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.–જીલ્લા પંચાયત, મોટી દમણ

NO.: IP/DMN/2/5/2026-27/329 DATED : 20/07/2026

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ

**જાહેર બાંધકામ વિભાગ - દમણ**
**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

મોટી દમણની દમણવાડા ગ્રુપ ગ્રામ પંચાયત હેઠળના દમણવાડા તળાવ ખાતે ચેઈન-લિંક ફેન્સિંગ (તારની વાડ) પૂરી પાડવી અને બેસાડવી.

| | |
|---|---|
| For details please scan | ટેન્ડર આઇડી નં.:2026_DAMAN_4880_1 |
| https://ddtenders.gov.in | ડાઉનલોડની છેલ્લી તારીખ :27/07/2026 |
| | હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ :27/07/2026 |
| | બિડ ખોલવાની તારીખ :27/07/2026 |

કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.–જીલ્લા પંચાયત, મોટી દમણ

NO.: IP/DMN/2/5/2026-27/328 DATED : 20/07/2026

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ
દિવાળી ધમાકા
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂા.300/-
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂા.300/-
Rs.300/- Rs.300/- Rs.300/- Rs.300/-
દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરમાર શુ કલેક્શન
કાપડીયા કોમ્પેલક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM BIJAL DINESHKUMAR KAMLI TO BIJALBEN DINESHKUMAR KAMLI ADDRESS: - 427, KUMBHAR FALIA, VARKUND, NANI DAMAN-396210

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ
જાહેર બાંધકામ વિભાગ - દમણ
ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના
મોટી દમણની દમણવાડા ગ્રુપ ગ્રામ પંચાયત હેઠળના દમણવાડા તળાવ ખાતે ચેઈન-લિંક ફેન્સિંગ (તારની વાડ) પૂરી પાડવી અને બેસાડવી.
ટેન્ડર આઇડી નં.:2026_DAMAN_4880_1
For details please scan ડાઉનલોડની છેલ્લી તારીખ :27/07/2026
હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ :27/07/2026
https://ddtenders.gov.in બિડ ખોલવાની તારીખ :27/07/2026
કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.–જીલ્લા પંચાયત, મોટી દમણ
NO.: IP/DMN/2/5/2026-27/328 DATED : 20/07/2026

સંઘપ્રદેશ પ્રશાસન, દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ,
આગ તથા આકસ્મિક સેવા વિભાગ, સેલવાસ
જાહેર હરાજીમાં ભાગ લેવા અંગેનું ક્ષેત્રિય આમંત્રણ
વિગતો માટે સ્કેન કરો
https://dnh/gov.in/notice_category/tenders/0260-2640022
ચાલુ તારીખ : ૦૯/૦૭/૨૦૨૬
લાસ્ટ તારીખ :
૩૧/૦૭/૨૦૨૬ ૧૫:૦૦ સુધી
કોઈ પણ અન્ય માહિતી માટે
સહાયક નિર્દેશક, આગ તથા આકસ્મિક સેવાઓ, સેલવાસ
NO.: IP/DMN/2/5/2026-27/330 DATED : 20/07/2026

ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ
લોફર શુઝ
સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂા.5000/-
The Complete Man Raymond
dinesh SUITING
Siyaram's
DONEAR SUITINGS & SHIRTINGS
DIGJAM
NIRVĀN SHIRTINGS
ICON ashima LUXURY FABRICS
Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU
Public Works Department
**NOTICE INVITING TENDER**

Providing mandap for celebration of Liberation day of D & N. H., Independence day 2026, Republic day 2027, Yoga day and Administrative functions for the year 2026-27.

| | |
|---|---|
| On line downloading start of tender documents | 17.07.2026 @ 18.00 Hrs |
| * Pre-bid meeting | N.A. |
| Last date & Time for Receipt of Bid/Uploading Bid | 25.07.2026 @ 14.00 Hrs |
| Online Opening of Technical Bid | 25.07.2026 @ 16.00 Hrs |
| On line opening of Price Bid | 25.07.2026 @ 16.30 hrs. (if possible) |

For details please scan
dnhtenders.nic.in
ee-bldg-dnh@ddd.gov.in
0260 2642350

ID.No. 2026_UTDNH_8160_1

I/c. Executive Engineer, P.W.D.,WD-I, DNH, Silvassa
No.4-1(1)/WCD.I/E-Ten./2026-27/453 Dtd.17/07/2026

NO.: IP/DMN/2/5/2026-27/327 DATED : 20/07/2026

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ
જાહેર બાંધકામ વિભાગ - દમણ
ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના
પરિયારી ગ્રામ પંચાયત, મોટી દમણમાં રામકુંડ, પરિયારી તલાવ ખાતે ચેઇનલિંક ફેન્સિંગ પૂરી પાડવી અને ફિક્સિંગ.
ટેન્ડર આઇડી નં.:2026_DAMAN_4881_1
For details please scan ડાઉનલોડની છેલ્લી તારીખ :27/07/2026
હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ :27/07/2026
https://ddtenders.gov.in બિડ ખોલવાની તારીખ :27/07/2026
કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.–જીલ્લા પંચાયત, મોટી દમણ
NO.: IP/DMN/2/5/2026-27/329 DATED : 20/07/2026

UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU
Public Works Department
NOTICE INVITING TENDER
Providing mandap for celebration of Liberation day of D & N. H., Independence day 2026, Republic day 2027, Yoga day and Administrative functions for the year 2026-27.
On line downloading start of tender documents 17.07.2026 @ 18.00 Hrs
* Pre-bid meeting N.A.
Last date & Time for Receipt of Bid/Uploading Bid 25.07.2026 @ 14.00 Hrs
Online Opening of Technical Bid 25.07.2026 @ 16.00 Hrs
On line opening of Price Bid 25.07.2026 @ 16.30 hrs. (if possible)
For details please scan dnhtenders.nic.in ee-bldg-dnh@ddd.gov.in 0260 2642350
ID.No. 2026_UTDNH_8160_1
I/c. Executive Engineer, P.W.D.,WD-I, DNH, Silvassa
No.4-1(1)/WCD.I/E-Ten./2026-27/453 Dtd.17/07/2026
NO.: IP/DMN/2/5/2026-27/327 DATED : 20/07/2026

**ફોર્મ-જી**
(બીજી વખત જારી કરાયેલ)
**ડિનોક્ષ પોલી-ચાર્ન પ્રાઈવેટ લીમીટેડ**
માટે રસ દર્શાવવા માટેનું આમંત્રણ
થાણે, મહારાષ્ટ્રમાં ટેક્સટાઇલ મેન્યુફેક્ચરિંગ અને પ્રોસેસિંગ સેક્ટરમાં કાર્યરત
(ઈન્સોલ્વન્સી અને બેંકરપ્ટસી બોર્ડ ઓફ ઈન્ડિયાના (ઈન્સોલ્વન્સી રીઝોલ્યુશન પ્રોસેસ ફોર કોર્પોરેટ પરસન્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ના રેગ્યુલેશન ૩૬ એ ના પેટા-નિયમન (૧) હેઠળ)

**સંબંધિત વિગતો**

| | | |
|---|---|---|
| ૧ | કોર્પોરેટ દેણદારનું PAN અને CIN/LLP નં. સહિતનું નામ | ડીનોક્ષ પોલી-ચાર્ન પ્રાઇવેટ લિમિટેડ PAN:AABCD1754G CIN: U18101MH1999PTC120862 |
| ૨ | નોંધાયેલી કચેરીનું સરનામું (એમસીએ રેકોર્ડ મુજબ) | ૧૦/૧૨, પહેલો માળ, વિઠોબા લેન, વિઠ્ઠલવાડી, મુંબઇ, મહારાષ્ટ્ર- ૪૦૦૦૦૨ |
| 3 | વેબસાઈટનો URL | NA |
| ૪ | જયાં મોટાભાગની સ્થાયી મિલકતો આવેલી છે એ જગ્યાની વિગતો | એચ. નં. ૭૧૩, એસ. નં. ૧૦, કાતાઇ તાલુકા, ભિવંડી, જિલ્લો થાણે, મહારાષ્ટ્ર- ૪૩૨ ૩૦૨ |
| ૫ | મુખ્ય ઉત્પાદનો/સેવાઓની સ્થાપિત ક્ષમતા | દર મહિને ૧૦૦ ટન રંગીન યાર્ન (અંદાજિત) |
| ૬ | છેલ્લા નાણાંકીય વર્ષમાં વેચાણ કરાયેલ મુખ્ય ઉત્પાદનો/સેવાઓની કિંમત અને જથ્થો | નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ મુજબ, કંપનીની કુલ આવક આશરે રૂ. ૧.૦૮ કરોડ હતી |
| ૭ | કર્મચારીઓ/કામદારોની સંખ્યા | CIRP શરૂ થવાની તારીખ મુજબ, કોર્પોરેટ દેવાદારના આશરે ૧૧ કામદારો અને કર્મચારીઓ હતા |
| ૮ | બે વર્ષના છેલ્લા ઉપલબ્ધ નાણાકીય નિવેદનો (સમયપત્રક સાથે) સહિત વધુ વિગતો, લેણદારોની યાદી URL પર ઉપલબ્ધ છે | ઉપલબ્ધ વિગતો cirpdeenox@gmail.com પર ઇમેઇલ મોકલીને માંગી શકાય છે. લેણદારોની યાદી IBBI ની વેબસાઇટ પર પણ ઉપલબ્ધ છે |
| ૯ | કોડની કલમ ૨૫ (૨) (h) હેઠળ રિઝોલ્યુશન અરજદારો માટે પાત્રતા અહીં ઉપલબ્ધ છે | રસની અભિવ્યક્તિ માટે વિગતવાર આમંત્રણ, જેમાં કોડની કલમ ૨૫(૨)(h) હેઠળ રિઝોલ્યુશન અરજદારો માટે પાત્રતા શામેલ હશે, તે cirpdeenox@gmail.com પર ઇમેઇલ મોકલીને માંગી શકાય છે. |
| ૧૦ | રસ દર્શાવતા હોવાનું સ્વીકારવાની છેલ્લે તારીખ | ૨૦ ઓગસ્ટ, ૨૦૨૬ |
| ૧૧ | દરખાસ્ત કરનાર સંભવિત અરજદારોની કામચલાઉ યાદી જારી કરવાની તારીખ | ૨૫ ઓગસ્ટ, ૨૦૨૬ |
| ૧૨ | કામ ચલાઉ યાદી અંગે વાંધા રજુ કરવાની છેલ્લી તારીખ | ૩૦ ઓગસ્ટ, ૨૦૨૬ |
| ૧૩ | દરખાસ્ત કરનાર સંભવિત અરજદારોની અંતિમ યાદી જારી કરવાની તારીખ | ૦૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ |
| ૧૪ | દરખાસ્ત કરનાર સંભગિત અરજદારોને માહિતી મેમોરેન્ડમ ઇવેલ્યુશન મેટ્રીક્ટસ અને રીઝોલ્યુશન પ્લાન જારી કરવાની તારીખ | ૦૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ |
| ૧૫ | રીઝોલ્યુશન પ્લાન્સ ભરવા માટેની છેલ્લી તારીખ (માનનીય NCLT દ્વારા મંજૂર કરાયેલા વિસ્તરણને આધીન) | ૦૭ ઓક્ટોમ્બર, ૨૦૨૬ |
| ૧૬ | ઇઓઆઇ ભરવા માટેના પ્રોસેસ ઈમેલ આઈડી | cirpdeenox@gmai.com |
| ૧૭ | એમએસએમઈ તરીકે કોર્પોરેટ દેવાદારની નોંધણી સ્થિતિની વિગતો | આરપી સાથે ઉપલબ્ધ નથી તેવી વિગતો |

સહી/-
શ્રી અનુજ બાજપાઈ
ડીનોક્ષ પોલી-ચાર્ન પ્રાઇવેટ લિમિટેડ માટે રિઝોલ્યુશન પ્રોફેશનલ
રજિસ્ટ્રેશન નં : IBBI/IPA-001/IP-P00311/2017-2018/10575
પત્રવ્યવહાર સરનામું : - દ્દઠ્ઠો માળ, વીવર્ક સ્પેક્ટ્રમ ટાવર, બિલ્ડીંગ નં.-II, ચિંચોલી બંદર રોડ, મલાડ (રૂ), મુંબઈ ૪૦૦૦૬૪
રજિસ્ટ્રેશન સરનામું : ૭૦૮, રાહેજા સેન્ટર, નરીમાન પોઈન્ટ, મુંબઈ શહેર, મહારાષ્ટ્ર - ૪૦૦૦૨૧

તારીખ : ૨૧ જૂલાઈ, ૨૦૨૬
સ્થળ : મુંબઈ

TORRENT POWER | DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો સવારના ૧૦:૦૦ થી સાંજના ૫:૦૦ સુધી બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૨૪/૦૭/૨૦૨૬ શુક્રવાર | દાદરા | ૬૬/૧૧ કેવી ૨૦ MVA પાવર ટ્રાન્સફોર્મર નં.૪ | ડેમની ગામ, ડેમની રોહિત ફળિયા, ડેમની સ્કૂલ ફળિયા, સિદ્ધા આઈ.ઈ, નેશનલ ફાઈબર, ઓઆઈડીસી, ડબ્લ્યુટીપી, બરોડા પેકેજિંગ ગલી, સીએમસી, દેવાશિષ પોલિમર રોડ, વિમલ ઈન્ડ, હેમ ઈન્ડ, રેડકોમ ગલી, મારુતિ પોલીફિલ્મ ગલી, કલાપી આઈ.ઈ, રાજીવ પ્લાસ્ટિક ગલી, પ્રિન્સ બફીંગ ઈન્ડ., ભગવતી તીર્થ ઈન્ડ. ખાંડવેલ રોડ, સિદ્ધિવિનાયક ઈન્ડ ગલી, સ્ટાર મેટલ ઈન્ડ, રિદ્ધિ સિદ્ધિ ઈન્ડ રોડ, પંચાયત રોડ, ગ્લાસવુડ રિયાલિટી રોડ. |

અસુવિધા બદલ દિલગીર છીએ

આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ
તમારા પરિવારની સુરક્ષાની ખાતરી
અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો
અને સુરક્ષિત રહો
એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે

આપની સેવા માં હરહંમેશ હાજર
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com


Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई



TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

Tuesday 21, July 2026

# દમણગંગા ટાઈમ્સ



## ડ્રોનથી હરિયાળીની ઉડાન : હરિત પરિવર્તનનો અનોખો પ્રયોગ

# ધરમપુરમાં ૫૦ હજાર સીડ બોલ ડ્રોપ કર્યા

**દક્ષિણ ગુજરાતમાં પ્રથમવાર નીલમભાઈ પટેલે ડ્રોન દ્વારા સીડ બોલ ડ્રોપિંગનો સફળ પ્રયોગ**





**(આલેખન : સલોની પટેલ)**

**વલસાડ, તા.૨૦ :** ધરમપુરના ખોબા ગામના નીલમભાઈ પટેલ અને તેમનું લોક મંગલ ચેરિટેબલ ટ્રસ્ટ શિક્ષણ, આરોગ્ય અને પર્યાવરણ ક્ષેત્રે એક અનોખી મિસાલ કાયમ કરી રહ્યા છે. તેઓ વન વિભાગ અને અન્ય સંસ્થાઓ સાથે મળી દર વર્ષે નર્સરીના માધ્યમથી ૫૦,૦૦૦થી વધુ છોડ ઉછેરીને વૃક્ષારોપણ કરે છે. આ તેમણે વર્ષે ટેકનોલોજી અને પ્રકૃતિનો અદભુત સમન્વય સાધીને જંગલોને ફરી હર્યાભર્યા કરવાનું બીડું ઝડપ્યું છે.

સામાન્ય રીતે ડુંગરાળ વિસ્તારો અને પહાડો પર જ્યાં માણસોનું પહોંચવું મુશ્કેલ હોય છે, ત્યાં વૃક્ષારોપણ કરવું એક મોટો પડકાર હોય છે. જ્યાં વૃક્ષોની સંખ્યા ખૂબ ઓછી થઈ ગઈ છે તેવી જગ્યાઓએ હરિયાળી લાવવા માટે નીલમભાઈની સંસ્થાએ આધુનિક ટેકનોલોજીનો સહારો લીધો છે. ધરમપુરના મોટી કોરવળના સુલ્યા ડુંગર અને પીપરોડ ખાતે ડ્રોન દ્વારા આકાશમાંથી ૫૦,૦૦૦ સીડ બોલનો છંટકાવ (ડ્રોપિંગ) કરવામાં આવ્યો છે. ખાસ નોંધનીય બાબત એ છે કે દક્ષિણ ગુજરાતમાં ડ્રોન દ્વારા સીડ બોલ ડ્રોપિંગનો આ પ્રકારનો પ્રયોગ પ્રથમવાર કરવામાં આવ્યો છે, જે પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રે એક નવી અને પ્રેરણાદાયી પહેલ તરીકે ઉભરી આવ્યો છે. કુદરતી પ્રક્રિયા થકી આ દુર્ગમ વિસ્તારોમાં ટૂંક સમયમાં જ નવા જંગલો આકાર લેશે.

નિલમભાઈના જણાવ્યા અનુસાર, સંસ્થાએ આ વર્ષે માત્ર કાર્યકરો જ નહીં, પરંતુ જનસમુદાયને પણ આ ભગીરથ કાર્યમાં જોડ્યા છે. લોકોમાં જંગલો પ્રત્યેની લાગણી વધે અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવે તે હેતુથી, સૌના સાથથી ૫૦,૦૦૦ થી વધુ સીડ બોલ (બીજ દડા) બનાવવામાં આવ્યા છે. કાર્યકરો દ્વારા જંગલોમાંથી ખાખરો, આંબલી, ગરમાળો અને અન્ય લુપ્ત થતી જાતોના બીજ ખાસ એકત્રિત કરવામાં આવ્યા છે અને તેને ચીકણી માટી તથા છાણિયા ખાતર સાથે મિશ્ર કરી આ સીડ બોલ તૈયાર કરવામાં આવ્યા છે. સીડ બોલ ડ્રોપિંગ (Seed Ball Dropping) એ વૃક્ષારોપણની એક સરળ, આધુનિક અને પર્યાવરણને અનુકૂળ પદ્ધતિ છે, જેનો ઉપયોગ ખાસ કરીને મોટા પાયે જંગલો વિકસાવવા માટે કરવામાં આવે છે. સીડ બોલ એટલે ચીકણી માટી, કમ્પોસ્ટ (છાણીયું ખાતર) અને વિવિધ વૃક્ષોના બીજને ભેળવી બનાવવામાં આવેલો નાનો દડો, જેમાં બીજ સુરક્ષિત રીતે સચવાયેલું રહે છે.

આ પદ્ધતિમાં બીજને જમીનમાં રોપવા માટે ખાડો ખોદવાની જરૂર પડતી નથી. સીડ બોલને હાથ વડે ખુલ્લા વિસ્તારોમાં અથવા દુર્ગમ પહાડી અને જંગલ વિસ્તારોમાં ડ્રોન કે હેલિકોપ્ટરની મદદથી હવામાંથી સીધા જમીન પર છોડવામાં આવે છે, જેના કારણે એવા વિસ્તારોમાં પણ વૃક્ષો ઉગાડવાનું શક્ય બને છે જ્યાં માનવ પહોંચ મર્યાદિત હોય છે. સીડ બોલ પદ્ધતિ અનેક રીતે અસરકારક અને ઉપયોગી છે. માટીના કડક આવરણને કારણે બીજ પક્ષીઓ, ઉંદરો અને અન્ય જીવજંતુઓથી સુરક્ષિત રહે છે, જ્યારે દડામાં રહેલું કુદરતી ખાતર બીજને અંકુરણ માટે જરૂરી પ્રારંભિક પોષણ પૂરું પાડે છે. આ સીડ બોલ જમીન પર સુરક્ષિત રહે છે અને ચોમાસામાં વરસાદ પડતાં જ માટી પલળી જાય છે, ત્યારબાદ બીજ કુદરતી રીતે અંકુરિત થઈ નવા વૃક્ષ તરીકે વિકસવા લાગે છે. પરંપરાગત વૃક્ષારોપણની સરખામણીએ આ પદ્ધતિમાં મજૂરી, સમય અને ખર્ચ ઓછો થાય છે, જ્યારે વિશાળ વિસ્તારમાં ઓછા ખર્ચે હરિયાળી વિકસાવવાનું કાર્ય વધુ અસરકારક રીતે શક્ય બને છે.

આ એક એવી પદ્ધતિ છે જેમાં પ્રકૃતિ પોતાની જાતે જ વૃક્ષ ઉગાડવાનું કામ કરે છે, આપણે માત્ર બીજને યોગ્ય માધ્યમ દ્વારા જમીન સુધી પહોંચાડવાના હોય છે. નીલમભાઈ પટેલ અને લોક મંગલ ચેરિટેબલ ટ્રસ્ટનો આ પ્રયાસ એ વાતની સાબિતી છે કે સામાજિક ભાગીદારી અને આધુનિક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે, તો લુપ્ત થતા જંગલોને ફરીથી ધબકતા કરી શકાય છે.

# દાદરા મુક્તિ દિન નિમિત્તે બુધવારે શહીદોને શ્રદ્ધાંજલિ અપાશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૦ :** દાદરા મુક્તિ દિવસની ૭૨મી વર્ષગાંઠ નિમિત્તે ૨૨ જુલાઈ, ૨૦૨૬ના રોજ દાદરા ખાતે શહીદ સ્મારક પર શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ સવારે ૯ વાગ્યે શરૂ થશે, જેમાં દાદરા સહિત સમગ્ર વિસ્તારના નાગરિકોને મોટી સંખ્યામાં હાજરી આપવા અપીલ કરવામાં આવી છે. ૨૨ જુલાઈ, ૧૯૫૪ના રોજ સ્વાતંત્ર્ય સેનાનીઓ ફ્રાન્સિસ મસ્કરોનાસ અને વામન દેશાઈના નેતૃત્વમાં દાદરાની પોર્ટુગીઝ પોલીસ ચોકી પર સાહસિક અભિયાન ચલાવી તેને પોતાના કબજામાં લેવામાં આવી હતી. ત્યારબાદ ભારતીય તિરંગો ફરકાવી દાદરાને પોર્ટુગીઝ શાસનમાંથી મુક્ત જાહેર કરવામાં આવ્યું હતું. આ ઐતિહાસિક ઘટના દાદરા અને નગર હવેલીની મુક્તિ સંઘર્ષનો પ્રથમ સુવર્ણ અધ્યાય બની હતી. આ ઐતિહાસિક અવસરને યાદગાર બનાવવા માટે શહીદ સ્મારક, જૂના પંચાયત ઘરની નજીક, દાદરા ખાતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમ દરમિયાન દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપનાર શહીદો અને સ્વાતંત્ર્ય સેનાનીઓને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે તેમજ તેમના શૌર્ય અને રાષ્ટ્રપ્રેમને નમન કરવામાં આવશે. આયોજકો દ્વારા દાદરાના ગૌરવશાળી ઈતિહાસને યાદ કરવાનો અનુરોધ કરવામાં આવ્યો છે.

# બીલીમોરા કાવેરી નદીના પુલ પરથી બાઈક મળી

**બીલીમોરા, તા.૨૦ :** બીલીમોરા નજીક ખાપરવાડાના ઊંચા મોરા ધોડિયાવાડમાં રહેતો રોહિત વિનોદભાઈ ડોબરીયા (૨૩) રહસ્યમય સંજોગોમાં ગુમ થયો છે. ચીખલીની વારી કંપનીમાં નોકરી કરતો રોહિત ગત રાત્રે આશરે ૧૦ વાગ્યે દસ મિનિટમાં આવું છું કહીને પોતાનો મોબાઈલ ફોન ઘરે જ મૂકીને નીકળ્યો હતો. મોડે સુધી તે પરત ન ફરતા પરિવારે શોધખોળ આદરી હતી. આ દરમિયાન તેની પેશન પ્રો બાઈક (GJ 21 AS 5263) વાઘરેચ કાવેરી નદીના પુલ પરથી બિનવારસી હાલતમાં મળી આવી હતી.

# પારનેરા પારડી હાઈવે પર ટ્રક અડફટે બાઈક સવાર બેના મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૦ :** વલસાડ ના નેશનલ હાઈવે નંબર ૪૮ પર પારનેરા પારડી હાઈવે પર ગઈકાલે રાત્રે અજાણ્યા ટ્રક ચાલકે બાઈકને ટક્કર મારતા તેના પર સવાર ત્રણ યુવક ટ્રકના ટાયરમાં આવી જતા પૈકી બે યુવક ના ઘટના સ્થળે જ કમકમાટી ભર્યા મોત નીપજ્યા હતા જ્યારે એક યુવક ને વલસાડની સિવિલ હોસ્પિટલ બાદ સુરત સિવિલ હોસ્પિટલમાં વધુ સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. ઘટના ની જાણ થતા વલસાડ રૂરલ પોલીસી ટીમ દોડી ગઈ હતી.

વલસાડના નેશનલ હાઈવે નંબર ૪૮ પર પાનેરા પારડી હાઈવે પર ગઈકાલે રાત્રે ૧૦ કલાકે સુરતમાં રહેતા ત્રણ યુવકો માં અમન મિશ્રા, રણજીત વર્મા અને રવિકુમાર પોતાની સ્પ્લેન્ડર બાઈક નંબર GJ-05-LT-7059 પર સવાર થઈને પારનેરા પારડી પાસેના નેશનલ હાઈવે ૪૮ પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન પૂર ઝડપે દોડતી અજાણ્યા ટ્રકના ચાલકે પોતાની ટ્રક ગફલતભરી રીતે હંકારી બાઈકને પાછળથી જોરદાર અડફેટે લીધી હતી. બાઈક પર સવાર ત્રણેય યુવકો રસ્તા પર પટકાયા હતા.ટ્રકનું ટાયર ફરી વળતાં અમન મિશ્રા અને રણજીત વર્માનું ગંભીર ઈજાઓના કારણે ઘટનાસ્થળે કમ કમાટી ભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે ત્રીજા યુવક રવિકુમારના ડાબા પગ પર ટ્રકનું ટાયર ફરી વળતાં તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જ્યા બાદ અજાણ્યો ટ્રક ચાલક વાહન સાથે ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો.ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત રવિકુમારને તાત્કાલિક વલસાડ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેની ગંભીર હાલતને ધ્યાને રાખી વધુ સારવાર અર્થે સુરતની કિરણ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો છે. આ ઘટના અંગે મૃતક અમન મિશ્રાના પિતા પંકજ રમેશ મિશ્રા રહે. ગોડાદરા, સુરત ની ફરિયાદના આધારે વલસાડ પોલીસે અજાણ્યા ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે. સીસીટીવી ફુટેજના આધારે ફરાર ટ્રક ચાલકની શોધખોળ શરુ કરવામાં આવી છે.

# વલસાડ ગાંજા કેસમાં ચાર વર્ષથી વોન્ટેડ આરોપી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૦ :** વલસાડ જિલ્લા એસ.ઓ.જી. ટીમને એક મહત્વની સફળતા સાંપડી છે. વલસાડ સીટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા NDPS એક્ટના ગુન્હામાં છેલ્લા ૪ વર્ષથી નાસતા-ફરતા વોન્ટેડ આરોપીને નારાયણપંચુ જેના (ઉં.વ.૪૧)હાલ રહે. રૂમ નં. ૬, પહેલા માળે, બાબુ બિ- જેનાના રૂમમાં ભાડેથી, અમરોલી, સુરત શહેર મૂળ રહે. બલિયાસરા, ઓડિશા ની એસ.ઓ.જી.ની ટીમે સુરત શહેરના અમરોલી વિસ્તારમાંથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વલસાડ સીટી પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ છેલ્લા ૪ વર્ષથી સતત પોલીસને થાપ આપી નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડીને વલસાડ એસ.ઓ.જી. ટીમે સરાહનીય કામગીરી કરી છે.

# વાપીમાં રખડતા પશુઓમાં લમ્પી વાયરસના લક્ષણ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી , તા.૨૦ :** વાપી શહેરના મુખ્ય બજાર સહિત વિવિધ વિસ્તારોમાં રસ્તાઓ પર રખડતા ગાય અને બળદમાં લમ્પી વાયરસના લક્ષણો જોવા મળતા સ્થાનિકોમાં ચિંતા વ્યાપી છે. અનેક પશુઓ ગંભીર હાલતમાં રસ્તાઓ પર ભટકતા જોવા મળી રહ્યા હોવાથી રોગ વધુ ફેલાવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

વાપી ના મુખ્ય બજાર તેમજ નહેરું સ્ટ્રીટ અને વાપી નગરપાલિકા મુખ્ય કચેરી તેમજ હનુમાન મંદિર દેસાઈવાડ વિસ્તારમાં રખડતા ગાય બળદ તેમજ વાછરડા ઓમા કેટલાક બળદ અને ગાઈને લંપીવાયરસ નો રોગ થયો હોય તેવા ચિન્હ જોવા મળ્યા હતા જેને લઈ સ્થાનિકો ચિંતામાં મુકાયા છે જોકે આ પશુઓ માલિકીના છે કે રખડતા જેનો કોઈ માલિક ન હોય તેવા આ રોગગ્રસ્ત પશુઓની સમયસર સારવાર કે સ્થળાંતરની અસરકારક કામગીરી હાથ ધરવામાં આવી નથી. જેના કારણે અન્ય પશુઓમાં પણ ચેપ ફેલાવાનો ભય ઉભો થયો છે. મુખ્ય બજાર જેવા વ્યસ્ત વિસ્તારોમાં આવા પશુઓ ફરતા હોવાથી જાહેર આરોગ્ય અને ટ્રાફિકની સમસ્યા પણ સર્જાઈ રહી છે.

આ અંગે વલસાડ જિલ્લા પશુપાલન વિભાગ અને સંબંધિત અધિકારીઓને તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે. લમ્પી વાયરસથી પીડિત પશુઓને ઝડપી સારવાર આપવામાં આવે, તેમજ જરૂરી રસીકરણ અને આરોગ્ય તપાસ હાથ ધરવામાં આવે તેમજ રખડતા પશુઓને સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી શરૂ કરવામાં આવે તેવી વાપી નગરના લોકોની માંગ છે. જોકે વરસાદી સિઝનમાં લંપીવાયરસના કિસ્સો બહાર આવતા હોવાનું પશુપાલક દ્વારા જાણવા મળ્યું છે.

## જ્ઞાન ભારત પહેલ અંતર્ગત પાંડુલિપિ વારસાનાં સંરક્ષણ અંગે ચર્ચા

# વલસાડ-ડાંગની જનજાતીય સંસ્કૃતિના દસ્તાવેજીકરણ માટે સાંસદ ધવલ પટેલની રજુઆત

**જનજાતીય વિસ્તારોની સ્થાનિક ભાષાઓમાં રહેલી આવી વિરાસતો અને મૌખિક પરંપરાઓને પણ આ સર્વેમાં આવરી લેવામાં આવશે અને તેના પર જરૂરી સંશોધન કરી તેને ડિજિટલ સ્વરૂપે સુરક્ષિત કરવામાં આવશે**




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૨૦ :** લોકસભાના ચોમાસુ સત્ર દરમિયાન આજે સંસદમાં દેશની ભવ્ય પાંડુલિપિ (હસ્ત-ત) વિરાસતના સંરક્ષણ અને ડિજિટલાઈઝેશન અંગે ઊંડાણપૂર્વક ચર્ચા હાથ ધરવામાં આવી હતી. સંસદની કાર્યવાહી દરમિયાન અધ્યક્ષ ઓમ બિરલાની અધ્યક્ષતામાં પ્રશ્નકાળ અંતર્ગત વલસાડ-ડાંગ (ગુજરાત) સંસદીય વિસ્તારના ભારતીય જનતા પાર્ટી (BJP)ના સાંસદ ધવલભાઈ લક્ષ્મણભાઈ પટેલે જ્ઞાન ભારત પહેલ ને લઈને એક મહત્વપૂર્ણ %z રજૂ કર્યો હતો.

સાંસદ ધવલ પટેલે ગૃહમાં પ્રશ્ન પૂછતાં જણાવ્યું કે, ભારતની સમૃદ્ધ પાંડુલિપિ વિરાસતના સંરક્ષણ હેતુ શરૂ કરવામાં આવેલી જ્ઞાન ભારત પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય અને તેના પ્રમુખ ઘટકો શું છે? આ સાથે જ તેમણે પોતાના સંસદીય ક્ષેત્રનો વિશેષ ઉલ્લેખ કરતા પૂરક પ્રશ્ન કર્યો હતો કે, દક્ષિણ ગુજરાતના વલસાડ, વાંસદા, ડાંગ, ધરમપુરના વિસ્તારમાં વસતા ધોડિયા, કોકણા અને વારલી જેવા જનજાતીય (આદિવાસી) સમુદાયોની મૌખિક પરંપરાઓ અને પાંડુલિપિઓનું દસ્તાવેજીકરણ કરવા માટે શું પગલાં લેવામાં આવી રહ્યા છે? તેમણે આ પ્રક્રિયામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના ઉપયોગ અંગે પણ મંત્રી પાસે સ્પષ્ટતા માંગી હતી.

આ પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા દેશના યુવા કાર્ય અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, આપણી વિરાસત આપણને દેશની સાચી દિશા અને દર્શન બંને આપે તેમણે જ્ઞાન ભારત મિશનની પ્રગતિના આંકડા રજૂ કરતા ગૃહને માહિતી આપી કે, આ મિશન અંતર્ગત દેશમાં અત્યાર સુધીમાં ૧ કરોડથી પણ વધુ પાંડુલિપિઓનો વ્યાપક સર્વે કરવામાં આવ્યો છે. જેમાંથી અંદાજે ૮ કરોડ પાનાઓનું ડિજિટલાઈઝેશન પૂર્ણ કરી દેવામાં આવ્યું છે અને ૩ લાખ ૭૪ હજારથી વધુ હસ્ત-તોને ઓનલાઈન પોર્ટલ પર અપલોડ પણ કરી દેવાઈ છે, જેથી તે સંશોધકો માટે સુલભ બને. દક્ષિણ ગુજરાતના સંદર્ભમાં તેમણે ખાતરી આપી કે દેશના જનજાતીય વિસ્તારોની સ્થાનિક ભાષાઓમાં રહેલી આવી વિરાસતો અને મૌખિક પરંપરાઓને પણ આ સર્વેમાં આવરી લેવામાં આવશે અને તેના પર જરૂરી સંશોધન કરી તેને ડિજિટલ સ્વરૂપે સુરક્ષિત કરવામાં આવશે, જેથી આવનારી પેઢી આપણી આદિવાસી સંસ્કૃતિ અને જ્ઞાનથી માહિતગાર થઈ શકે..

સંસદ ભવનમાં ગુજરાતના આદિવાસી નેતાઓ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શિષ્ટાચાર મુલાકાત લેવાનું સૌભાગ્ય સાંપડ્યું.

આ મુલાકાત દરમિયાન અમારા આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ અને સશક્તિકરણ માટે તેમના અમૂલ્ય માર્ગદર્શનની માંગ કરી હતી. તેમનું વિઝન અને અતૂટ પ્રતિબદ્ધતા આપણને સૌને સમાજના સમાવેશી વિકાસ અને આદિવાસી ક્ષેત્રોને વધુ મજબૂત તથા સમૃદ્ધ બનાવવા માટે સતત પ્રેરણા આપે છે.

# ઉમરગામમાં કામદારોના હક્ક અને જમીન મુદ્દે મામલતદારને આવેદન

**વાંસદાના ધારાસભ્ય અનંત પટેલની આગેવાનીમાં કચેરી પર મોરચો, પ્રશ્ન ઉકેલવા ૧૦ દિવસનું અલ્ટીમેટમ**






**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૨૦ :** વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં આવેલી વિવિધ ફેક્ટરીઓ અને કંપનીઓમાં સ્થાનિક આદિવાસી, ઓબીસી તથા અન્ય સમાજના લોકો મોટી સંખ્યામાં રોજગારી મેળવે છે. જોકે કેટલીક કંપનીઓ દ્વારા કામદારોનું શોષણ કરવામાં આવતું હોવાના આક્ષેપ સાથે અકરા મારુતિ સર્કલ ખાતેથી રેલી સ્વરૂપે મામલતદાર કચેરી ખાતે પહોંચી વાંસદા ધારાસભ્ય અનંત પટેલ તથા કોંગ્રેસ આગેવાનો અને કામદારો દ્વારા મામલતદાર અને તાલુકા મેજિસ્ટ્રેટને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.આવેદનપત્રમાં જણાવાયું છે કે બિગ સેલો કંપની બંધ થવાની તૈયારીમાં છે અને કંપની દ્વારા કામદારોને કોઈ પૂર્વ નોટિસ આપ્યા વગર ધાક-ધમકી આપીને રાજીનામા લખાવવામાં આવી રહ્યા હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે. સાથે જ કાયદેસર ચૂકવણીઓ કર્યા વગર કંપનીની મશીનરી અને અન્ય સામાન સ્થળાંતર કરવાની તૈયારી ચાલી રહી હોવાનું પણ રજૂઆતમાં જણાવાયું છે.

રજૂઆતમાં માંગ કરવામાં આવી છે કે કંપની બંધ થતી હોય તો તમામ કામદારોને ત્રણ મહિનાનો એડવાન્સ પગાર, ગ્રેચ્યુઈટી, પ્રોવિડન્ટ ફંડ (PF) સહિતના તમામ કાયદેસર હક્કોનું તાત્કાલિક ચૂકવણું કરવામાં આવે અને કામદારોને ન્યાય અપાય.


આ ઉપરાંત, એક ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલી કંપની દ્વારા આદિવાસી સમાજની જમીન પર પેસા એક્ટ (PESA Act) હેઠળ જરૂરી ગ્રામસભાની મંજૂરી લીધા વગર જબરદસ્તી કામ શરૂ કરવામાં આવી રહ્યું હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મુદ્દે પણ મામલતદારને યોગ્ય કાર્યવાહી કરવા રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆતકારોએ ચેતવણી આપી છે કે જો આગામી ૧૦ દિવસમાં કંપની, કામદારો અને ગામલોકો સાથે બેઠક યોજીને પ્રશ્નોનું નિરાકરણ નહીં લાવે, તો મામલતદાર કચેરી તેમજ કંપની બહાર ધરણા-પ્રદર્શન કરવામાં આવશે.

રેલીમા જિલ્લા તાલુકા કોંગ્રેસના આગેવાનો ઉમરગામ નગરપાલિકા કોંગ્રેસના કોર્પોરેશન મનોજભાઈ તથા મોટી સંખ્યામાં કાર્યકરોની ઉપસ્થિતિ જોવા મળી હતી.

# પારડી દારૂ કેસનો વોન્ટેડ આરોપી ઝડપાયો

**પારડી, તા.૨૦ :** પારડીએક વર્ષથી ફરાર પ્રોહિબિશન કેસનો આરોપી ઝડપાયો હતો.પારડી પોલીસે બાતમીના આધારે કલસર પાતળીયા ચેકપોસ્ટ નજીક માછલીઘર પાસે દરોડો પાડવામાં આવ્યો હતો ત્યાંથી ધર્મેશભાઈ ભગુભાઈ પટેલ રહે. બગવાડા ગામ, મસ્જીદ ફળિયા, તા. પારડીને ઝડપી લેવામાં આવ્યો હતો પ્રાથમિક પૂછપરછ દરમિયાન આરોપી સામે ગણદેવી પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૫માં નોંધાયેલા પ્રોહિબિશન એક્ટ તથા ભારતીય ન્યાય સંહિતા BNSની વિવિધ કલમો હેઠળના ગુનામાં તે છેલ્લા એક વર્ષથી ફરાર હોવાનું બહાર આવ્યું હતું. ત્યારબાદ તેની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આરોપી સામે પારડી અને ડુંગરી પોલીસ સ્ટેશનોમાં -નેહિબિશન એક્ટ હેઠળ અગાઉ પણ કુલ આઠ જેટલા ગુનાઓ નોંધાયેલા છે પારડી પોલીસની આ કામગીરીને જિલ્લા પોલીસની નાસતા આરોપીઓ સામેની ઝુંબેશમાં વધુ એક મહત્વપૂર્ણ સફળતા માનવામાં આવી રહી છે.




**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**